| ૨ | ૭૨ | ૯ | ૬૩ | – | – | |
| ૩ | ૪૩ | ૩ | ૪૦ | ★★(૨૨-૨૪) ★★(૩૦-૩૨) | ૬ | |
| ૪ | ૪૨ | ૧ | ૪૧ | ★(૧-૧૫)★૩૫ | ૧૬ | |
| ૫ | ૨૯ | ૧ | ૨૮ | ★૨૯ | ૧ | |
| ૬ | ૪૭ | ૪ | ૪૩ | ★(૧૪-૧૫) ★(૩૦-૩૧)★૪૭ | ૫ | |
| ૧-૬ કુલ:(=૬) | ૨૮૦ | ૬૫ | ૨૧૫ | – | ૨૮ | (૧૩.૨%) |
| ૧૩ | ૩૪ | – | ૩૪ | ★૨,★૧૦,★૧૮ | ૩ | |
| ૧૪ | ૨૭ | ૧ | ૨૬ | (૨-૪),૧૯ (૨૬-૨૭) | ૬ | |
| ૧૫ | ૨૦ | – | ૨૦ | (૬-૭)(૧૨-★૧૫) (૧૮-૧૯) | ૮ | |
| ૧૬ | ૨૪ | – | ૨૪ | (૧૮-૨૦) | ૩ | |
| ૧૭ | ૨૮ | ૧ | ૨૭ | ૬ | ૧ | |
| ૧૮ | ૭૮ | ૭ | ૭૧ | ★(૫૪-૫૮) (૬૪-૭૦) | ૧૨ | |
| ૧૩-૧૮ કુલ:(=૬) | ૨૧૧ | ૯ | ૨૦૨ | – | ૩૩ | (૧૬.૩%) |
| | | | | | | |
| કુલ: અધ્યાય: =(૧૨) | ૪૯૧ | ૭૪ | ૪૧૭ | – | ૬૧ | (૧૪.૬%) |

## (૨) ગીતામાં સાકાર-કૃષ્ણ-તત્ત્વનું જ્ઞાન અને વિજ્ઞાન.

(a) આ વિભાગમાં સાકાર-કૃષ્ણ-તત્ત્વનું જ્ઞાન અને વિજ્ઞાન દર્શાવતા વિચારો થોડીક સ્પષ્ટતા માગી લે છે.

વિભાગ ૧માં પરંપરાગત જ્ઞાનના વિચારો સામાન્ય રીતે દર્શાવાયા છે; પણ સાકાર-કૃષ્ણ-તત્ત્વમાં મળતા પ્રથમ વિભાગ જેવા જ વિચારોમાં વિશેષ તો પ્રથમ પુરુષ (એકવચન) સર્વનામનો કે ક્રિયાપદનો પ્રયોગ જોવા મળે છે. એટલે કે વિભાગ ૧માં જે જ્ઞાન દર્શાવ્યું છે; તેને વિશિષ્ટ રીતે સાકાર-કૃષ્ણ-તત્ત્વના વિચારોમાં "હું, મારું, મારાથી" જેવાં સર્વનામોનો પ્રયોગ કરી ફક્ત સાકાર-કૃષ્ણ-તત્ત્વને જ પ્રાધાન્ય આપ્યું છે, જેમ કે

"હે ધનંજય, મારાથી વધારે ઊંચે સ્થાને બીજું કોઈ (તત્ત્વ) નથી. જેમ દોરામાં મણિ-ગણ, તેમ મારામાં આ આખું (જગત) પરોવાયું છે" (ગીતા. ૭.૭).

"પરમ (સં)સિદ્ધિએ પહોંચેલા મહાત્માઓ મારી પાસે જઈને, અશાશ્વત (અનિત્ય) અને દુઃખોના સ્થાનરૂપ પુનર્જન્મ પામતા નથી" (ગીતા. ૮.૧૫).

"જે મારામાં મન જોડીને, (મારાથી) નિત્ય-યુક્ત થઈ મને ઉપાસે છે, તે ઊંચા પ્રકારની શ્રદ્ધાવાળા, મારા "યુક્તતમ" (મને જ જોડાયેલા) મનાય છે." (ગીતા. ૧૨ઃ૨; સરખાવો ૬ઃ૪૭, ઉપર વિભાગ ૧) !

આ સાકાર-કૃષ્ણ-તત્ત્વના જ્ઞાન-વિષયક વિચારો છે.

(b) આ જ સાકાર-કૃષ્ણ-તત્ત્વનો, અમુક તત્ત્વોમાં કે પદાર્થોમાં, સાક્ષાત્કાર, દર્શન, અનુભવ કરાવતા વર્ણનમાં-શ્લોકોમાં-સાકાર-કૃષ્ણ-તત્ત્વનું વિજ્ઞાન સ્પષ્ટ થાય છે. આવા લગભગ એકેએક શ્લોકમાં પ્રથમ-પુરુષ-સર્વનામના પ્રયોગો વિશેષ તરી આવે છે. આ સાકાર—કૃષ્ણ-તત્ત્વનો સાક્ષાત્ અનુભવ થતાં. અર્જુનના અને સંજયના મુખમાં પણ એ કૃષ્ણ-તત્ત્વનાં દર્શન થયાના જ ઉદ્ગારો રહ્યા છે !

સાકાર-કૃષ્ણ-તત્ત્વના વિજ્ઞાનના (વિશેષ પ્રકારના જ્ઞાનના, સાક્ષાત્કાર, અનુભવ, દર્શન, વગેરેના) સંદર્ભમાં કોઈ વાર યોગમાયા (૭ઃ૨૫; માયાવી યુક્તિ ?) તો કોઈ વાર ઐશ્વર-યોગ (૯ઃ૫ અને ૧૧ઃ૮; અસાધારણ યુક્તિ ?), કોઈ વાર દિવ્ય આત્મ-વિભૂતિ (૧૦ઃ૧૯; પોતાની કે આત્માની અલૌકિક વિભૂતિ) કે યોગ (યુક્તિ ?) અને વિભૂતિ (૧૦ઃ૭ અને ૧૮) કે ઐશ્વર-રૂપ (૧૧ઃ૩ અને ૧૧ઃ૯ અસાધારણ રૂપ) કે આશ્ચર્ય (૧૧ઃ૬) અથવા સાકાર, અવ્યય આત્મ-સ્વરુપ (૧૧ઃ૪) જેવા પ્રયોગો થયા છે. (અહીં "યોગ" શબ્દ અસ્પષ્ટ રહ્યો છે; જુઓ ૧૦ઃ૭ = ----योगं च----योगेन युज्यते---? યોગ-શબ્દ બે વાર એક જ અર્થમાં છે કે ભિન્ન અર્થમાં ?) વિજ્ઞાન-વિચારોમાં, કોઈ કોઈ સાત્ત્વિક તત્ત્વો કે "ભાવ" (રૂપરહિત ભાવ-પદાર્થ, સંજ્ઞામાત્ર, અંતઃકરણથી અનુભવગમ્ય), તેજ, તપ,

બુદ્ધિ, સદ્‌ગુણો, તાત્ત્વિક જ્ઞાન કે જ્ઞેયની ચરમ સીમા-ગતિ, એવા પ્રકારનાં, સૃષ્ટિમાંથી મળી રહેતાં કોઈ ઉત્તમ તત્ત્વ કે પદાર્થ, તે સર્વ કાંઈ સાકાર-કૃષ્ણ-તત્ત્વના તેજના માત્ર અંશ-રૂપ જ છે (૧૦:૪૨), એવા વિશિષ્ટ જ્ઞાનનું-વિજ્ઞાનનું- અહીં (ગીતા-૭-૧૨ અધ્યાયોમાં) દર્શન કરાવ્યું છે, જેમ કે :

"હે કૌન્તેય, હું જળતત્ત્વમાં રસ (પ્રવાહી ગુણ) છું; સૂર્ય-ચંદ્રની પ્રભા (પ્રકાશ) છું, સર્વે વેદોમાં પ્રણવ (ૐકાર) છું, આકાશતત્ત્વમાં શબ્દ (ગુણ) છું. પવિત્ર જાણવા-લાયક (નપું ? વસ્તુ ?) ૐકાર ("ૐ" એવું 'ઓમ્' બોલાતા શબ્દનું ચિહ્ન), તથા ઋક્, સામ અને યજુઃ પણ હું છું." (૯:૧૭).

"મહર્ષિઓમાં હું ભૃગુ છું, વાણી (બ.વ.)માં હું "એક-અક્ષર" (ઓમ્ ?) છું, યજ્ઞોમાં હું જપ-યજ્ઞ છું. અને સ્થાવર (સ્થૂલ) પદાર્થોમાં હું હિમાલય છું." (૧૦:૨૫).

"હે પાર્થ, વિવિધ-પ્રકારનાં, દિવ્ય (અલૌકિક, દૈવી), વિવિધ વર્ણ (રંગ) અને આકારવાળાં મારાં સેંકડો-ગણાં અને હજાર-ગણાં (=લાખો-ગણાં ?) (સ્વ)રૂપો, તું જો." (૧૧:૫).

(c) વિભાગ ૨, ગીતા અધ્યાય ૭-૧૨ના સાકાર-કૃષ્ણ-તત્ત્વના જ્ઞાન-વિજ્ઞાનના શ્લોકો ટેબલ ૨માં દર્શાવ્યા છે. સમગ્ર ગીતામાં આવા કુલ ૨૦૯ (૨૯.૯%) શ્લોકો છે. ગીતા અધ્યાય ૭-૧૨માં, સાકાર-કૃષ્ણ-તત્ત્વના જ્ઞાન-વિષયક કુલ ૧૧૬ (અર્જુન મુખે ૫ + ૧૧૧ = ૧૧૬ = ૫૫.૫%) શ્લોકો અને સાકાર-કૃષ્ણ-તત્ત્વના વિજ્ઞાન-વિષયક કુલ ૯૩ (સંજય મુખે ૮ + અર્જુન મુખે ૩૮ + કૃષ્ણ મુખે ૪૭ = ૯૩ = ૪૪.૫%) શ્લોકો મળે છે.

વિજ્ઞાન-શબ્દ ગીતામાં જ્ઞાન-શબ્દ સાથે પાંચ વાર પ્રયોજાયો છે. તેમાં ત્રણ વાર (ગીતા ૩:૪૧. गीता-विज्ञान-नाशन, ગીતા. ૬:૮ ज्ञान-विज्ञान-तृप्तात्मा અને ગીતા. ૧૮:૪૨: ज्ञान-विज्ञान, ब्रह्मकर्म તરીકે) વપરાયો છે. તે વિજ્ઞાન શું છે, તેની સ્પષ્ટતા અહીં થઈ નથી, થઈ શકતી નથી). ગીતા પરનાં લગભગ બધાં ભાષ્યો અહીં વિજ્ઞાન-શબ્દ, "અનુભવ, સ્વાનુભવ" વગેરે અર્થમાં લે છે. પરંતુ, ગીતા ૭:૨માં અને ૯:૧માં જ્ઞાન-વિજ્ઞાન શબ્દો કૃષ્ણના મુખે લગભગ સમાન ભાવાર્થમાં મળી આવે છે; જેમ કે

૭:૨- ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्यामि------यज्ज्ञात्वा------

૯:૧- इदं तु ते गुह्यतमं प्रवक्ष्यामि------ज्ञानं विज्ञान-सहितं यज्ज्ञात्वा

તે ઉપરાંત, ગીતામાં આ બંને સ્થળે સાકાર-કૃષ્ણ-તત્ત્વના જ્ઞાનના વિચારોની સાથે સાથે ગીતા ૭:૩ થી સાકાર-કૃષ્ણ-તત્ત્વના વિજ્ઞાનના વિચારોનો પ્રારંભ થયો છે. (જુઓ એકમ ૨). તેમાં ખાસ વિજ્ઞાનના ૮-૧૧ શ્લોકો મળે છે. સાતમા અધ્યાયના અંતે બ્રહ્મ, કર્મ અને અધ્યાત્મ (૨૯) તથા અધિદૈવ, અધિયજ્ઞ, વગેરે (૩૦) તત્ત્વો વિશે અર્જુનને જીજ્ઞાસા થતાં (૮:૧-૨) આઠમા અધ્યાયમાં (૩-૨૮) સાકાર-કૃષ્ણ-તત્ત્વના જ્ઞાન-પરક વિચારો વણી લીધા છે. (જુઓ આગળ એકમો: ૨-૪), આથી સાતમા અધ્યાયના ૮-૧૧ શ્લોકોમાં શરૂ થયેલા વિજ્ઞાન-પરક વિચારોને, ત્યાર પછી કે આઠમા અધ્યાયમાં અવકાશ મળી શક્યો નથી.

## ટેબલ ૨
## ગીતામાં સાકાર-કૃષ્ણ-તત્ત્વનું જ્ઞાન અને વિજ્ઞાન.
### અધ્યાય ૭-૧૨

| ગીતા | કુલ શ્લોકો | સંજયના મુખે કૃષ્ણ-તત્ત્વના | | | અર્જુનના મુખે કૃષ્ણ-તત્ત્વના | | | "સાકાર-કૃષ્ણ-તત્ત્વના મુખે સાકાર-કૃષ્ણ-તત્ત્વ-પરક | | | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અધ્યા. | | જ્ઞાન શ્લોકો | વિજ્ઞાન શ્લોકો | કુલ | જ્ઞાન શ્લોકો | વિજ્ઞાન શ્લોકો | કુલ | જ્ઞાન શ્લોકો | વિજ્ઞાન શ્લોકો | કુલ | સરખાવો શ્લોકો |
| ૭ | ૩૦ | – | – | – | – | – | – | ૧-૭, ૧૨-૩૦, =૨૬ | ૮-૧૧ =૪ | ૩૦ | ૬=૧૦-૮ ૭=૯.૪ ૧૫=૯.૩ ૨૪, ૨૫ = ૯.૧૧ |
| ૮ | ૨૮ | – | – | – | ૨ =૨ | – – | ૨ | ૩-૨૮ =૨૬ | – | ૨૬ | ૧૨=૧૦.૫ ૧૪=૯.૧૨, ૧૧.૫૪ |
| ૯ | ૩૪ | – | – | – | – | – | – | ૧-૧૫, ૨૦-૩૪ =૩૧ | ૧૬-૧૯ =૩ | ૩૪ | ૩=૭.૧૫ ૪=૭.૭ ૧૧=૭.૨૪-૨૫ ૨૨=૮. ૧૪, ૧૧.૫૪ ૨૪=૧૮.૬૫ |
| ૧૦ | ૪૨ | – | – | – | – | ૧૨-૧૮ =૭ | ૭ | ૧-૩, ૮-૧૧ =૭ | ૪-૭ ૧૯-૪૨ =૨૮ | ૩૫ | ૫=૮.૧૨ ૮=૭.૬ |
| ૧૧ | ૫૫ | – | ૯-૧૪, ૩૫,૫૦ =૮ | ૮ | ૧-૨ =૨ | ૩-૪ ૧૫-૩૧, ૩૬-૪૬ ૫૧ =૩૧ | ૩૩ | ૫૪-૫૫ =૨ | ૫-૮ ૩૨-૩૪ ૪૭-૪૯, ૫૨-૫૩ =૧૨ | ૧૪ | ૫૪=૮.૧૪, ૯.૨૨ |
| ૧૨ | ૨૦ | – | – | – | ૧ =૧ | – | ૧ | ૨-૨૦ =૧૯ | – | ૧૯ | – |
| કુલ ૭-૧૨ | ૨૦૯ | – | ૮ | =૮ | ૫ | ૩૮ | =૪૩ | ૧૧૧ | ૪૭ | =૧૫૮ | – |

**નોંધ** : અધ્યાય ૮ : સરખાવો ૯ = ઈશ ઉપ. ૮, કઠ ઉપ. ૩-૨૦, મુંડક ઉપ. ૩-૧-૭, શ્વે. ઉપ. ૩-૮

સરખાવો ૧૧, ૧૩, ૧૪ = કઠ ઉપ. ૨.૧૨; શ્વે. ઉપ. ૧૬-૧૭

ગીતા. ૭-૧૨. જ્ઞાન-વિષયક કુલ શ્લોકો ૧૧૬; ૫૫.૫%

વિજ્ઞાન-વિષયક કુલ શ્લોકો ૯૩; ૪૪.૫%

સમગ્ર ગીતામાં અધ્યાય ૭-૧૨=૨૦૯ શ્લોકો =૨૯.૯%

---

સાકાર-કૃષ્ણ-તત્ત્વના આવા જ્ઞાન અને (વિશેષ તો) વિજ્ઞાનને ગીતામાં રાજવિદ્યા (રાજાઓની, ક્ષત્રિયોની વિદ્યા) રાજગુહ્ય (રાજાઓમાં, ક્ષત્રિયોમાં જ ગુહ્ય-ગુપ્ત રાખવા યોગ્ય, એ રીતે ફેલાયેલી સરખાવો ગીતા ૪:૧-૩) અને ગુહ્યતમ (ખુબ ગુહ્ય રાખવા યોગ્ય) જણાવીને વર્ણન થયું છે (જુઓ ગીતા ૯:૧-૨, ૧૦:૧ ગુહ્ય, ૧૧:૧ ગુહ્ય, ૧૪:૧ સર્વજ્ઞાનોમાં ઉત્તમ જ્ઞાન, ૧૮:૬૩ ગુહ્યથી પણ વધારે ગુહ્ય, ૧૮-૬૪ સર્વગુહ્યમાં ગુહ્યતમ). સાકાર-કૃષ્ણ-તત્ત્વના વિજ્ઞાનની શરૂઆત ગીતાના નવમા અધ્યાયથી થતાં, વિજ્ઞાનને અહીં "પ્રત્યક્ષ જાણી શકાય એવું" (૯:૨ प्रत्यक्षावगम ) કહ્યું છે. આગળ ચાલતાં, દસમા અધ્યાયમાં ફરીથી (૧૦:૧. भूय एव---) સાકાર-કૃષ્ણ-તત્ત્વનાં વિભૂતિ અને યોગના નામે વિજ્ઞાનનો પરિચય મળે છે. (માઈકરે, ગીતા અધ્યાય ૧૦ (વિભૂતિ, યોગ)નું કાંઈક સામ્ય ઋગ્વેદ ૬.૪૭.૧૮ (ઇંદ્ર), ૧૧. ૯૬. ૬ અને ૧૮ (સોમ), ૧. ૧૬૪. ૪૬ (દીર્ઘતમા ઔચથ્ય) અને ૪. ૨૬. (વામદેવ)માં દર્શાવ્યું છે.) સાકાર-કૃષ્ણ-તત્ત્વના વિજ્ઞાનમાં વિભૂતિ અને યોગનો અનુભવ કરાવતી (૧૦:૧૮-૧૯). "પરમ વાણી" (૧૦:૧ परमं वचः-----) અર્જુન માટે પણ પરમ ગુહ્ય અને આધ્યાત્મિક નીવડી, તેનાથી તેનો મોહ દૂર થતાં, તેને સાકાર-કૃષ્ણ-તત્ત્વના ઐશ્વર-રૂપનાં, "અવ્યય આત્મસ્વરૂપ" વિજ્ઞાનનાં દર્શન અગીયારમા અધ્યાયમાં થયાં (જુઓ ૧૧:૧-૪). આ પ્રકારનો પ્રત્યક્ષ અનુભવ, સાકાર-કૃષ્ણ-તત્ત્વની અનન્ય ભક્તિથી શક્ય છે, તેમ જણાવી (૧૧:૫૪ भक्त्या त्वनन्यया शक्यः+ अहमेवं-વિધઃ=-----ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च આ શ્લોકમાં शक्य अहमेवंविधः---ની વિશેષ સંધિ છંદભંગને કારણે તો નહીં રહી ગઈ હોય ?), એવા સાકાર-કૃષ્ણ-તત્ત્વને, ગીતાના અધ્યાય ૭-૧૧માં દર્શાવેલા જ્ઞાન-વિજ્ઞાનથી તાત્ત્વિક રીતે "જાણવા, **દર્શન કરવા** અને કૃષ્ણ-તત્ત્વમાં પ્રવેશવા (?)" બારમા અધ્યાયની-અનન્ય ભક્તિની-પ્રસ્તાવના કરીને અગીયારમો અધ્યાય પૂરો થયો. અહીં (૧૧:૫૪), જ્ઞાન (સરખાવો ज्ञातुम्)ની સાથે દર્શન (સરખાવો द्रष्टुम्) શબ્દ विज्ञान સૂચવે છે. કે કેમ તે, તથા "પ્રવેશ કરવા" (प्रवेष्टुम्) જેવા પ્રયોગ અસ્પષ્ટ રહ્યા છે.

ટૂંકમાં, ગીતાના ૭-૧૨ અધ્યાયો જ્ઞાન-વિજ્ઞાન વિચારોની સાંકળથી જોડાયેલા હોય એમ રહ્યા છે. ગીતામાં સાકાર-કૃષ્ણ-તત્ત્વના જ્ઞાન-વિજ્ઞાનના વિચારો દર્શાવતા આ છ અધ્યાયો એક ભિન્ન સમૂહ હોય એમ રચાયા છે. તેવા વિચારો ગુપ્ત સમયમાં (ઈ.સ.ની લગભગ ૪થી ૫મી સદીમાં) વિકસી ચૂક્યા હતા. ગીતા-૧૧:૪૬નું ચતુર્ભુજ-રૂપ શિલ્પ-સ્થાપત્યની

દૃષ્ટિએ ગુપ્ત સમયનું સૂચન કરે છે.

ગીતામાં ૧૦:૨૫નો (---स्थावराणां हिमालयः----) ઉલ્લેખ કાલિદાસે कुमारसम्भव ૬.૬૭માં (स्थाने त्वां स्थावरात्मानं विष्णुमाहुः----! સરખાવો વલ્લભદેવ અને મલ્લિનાથ - ---स्थावर-रूपिणं----"स्थावराणां हिमालयः" इति સરખાવો ગાર્બે ૫૮) કર્યો છે.

(૩) **ગીતા—સમગ્રના પરંપરાગત વિભાગ :-**

ઉપર જણાવ્યા મુજબ, ગીતા—**સમગ્રનું પ્રથમ દૃષ્ટિએ** વિશ્લેષણ કરી તેના ૧૮ અધ્યાયોને કુલ બે વિભાગમાં જેમ કે, વિભાગ ૧ = અધ્યાય ૧-૬ અને ૧૩-૧૮ તથા વિભાગ ૨ = અધ્યાય ૭-૧૨, એ મુજબ વહેંચ્યા છે. તે રીતે ગીતા-પરંપરામાં પણ ગીતાના ૧૮ અધ્યાયોને કુલ ત્રણ સમૂહમાં, જેમ કે અધ્યાય ૧-૬, અધ્યાય ૭-૧૨, અને અધ્યાય ૧૩-૧૮ એ પ્રમાણે વહેંચી દરેક અધ્યાય-સમૂહને અનુક્રમે કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ, એવાં નામ આપવામાં આવ્યાં છે. ગીતાની આવી પરંપરામાં ગીતાના વિશ્લેષણનો હેતુ તો ન જ હોઈ શકે, પણ ગીતાના અધ્યાયોને આમ ત્રણ સમૂહમાં વહેંચવા પાછળ એટલું તો નિશ્ચિત કહી શકાય કે ગીતાગ્રંથની ચાલી આવતી પરંપરામાં પણ ગીતા એક જ વિષયના - કર્મયોગના - નિબંધ પૂરતી મૌલિક રહી શકી નથી; પણ તેમાં સાકાર-કૃષ્ણ-તત્ત્વનાં જ્ઞાન-વિજ્ઞાન અને ભક્તિ (અધ્યાય ૭-૧૨), ઉપરાંત સાકાર-કૃષ્ણ-તત્ત્વના જ્ઞાનની સાથે સાથે તેની પૂર્વે ચાલ્યા આવતા પરંપરાગત જ્ઞાન (અધ્યાય ૧૩-૧૮) જેવા વિચારો પણ વિશેષ તરી આવે છે. ગીતાના તાત્ત્વિક વિચારો સરળ, આકર્ષક વ્યવહારુ અને આદરણીય થતાં કાળક્રમે તેમાંની શ્લોક-વિચાર-વૃદ્ધિ સ્વાભાવિક છે, પણ તે મૌલિક ન હોઈ શકે. કુરુક્ષેત્રના યુદ્ધના મેદાનમાં, યુદ્ધની તૈયારીની પળોમાં અર્જુનને ભક્તિનો કે જ્ઞાનનો બોધ કરતાં કર્મયોગનો બોધ આવશ્યક હતો; જે આપણને ગીતાના પ્રારંભમાં જ મળી આવે છે; તે કેમ મૌલિક ન હોય ? ગીતામાં આવા કર્મયોગની, ખાસ કરીને અધ્યાય ૧-૬માં પણ, વિશેષ તો અધ્યાયો ૨-૬માં જ ગીતાની મૌલિક્તા શોધવી રહી, જેનું સૂચન કાંઈક સમાંતર જતા ૩:૩૫ અને ૧૮:૪૭ શ્લોક દ્વારા પણ થાય છે. (श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात्----) જેમાં ૩:૩૫ શ્લોકોનો મૂળ ઉત્તરાર્ધ ૧૮:૪૭માં જુદો કરી દીધો છે !

ગીતા ૧-૬ અધ્યાયોના પરંપરા-ગત જ્ઞાન કે કર્મના વિચારો લગભગ ઈ.સ.ની બીજી સદીથી પહેલાંના હોય એવું માની ન શકાય. બૌદ્ધોના संयुत्त ૪:૧-૨૦૪ની અસર ગીતા ૨:૧૪માં (સરખાવો : मात्रा-स्पर्शाः, शीतोष्ण..., आगमापायिन्, अनित्य) સ્પષ્ટ છે. ગીતાના કેટલાક શ્લોકોની સાથે સમાંતર જતા કઠ ઉપ. (જેમકે ૨.૧૦) સિવાય અન્ય ઉપનિષદોમાં આવી પરિભાષા નથી. ગીતાના સાંખ્યવિચારો ઔપનિષદકાલીન છે, તે સમયે **પાતંજલ** યોગશાસ્ત્ર અસ્તિત્વમાં નહોતું.

ગીતા ૧૩-૧૮ અધ્યાયોમાં અધ્યાય ૧૩મો, અધ્યાય ૧૪માની પ્રસ્તાવનારૂપે જોડી દેવામાં

આવ્યો છે. ૧૩મા અધ્યાયમાં સાકાર કૃષ્ણ-તત્ત્વના પ્રક્ષિપ્ત શ્લોકોને દૂર કરવા છતાં તેના વિષયોમાં સાતત્ય જળવાયું નથી, આ વિષે અમે વિસ્તારથી આગળ એકમ ૫માં વિવેચન કર્યું છે. ૧૫મા અધ્યાયમાં ત્રણ વિવિધ વિષયોનો વિચાર છે, જેમ કે (૧-૫), (૬-૧૫, ૨૦) અને (૧૬-૧૯), તે રીતે ૧૬મા અધ્યાયમાં બે વિષયોનો વિચાર છે, જેમકે (૧-૭, ૨૧-૨૪) અને (૧૮-૨૦), વળી અહીં संपद् જેવો ક્લિષ્ટ પારિભાષિક શબ્દ **કૌટિલ્ય**ના અર્થશાસ્ત્રમાં આવતા તેવા શબ્દ સાથે સરખાવી શકાય. (ઉપરાંત संपद् નો अभिजात જેવા બીજા પરિભાષિક શબ્દ સાથે કેવી રીતે સંબંધ બાંધવો તે જુદું વિવેચન માગી લે છે !) કૌટિલ્યના અર્થશાસ્ત્રની કેટલીક પરિભાષાઓ ગીતામાં પણ મળે છે. (જેમ કે उदासीनवद्-आसीन-ગીતા ૯:૯, ૧૪:૨૩, વગેરે).

પ્રસ્તુત વિષયને અહીં સામેટી, હવે ગીતાના ૭, ૮, ૧૩ અને ૧૫મા અધ્યાયમાંથી મળેલા કુલ પાંચ શ્લોક-સમૂહો પર વિવેચન કરીશું.

## II ગીતામાં તાત્ત્વિક વિચારોનાં વિવિધ એકમો :

ગીતામાં મળતા તત્ત્વજ્ઞાનના વિચારોમાં ખાસ કરીને સાંખ્ય, બૌદ્ધ-જૈન અને ઔપનિષદ વિચારોની સાથે ઓછામાં ઓછાં ત્રણ ચેતન તત્ત્વોની અસર જણાય છે. અહીં અમે આવા વિચારોનો કાંઈક પરિચય આપવા માગીએ છીએ. અમારું આ માટેનું વિવેચન મૂળ મુદ્દા પૂરતું જ મર્યાદિત રહેશે. આવા વિચારો ગીતામાંથી કોઈ કોઈ ઠેકાણે પ્રાપ્ત થાય છે, આ ઠેકાણે ગીતાએ તે તે વિચારોને ૨ કે ૨થી વધારેમાં વધારે ૫ શ્લોકોના એકમરૂપે સમૂહમાં ગુંથ્યા છે, આવાં કુલ પાંચ એકમો અમે અહીં દર્શાવી તે પર સંક્ષેપમાં વિવેચન કરીશું. આ એકમો ગીતામાં ચાલ્યા આવતા અધ્યાય પ્રમાણે ગોઠવ્યા છે, પરંતુ ગીતાના ૧૫મા અધ્યાયના ૧૬-૧૮ શ્લોકો તાત્ત્વિક દૃષ્ટિએ અને પરિભાષાની દૃષ્ટિએ સૌ કરતાં ભિન્ન જેવા જણાઈ આવતાં તે એકમને અમે પ્રથમ સ્થાન આપ્યું છે.

### (૧) એકમ-૧ : ગીતા. ૧૫:૧૬-૧૮

(a) ૧૫:૧૬ द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥

૧૫:૧૭ उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥

૧૫:૧૮ यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

૧૫:૧૬ कूटस्थ = (कूट કપાળ, માથું, स्थ = રહેવું તે); ઊંચે સ્થાને રહેલો, ઊંચી, ભૂમિકાએ રહેલો, અચળ, અવિકારી,

क्षर = નાશવંત.

अ-क्षर = અવિનાશી.

पुरुष = ચેતનતત્ત્વને તાત્ત્વિક ભાષામાં પુરુષ કહે છે; શુદ્ધ ચેતન તત્ત્વ.

भूत = (૧) ઉત્પન્ન થયેલાં ભૌતિક તત્ત્વો.

(૨) જન્મેલાં પ્રાણીઓ, મનુષ્યો વગેરે.

૧૫:૧૭ अन्य = જે કાંઈ આગળ દર્શાવ્યું હોય તેનાથી ''બીજું', ''જુદું''.

आविश्य, आ + √विश् :—માં પ્રવેશવું (અને જેમાં પ્રવેશવાનું હોય તેની ઉપર સત્તા રાખવી),

अव्यय = અવિકારી, ફેરફાર કે વિકાર વગરનું.

ईश्वर = શાસન કરનાર.

बिभर्ति, √भृ ધારણ કરવું, ટકાવવું,

૧૫:૧૮ अतीत, = દૂર ગયેલો, કોઈ વસ્તુથી કે બાબતથી જુદો, ઊંચે દરજ્જે પહોંચેલો.

(''લોકમાં આ બે પુરુષ છે, ક્ષર અને અક્ષર જ. ક્ષર સર્વે ભૂતો છે, અક્ષર કૂટસ્થ કહેવાય છે (૧૬). ઉત્તમ પુરુષ (તો) બીજો (જુદો), પરમાત્મા તરીકે નિર્દેશ્યો છે, જે અવ્યય અને ઈશ્વર, (ત્રણે લોકમાં) પ્રવેશી, (તે)ત્રણે લોકને ધારણ કરે છે (૧૭). કારણ કે, હું (કૃષ્ણ) ક્ષરથી અતીત (દૂર, જુદો) અને અક્ષરથી પણ ઉત્તમ છું. આથી લોકમાં અને વેદમાં પુરુષોત્તમ તરીકે જાણીતો છું (૧૮).")

ગીતાના ૧૫:૧૬માં તાત્ત્વિક પરિભાષાનો અસમાન્ય પ્રયોગ થયો છે.

(૧) સામાન્ય રીતે તત્ત્વજ્ઞાનમાં અને ખાસ કરીને સાંખ્ય વિચારધારામાં પુરુષ શબ્દ ફક્ત ચેતન, અવિકારી કે અવિનાશી અક્ષર તત્ત્વ માટે યોજાય છે. પરંતુ ૧૫:૧૬માં ક્ષર (વિકારી) સાથે પુરુષ શબ્દ યોજાયો છે.

(૨) સામાન્ય રીતે તત્ત્વજ્ઞાનમાં પુરુષથી (જીવોથી), અથવા અચેતન તત્ત્વથી, બીજા ઉપરી ચેતનને પુરુષોત્તમ કે એવી કોઈ જુદી સંજ્ઞા આપવામાં આવે છે. પરંતુ અહીં ૧૫.૧૬માં બે પુરુષ થી જુદા તત્ત્વને પુરુષોત્તમ કહ્યું છે.

ગીતાના ૧૫મા અધ્યાયના આ શ્લોકોનો સંબંધ, તે જ અધ્યાયના ૧-૧૫ શ્લોકો સાથે જોડી શકાય એવું નથી. ૧-૧૫ શ્લોકોમાં ખાસ વિશ્વરૂપદર્શન, સ્તુતિ, અને સાકાર-કૃષ્ણ-રૂપ ચેતનનું વર્ણન છે, જ્યારે ૧૬-૧૮ શ્લોકોનો વિષય જુદો થઈ જાય છે.

તત્ત્વજ્ઞાનની પરિભાષાથી સ્વતંત્ર રીતે ગીતાએ ૧૫.૧૬માં પુરુષ શબ્દ સામાન્ય રીતે કે કોઈ વિશિષ્ટ પરિભાષામાં યોજ્યો છે તેનો નિર્ણય આવશ્યક છે. એ માટે ગીતા-૧૫.૧૬-૧૮ના શ્લોક-સમૂહના એકમનું વિશ્લેષણ નીચે જણાવ્યા મુજબ કરવાનું રહે છે.

(b) આ સમૂહના શ્લોકોમાં કુલ **ચાર મુદ્દાનું** વર્ણન અવે છે; જેમ કે

| | | | |
|---|---|---|---|
| ૧. | ક્ષર પુરુષ | સર્વ ભૂતો છે. | (૧૫.૧૬) |
| ૨. | અક્ષર પુરુષ | કૂટસ્થ છે. | |
| ૩. | અન્ય ઉત્તમ પુરુષ<br>ત્રણે લોકમાં વ્યાપ્ત,<br>ત્રણે લોકને પાળનાર,<br>અવ્યય, ઈશ્વર | "પરમાત્મા" છે. | (૧૫.૧૭) |
| ૪. | ક્ષરથી અતીત,<br>અક્ષરથી ઉત્તમ<br>"હું" (કૃષ્ણ) | "પુરુષોત્તમ" | (૧૫.૧૮) |

ઉપરના મુદ્દા (૧)માં "ભૂતો" (भूतानि ૧૫:૧૬) શબ્દથી "ભૌતિક તત્ત્વો," કે જીવંત પ્રાણી સમૂહ", કે પછી તે બન્ને : "જીવંત પ્રાણી સમૂહ સાથે સાથે ભૌતિક તત્ત્વો"; એવા ત્રણ અર્થમાંથી અહીં કયા અર્થ માટે "भूतानि" શબ્દ યોજાયો છે, તે પણ જણાવવું આવશ્યક છે.

આ ક્ષર તત્ત્વને ગીતા ૮:૪માં અધિભૂત કહ્યું છે (જુઓ આગળ એકમ ૨); અધિભૂત એટલે ભૌતિક તત્ત્વોનો આધાર, ભૌતિક તત્ત્વમાં રહેલો ચેતન-અંશ. સર્વ ભૂતોમાં આત્મા–ચેતન તત્ત્વ–રહ્યો છે તેમ ગીતા. ૬:૨૯ ("सर्वभूतस्थमात्मानम्...) દર્શાવે છે. તે ચેતનને ગીતા ૨:૨૨માં દેહી–દેહ ધારણ કરનાર–જીવાત્મા તરીકે જણાવે છે, જેનાં શરીર જન્મે જન્મે બદલાય છે; આ જીવાત્મા સાકાર–કૃષ્ણ–તત્ત્વનો ચેતન–અંશ જીવલોકમાં જીવ–રૂપે થયો છે તેમ જણાવ્યું છે (૧૫:૭ ममैवांशो जीवलोके जीवभूतः); તથા આ જીવરૂપે થયેલું ચેતન તત્ત્વ સર્વભૂતોનું કારણ છે, અને આ સર્વ કાંઈ ધારણ કરી રહ્યું છે (ગીતા–૭:૫–૬; જુઓ આગળ એકમ ૨). તે અવિભક્ત છતાં જુદા જુદાં ભૂતોમાં–ભૌતિક તત્ત્વોમાં–જાણે કે વિભક્ત થયું હોય તેમ રહે છે. (ગીતા ૧૩:૧૬ अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।). આ ચેતન તત્ત્વને ઉપનિષદોમાં "ભૂતાત્મા" કહ્યો છે (મૈત્રાયણીય ઉપ. ૩). ચેતન–તત્ત્વના જ્ઞાન વગર ભૌતિક તત્ત્વોમાં રહીને આ ભૂતાત્મા–જીવાત્મા–અનેક જન્મ ધારણ કરે છે (સરખાવો=... जीवभूतः... मनः षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ।"...જીવાત્મા ...પાંચ ઇંદ્રિયો સાથે છઠ્ઠા મનને આકર્ષી લે છે અને તે સાથે નવાં નવાં શરીર ધારણ કરે છે. ગીતા ૧૫:૭–૮).

આમ, ઉપરના શ્લોક–સમૂહમાં, ક્ષર તત્ત્વમાં સર્વ ભૂતોનો, કે સર્વ ભૂતાત્માનો, કે જીવાત્માનો સમાવેશ કર્યો છે; તે એક રીતે પુરુષ તત્ત્વનો કે ચેતન તત્ત્વનો જ પ્રકાર છે, તેવું સૂચવે છે. તેથી, અહીં "भूतानि"(૧૫:૧૬) એટલે ભૂતો, ભૂતાત્મા", અથવા તો ભૌતિક તત્ત્વો સાથેનો ભૂતાત્મા". મૂળે અક્ષર તત્ત્વની અપેક્ષાએ આ ક્ષર તત્ત્વ વિકારી છે. (જુઓ ગીતા ૧૩.૬). પરંતુ અહીં જો "भूतानि"=ફક્ત "ભૌતિક તત્ત્વો", એવો અર્થ લેવામાં આવે તો "ભૌતિક તત્ત્વો"ને પુરુષ તરીકે ઓળખાવ્યાં હોય એવો ઉલ્લેખ ગીતા ૧૫:૧૬ સિવાય કોઈ ભારતીય

તત્ત્વજ્ઞાનની વિચારધારામાં મળી આવતો નથી. જો કે ક્ષર અને અક્ષર સાથેના પુરુષ શબ્દના પ્રયોગની જેમ પ્રકૃતિ શબ્દનો પ્રયોગ પણ આ રીતે બંને પ્રકારનાં (ચેતન અને અચેતન) તત્ત્વો સાથે જોવા મળે છે, તે આગળ ઉપર દર્શાવવામાં આવશે (જુઓ એકમ ૨).

અમને એમ જણાય છે કે ૧૫:૧૬માં "भूतानि"="ભૌતિક(અચેતન) તત્ત્વો" જેવો અર્થ ગીતાને માન્ય નહીં હોય; અને ઉપર્યુક્ત જે અન્ય અર્થ ગીતામાં અને અન્ય ભારતીય વિચારધારામાં મળી આવે છે; તે ગીતાને માન્ય જણાય છે. મોદી(૬૦૮) પણ આવો જ અર્થ લે છે.

આવા પ્રકારની, બે પુરુષ ચેતન—તત્ત્વની વિચારધારા મુંડક ઉપનિષદમાં (૩:૧—૩) મળી આવે છે; જેમ કે

૩.૧ द्वा सुवर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।

૩.૨ समाने वृक्षे **पुरुषो**... अनीशया... शोचति मुह्यमानः ।

...यदा पश्यत्यन्यमीशमस्य...इति वीतशोकः ॥

૩.૩ यदा पश्यः पश्यते...ईशं **पुरुषं** ब्रह्मयोनिम् ।
तदा विद्वान्...परमं साम्यमुपैति ॥

["બે સુંદર પાંખવાળા, (મૈત્રીથી) જોડાયેલા, મિત્રો (सखा=સરખા નામવાળા). સમાન વૃક્ષે રહે છે... (૧) સમાનવૃક્ષ ઉપર पुरुष "અનીશાથી" ("માયા", ઈશ-વિનાની, સ્વતંત્ર ?) મુંઝાતો શોક કરે છે. જ્યારે બીજા (જુદા) એના ઈશને જુએ છે; એ રીતે તે શોક વગરનો છે (૨). જ્યારે દ્રષ્ટા ... બ્રહ્મયોનિ (?) ઈશ पुरुषને જુએ છે ત્યારે તે (દ્રષ્ટા) વિદ્વાન્ (ઈશનું) પરમ સામ્ય પામે છે (૩)."]

અહીં બે "પક્ષીઓ"માં; એક જીવાત્મા છે; તેને पुरुष કહ્યો છે (૨). અને બીજો ઈશ, બ્રહ્મયોનિ છે, તેને પણ पुरुष કહ્યો છે (૩). તે બે પુરુષ જ ગીતા ૧૫:૧૬ ક્ષર-પુરુષ જીવાત્મા, અને અક્ષર પુરુષ કૂટસ્થ, પરમાત્મા સાથે સરખાવી શકાય. ૧૫:૧૬માં આવતા પુરુષના વર્ણનની વિશદતા માટે તે બે પુરુષનું આલેખન કાંઈક નીચે મુજબ કરી શકાય.

## ટેબલ ૩ : ગીતા ૧૫:૧૬ બે પુરુષો : ક્ષર અને અક્ષર




A. અક્ષર પુરુષ વર્તુળ ૧ અચળ, કૂટસ્થ

a. ક્ષર પુરુષ વર્તુળ ૨. સર્વે ભૂતો, જીવાત્મા, વગેરે.

અહીં a=ક્ષર પુરુષ. (વર્તુળ ૨) : સર્વે ભૂતો, જીવાત્મા. વગેરે
મૂળ A=અક્ષર પુરુષ (વર્તુળ ૧)માં ઉદ્ભવ પામેલાં તત્ત્વો છે.
a. માંનાં ભૌતિક અને જીવાત્મારૂપ તત્ત્વોની પૃષ્ઠભૂમિમાં પ્રકૃતિ તત્ત્વ કારણભૂત છે. પરંતુ,

૧૬મા શ્લોકના પુરુષો માટેનું મૂળ આલેખન વધુ પારદર્શી રહે તે માટે પ્રકૃતિ તત્ત્વના નિદર્શનને અહીં સ્થાન નથી આપ્યું.

આમ છતાં, સર્વે ભૂતાત્મા કે જીવાત્મા અહીં (૧૫:૧૬માં) તેમની મુક્તાવસ્થામાં પણ શાશ્વત કે સનાતન જીવાત્મા રૂપે જ છે કે તે (બ્રહ્મ કે પરમાત્મા કે એવા કોઈ) સર્વવ્યાપી મૂળ ચેતનરૂપે છે, એ બાબતની સ્પષ્ટતા આ લેખમાં પ્રસ્તુત નથી. ગીતામાં તેનાથી જુદી વિચારધારા સ્પષ્ટ છે; જીવાત્મા મુક્તાવસ્થામાં પણ જીવાત્મા સ્વરૂપે–સનાતન અંશરૂપે રહે છે. (ગીતા ૧૫:૭)

ઉપર્યુક્ત મુદ્દા (૨)માં અક્ષર–પુરુષને કૂટસ્થ કહ્યો છે (૧૫:૧૬). આ અક્ષર તત્ત્વને ગીતા ૧૨:૨માં કૂટસ્થ ઉપરાંત અવ્યક્ત, સર્વવ્યાપી, અચળ તરીકે જણાવે છે: (...अक्षरं...अव्यक्तं...सर्वत्रगं...कूटस्थमचलं... ; સરખાવો=ગીતા ૮:૨૧=अव्यक्तोऽक्षर इत्युक्तः=... જુઓ આગળ, એકમ ૪).

એ રીતે, (૧૫:૧૭)માં વ્યક્ત થતી ગીતાની, ઉપર મુદ્દા(૩)માં જણાવેલી વિચારસરણી ગીતા માટે અને ભારતીય તત્ત્વજ્ઞાનમાં નવી નથી. ગીતા ૧૩:૨૨ મુજબ દેહમાં રહેલા "બીજા (જુદા)" પુરુષને ભર્તા (ધારણ કરનાર), અને પરમાત્મા, તથા તે રીતે ૧૩.૩૧માં તેવા પરમાત્માને અવ્યય, અનાદિ કહ્યો છે (જુઓ એકમ ૫=...भर्ता...परमात्मा...देहे...पुरुषः परः। અને अनादित्वात्...परमात्मा...अव्ययः...॥), વળી, ગીતા ૧૮:૬૧ ઈશ્વરને સર્વ ભૂતોના–પ્રાણીઓના હૃદયમાં રહેલો જણાવે છે (ईश्वरः सर्वभूतानां हृद्देशे...तिष्ठति ।) પણ ગીતા ૧૫.૧૭માં અન્ય (બીજા, જુદા) શબ્દ ગીતા ૧૫:૧૮માં વ્યક્ત થતા, મુદ્દા (૪)માં જણાવેલા વિચારોમાં સાકાર-કૃષ્ણરૂપ વ્યક્તિગત ચેતન તત્ત્વ સ્પષ્ટ કરે છે. ગીતામાં આવા પ્રકારના વિચારો પ્રમાણમાં વિશેષ તરી આવે છે. તે ચેતન મૂળે અવ્યક્ત, અવ્યય, અનુત્તમ–સૌ ઉત્તમમાં ઉત્તમ છે (૭.૨૪. अव्यक्तं... अव्ययमनुत्तमम् ॥). ગીતાના ૮મા અધ્યાયમાં તો અવ્યક્તથી પણ અવ્યક્ત ભાવને અવિનાશી જણાવ્યો છે (શ્લોક ૨૦), આવું અવ્યક્ત અક્ષર ગણાતું કૃષ્ણનું પરમ ધામ પ્રાપ્ત થતાં ફરીથી જન્મ થતો નથી (શ્લોક ૨૧; આગળ જુઓ એકમ ૪), કૃષ્ણ અવ્યક્ત–મૂર્તિ છે (૯:૪ मया... अव्यक्तमूर्तिना ।). આમ, ૧૫:૧૮ તેની આગળના ૧૬–૧૭ શ્લોકોમાં જણાવેલાં ક્ષર અને અક્ષર તત્ત્વોથી ઉત્તમ તત્ત્વ સાકાર-કૃષ્ણ-રૂપ ચેતન તત્ત્વનો આદેશ કરે છે.

(e) હવે ઉપર સ્પષ્ટ કરેલા ૧–૪ મુદ્દાઓ (૧૫:૧૬-૧૮) એક પછી એક, વિચારોથી કેવી રીતે સંકળાયેલા રહ્યા છે તે વિવેચન માગી લે છે. તેમાં ૧૭-૧૮ શ્લોકો, ૧–૪ મુદ્દામાં કયા મુદ્દા સાથે સંબંધમાં હશે તે નક્કી કરવું મુશ્કેલ છે. સ્વાભાવિક રીતે ૧–૪ મુદ્દાઓ સંબંધની દૃષ્ટિએ કુલ **ચાર વિભાગ**માં વહેંચી શકાય; જેમકે

## (i) વિભાગ ૧

(૧) મુદ્દો ૧ (૧૫:૧૬)—ક્ષર પરૂષ

(૨) મુદ્દો ૨ + મુદ્દો ૩ (૧૫:૧૬–૧૭)—અક્ષર પુરુષ તે "પરમાત્મા"

(૩) મુદ્દો ૪ (૧૫:૧૮)—ઉપરનાં બંને તત્ત્વથી વિશિષ્ટ "પુરુષોત્તમ"–કૃષ્ણ

શ્લોક ૧૬માં (મુદ્દા ૧—૨) ક્ષર પુરુષ અને અક્ષર પુરુષ જણાવ્યા પછી, શ્લોક ૧૭માં (મુદ્દો ૩) ઉત્તમ પુરુષ તો અન્યછે તેમ કહ્યું. આ અન્ય (બીજો, જુદો) પુરુષ (જે ઉત્તમછે તે) મુદ્દા ૨માં દર્શાવ્યા મુજબનો અક્ષર પુરુષ સંભવી શકે; તે મુદ્દા ૧માં દર્શાવેલા ક્ષર (સર્વે ભૂતોરૂપ) પુરુષથી અન્ય (બીજો, જુદો) છે એટલે શ્લોક ૧૭નો પુરુષ, કૂટસ્થ ઉપરાંત અવ્યય અને ઈશ્વરછે, એક સ્વરૂપેછે, જે સર્વે ભૂતોરૂપ—"અનેક"ના સમૂહરૂપ પુરુષથી જૂદો છે અને ત્રણે લોકમાં વ્યાપ્ત છે. શ્લોક ૧૮ (મુદ્દા ૪)માં કૃષ્ણ-પુરુષોત્તમ-તત્ત્વ ક્ષરથી (મુદ્દો ૧) અને અક્ષરથી (મુદ્દા ૨-૩) *વિશિષ્ટ હોવાથી* તેને સ્વતંત્ર તત્ત્વ તરીકે ગણી શકાય. મોદી (૬૧૪—૬૧૫) આ પ્રકારનો અર્થ કરે છે.

**(ii) વિભાગ ૨**

(૧) મુદ્દો ૧ (૧૫:૧૬) ક્ષર પુરુષ

(૨) મુદ્દો ૨ (૧૫:૧૬) અક્ષર પુરુષ

(૩) મુદ્દો ૩ + મુદ્દો ૪ (૧૫:૧૭—૧૮)—ઉપરનાં બંને તત્ત્વથી વિશિષ્ટ; "પરમાત્મા" તે જ "પુરુષોત્તમ"—કૃષ્ણ

શ્લોક ૧૭માં (મુદ્દો ૩) ઉત્તમ પુરુષ તો અન્ય છે તેમ જે કહ્યું, તેમાં અન્ય (બીજો, જુદો) પુરુષ (જે ઉત્તમ છે તે) મુદ્દા ૧માં દર્શાવેલા ક્ષર પુરુષથી તથા મુદ્દા ૨માં દર્શાવેલા અક્ષર પુરુષથી અન્ય (બીજો, જુદો) છે. શ્લોક ૧૭નો ઉત્તમ પુરુષ, કૂટસ્થ અક્ષર પુરુષથી જુદો, અવ્યય, ઈશ્વર સ્વરૂપ છે. તે "પરમાત્મા" તરીકે જાણીતો છે; અને તે જ શ્લોક ૧૮માં (મુદ્દો ૪) જણાવેલું કૃષ્ણ—પુરુષોત્તમ તત્ત્વ છે. શ્લોક ૧૮માં પુરુષોત્તમને ક્ષરથી (મુદ્દો ૧) અતીત અને અક્ષરથી (મુદ્દો ૨) ઉત્તમ જણાવી, તેનો સંબંધ શ્લોક ૧૭ (મુદ્દા ૩) સાથે સ્પષ્ટ કર્યો છે.

**(iii) વિભાગ ૩**

(૧) મુદ્દો ૧ (૧૫-૧૬) ક્ષર પુરુષ

(૨) મુદ્દો ૨ (૧૫-૧૬) અક્ષર પુરુષ, કૂટસ્થ

(૩) મુદ્દો ૩ (૧૫-૧૭) ઉત્તમ પુરુષ, પરમેશ્વર, પરમાત્મા

(૪) મુદ્દો ૪ (૧૫-૧૮) પુરુષોત્તમ—કૃષ્ણ

અહીં ક્ષર પુરુષ, અક્ષર પુરુષ કૂટસ્થ, ઉત્તમ પુરુષ પરમાત્મા અને પુરુષોત્તમ—કૃષ્ણ, એવાં ચાર ચેતન તત્ત્વમાં ક્ષર પુરુષની ગૌણતાને લીધે તેની ઉપેક્ષા કરીએ તો, ત્રણ મુખ્ય ચેતન તત્ત્વોની ("કૂટસ્થ", "પરમાત્મા" અને "પુરુષોત્તમ—કૃષ્ણ") ગણના લાગે છે.

**(iv) વિભાગ ૪**

| | | |
|---|---|---|
| (૧) મુદ્દો ૧ (૧૫:૧૬) | — | ક્ષર પુરુષ. |
| (૨) મુદ્દો ૨ + મુદ્દો ૩ + મુદ્દો ૪ (૧૫:૧૬-૧૮) | — | અક્ષર પુરુષ તેજ પરમાત્મા અને તેજ પુરુષત્તોમ કૃષ્ણ. |

અહીં મુદ્દો ૨ (૧૫:૧૬) સાથે મુદ્દો ૩ (૧૫:૧૭) લઈ ઉપર વિભાગ ૧ મુજબ એક ગણી, અને મુદ્દા ૩ (૧૫:૧૭) સાથે મુદ્દો ૪ (૧૫-૧૮) લઈ વિભાગ ૨ મુજબ એક ગણી, કુલ મુદ્દા ૨-૪ ને એક સ્વરૂપે લઈ શકાય. આમ અહીં કુલ બે ચેતન તત્ત્વની બાબત સ્પષ્ટ થાય છે; "ક્ષર" - (જીવાત્મા વગેરે) અને બીજું "કૂટસ્થ, પરમાત્મા" તત્ત્વ; જે કૃષ્ણ-પુરુષોત્તમ સ્વરૂપ છે. ગીતાને આવો વિચાર માન્ય હોય એમ લાગતું નથી. ગીતાનું સાકાર-કૃષ્ણ-તત્ત્વ સામાન્ય નિરાકાર બ્રહ્મ કે પુરુષ જેવાં તત્ત્વથી पर હોય તેવો આશય વધારે વ્યક્ત થાય છે. ઉપરના ૧-૪ વિભાગોમાં, વિભાગ ૩ની વિચારધારામાં ત્રણ મુખ્ય ચેતન તત્ત્વોની બાબત ("કૂટસ્થ", "પરમાત્મા", "પુરુષોત્તમ") કાંઈ વિચિત્ર લાગે છે. જ્યારે વિભાગ ૧ માં "કૂટસ્થ પરમાત્મા" તત્ત્વ ઉપરાંત "સાકાર-પુરુષોત્તમ-કૃષ્ણ સ્વરૂપ", એવાં કુલ બે મુખ્ય ચેતન તત્ત્વનો વિચાર છે, તેમ વિભાગ ૨ મુજબ પણ મુખ્ય બે ચેતન તત્ત્વ છે. "કૂટસ્થ પુરુષ" અને "પરમાત્મા પુરુષોત્તમ-કૃષ્ણ સ્વરૂપ". ગીતામાં ૧૫:૧૬-૧૮ સિવાય બીજે આ પ્રકારની વિચારધારા સ્પષ્ટરૂપે જણાઈ આવતી નથી. તો ગીતા ૧૫:૧૬-૧૭ — શ્લોકોને લીધે ઉત્પન્ન થતી આ સમસ્યાનો ઉકેલ શો ? ગીતામાં તે શ્લોકો ક્ષેપક હશે ? અને ૧૮મો શ્લોક તે પછીથી ઉમેરાયો હશે ?

માલીનાર (૩૫૨-૩૫૪) તો ૧૫:૧૮ની રચના ૧૫:૧૬-૧૭ પછી થયેલી માને છે, ઉપરાંત, ગીતાના ૧૩-૧૫ અધ્યાયો ગીતામાં એક જુદો સમૂહ હોય એમ દર્શાવે છે; મૂળ ગીતા સાથે એનો સંબંધ મુશ્કેલ છે. મોદી (૬૧૭ ) અહીં પુરુષોત્તમ તત્ત્વને (૧૫:૧૮) ગીતા ૧૫.૧-૧૫ શ્લોકો સાથે જોડે છે, પણ તે પ્રકારનો "સંબંધ" યોગ્ય લાગતો નથી. શ્રાડરે (૮) પણ તેને અસંબદ્ધ શ્લોકો ગણ્યા છે. અમે માલીનારના મતને સમર્થન આપીએ છીએ.

(f) ઉપરનાં વિવેચન ઉપરથી ગીતા-૧૫માં ૧૬-૧૮ શ્લોકોના વિચારો નીચે મુજબ ટૂંકમાં જણાવી શકાય.

ગીતા-૧૫:૧૬-૧૮ (એકમ ૧)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | સર્વ ભૂતો (+જીવાત્મા) | પુરુષ | ક્ષર | (૧૫:૧૬) (ક્ષર, સાંસારિક બંધનને લીધે.) |
| ૨ | કૂટસ્થ | પુરુષ | અક્ષર | (૧૫-૧૬) |
| ૩ | ત્રણે લોકનો ભર્તા-અવ્યય ઈશ્વર. | ઉત્તમ પુરુષ | પરમાત્મા | (૧૫-૧૭) |
| ૩a | ક્ષર-અક્ષરથી ઉત્તમ. | કૃષ્ણ | પુરુષોત્તમ | (૧૫-૧૮) (ક્ષેપક) |

ગીતા ૧૫:૧૬-૧૮, ગીતાના પંદરમા અધ્યાયમાં એક જૂદો જ વિષય રજૂ કરે છે; અને આજુબાજુના બીજા વિષયની સાથે તેનો સંબંધ બાંધી શકાય એમ નથી. તેમાં પણ ૧૮મો શ્લોક આ એકમમાં પાછળથી ક્ષેપક થયો છે.

# (૨) એકમ ૨ ગીતા- ૭:૪-૬

(a) ૭:૪. भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥

૭:૫. अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥

૭:૬. एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥

૭:૪. प्रकृति=મૂળ (કારણ) તત્ત્વ, ભૌતિક તત્ત્વ, સ્વભાવ

एव=ફક્ત છંદમાં પાદપૂર્તિ માટે.

अहंकार= "अहम्" ("હું") સૂચવતો આકાર / ચિહ્ન (symbole), હાવભાવ (સરખાવો ॐकार = ओम् શબ્દ સૂચવતું ચિહ્ન / આકાર)

૭.૫. अन्या=બીજી, જુદી.

परा=બીજી, જુદી, ખાસ કરીને ઊંચા પ્રકારની.

अपरा=ઊતરતા પ્રકારની.

जीव-भूताम्; પાઠાંતર = बीज-भूताम्; "બીજ રૂપે થયેલી". અહીં बीज, ઉત્પન્ન કરનારા (જીવ જેવા) ચેતન તત્ત્વનું સૂચન થાય છે.

૭.૬. एतद्-योनीनि=एते योनी येषां (भूतानां), तानि, भूतानि ના વિશેષણ તરીકે = પરા અને અપરા પ્રકૃતિ, બંને સર્વે ભૂતોની (ભૌતિક પદાર્થો અને જીવાત્મા) योनि (કારણ) છે.

प्रभव= ઉત્પન્ન કરનાર, પોતાનામાંથી જ ઉત્પન્ન કરનાર (પ્રભુ).

प्रलय= પ્રલય (નાશ) કરનાર, પોતાનામાં સમાવી લેનાર.

["પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર; એમ આ મારી પ્રકૃતિ આઠ પ્રકારે ભિન્ન (જુદી જુદી) થયેલી છે (૪). આ અપરા છે, તો આનાથી બીજી (જુદી), હે અર્જુન (મહાબાહુ), જેણે આ જગત ધારણ કર્યું છે તે જીવંત (જીવ)રૂપે થયેલી મારી પરા પ્રકૃતિ છે (૫). સર્વે ભૂતોનાં એ કારણો છે; એમ તું ધારી લે (જાણ). હું આ સંપૂર્ણ જગતનો પ્રભવ અને પ્રલય છું (૬)."]

ગીતા ૭:૪-૬ વિચારોનું એકમ ગીતા ૭.૨ના આધારે અસ્તિત્વમાં આવ્યું છે; જેમ કે

૭:૨. ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥

इह=અહીં, આ જગતમાં.

विज्ञान=વિશેષ-જ્ઞાન; જ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ, દર્શન.

["તને, વિજ્ઞાન સાથેનું આ જ્ઞાન સંપૂર્ણ રીતે હું જણાવીશ; જે જાણ્યા પછી આ જગતમાં ફરીથી બીજું જાણવાનું બાકી રહેતું નથી." ]

૭:૨ની જેમ ગીતા ૯.૧માં પણ શબ્દયોજના સરખી જોવા મળે છે; જેમ કે.

૯:૧. इदं तु ते-----प्रवक्ष्यामि------।

ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा------॥

આ સિવાય ગીતા ૩:૪૧, ૬:૮ અને ૧૮:૪૨માં સામાન્ય અર્થમાં વિજ્ઞાન શબ્દ યોજ્યો છે (જુઓ ઉપર I. વિભાગ ૨ c)

(b) ઝેહનર (૨૪૬) ગીતા ૧૪, શ્લોક ૩ના (मम योनि र्महद् ब्रह्म तस्मिन् गर्भं दधाम्यहम् (પાઠાંતર=ददाम्यहम्) "મહદ્-બ્રહ્મ મારી योनि-જનનેંદ્રિય-છે; તેમાં હું ગર્ભાધાન કરું છું") અને શ્લોક ૪ના (ब्रह्म महद् योनिरहं बीजप्रदः पिता । "----મહદ્ બ્રહ્મ योनि-જનનેંદ્રિય છે, હું बीज (वीर्य) પ્રદાન કરનારો પિતા છું") આધારે અહીંયાં પણ एतद्योनीनि (૭:૪) અને તેની સાથે સાથે આગળ ઉપર ૭:૧૦માં આવતા बीज શબ્દ (बीजं मां सर्वभूतानाम् विद्धि ---- "મને તું સર્વભૂતોના बीज-वीर्य તરીકે જાણ------") ઉપરથી योनि શબ્દનો "જનનેંદ્રિય" અર્થ કરવા જણાવે છે. પરંતુ ૭:૫ના જીવતત્ત્વને योनि તરીકે લઈ શકાય એવી સ્પષ્ટતા થતી નથી; પરંતુ योनि અહીં "કારણ"ના અર્થમાં છે.

આ શ્લોકોમાં સાકાર-કૃષ્ણરૂપ ચેતનની વિચારધારા સ્પષ્ટ છે. (જુઓ શ્લોક ૪-૫માં मे="મારી" અને શ્લોક ૬માં अहम् "હું" એવાં કૃષ્ણ માટેનાં સર્વનામોની યોજના).

(c) આ એકમના ૭:૪માં પ્રકૃતિનાં આઠ ભિન્ન તત્ત્વો દર્શાવ્યાં છે. સાંખ્યના વિચારો મુજબ તો મૂળ પ્રકૃતિની વિકૃતિથી કુલ ૭ (મન સિવાયનાં) તત્ત્વો ઉપજ્યાં છે; બીજા શબ્દોમાં જણાવીએ તો તે સાત કે આઠ તત્ત્વો (મૂળ) પ્રકૃતિ નથી, પણ પ્રકૃતિનું કાર્ય છે. તો, અહીં તે આઠ પ્રકારે ભિન્ન તત્ત્વો જ (મૂળ) પ્રકૃતિ હોય એમ ગીતા માને છે ? ગીતામાં તે સ્પષ્ટ નથી. ગીતા-૧૩:૫માં સાંખ્યની પ્રકૃતિ જેવાં ચોવીસ તત્ત્વો ગણાવ્યાં છે. (વિસ્તાર માટે જુઓ એકમ ૫) તે સાંખ્યના વિચારોના વિકાસની કોઈ ભૂમિકા સૂચવે છે; તો આઠ પ્રકારની પ્રકૃતિના, ૭:૪માં વ્યક્ત થતા વિચારો સાંખ્યના વિચારોની કોઈ ઉત્ક્રાંતિદશા સૂચવે છે. ગીતા ૭:૪-૬ના વિચારોથી ૧૩:૫ના વિચારો ગીતાનાં બે જુદાં જુદાં સ્તર સૂચવતા હોય

એમ લાગે છે. ગીતા ૭:૪ને મુંડક ઉપ. ૨:૩ સાથે સરખાવી શકાય (एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी----॥).

(d) વળી, અહીં શ્લોક ૪ અને શ્લોક ૫ જોતાં, બે પ્રકૃતિ તત્ત્વોનો વિચાર તરી આવે છે. આના સંદર્ભમાં ગીતા ૧૫:૧૬માં બે પુરુષ તત્ત્વોની તુલના આવશ્યક થઈ પડે છે. ૧૫:૧૬માં क्षर-पुरुष તરીકે જો ચેતન જીવાત્માનો સ્પષ્ટ નિર્દેશ થયો હોત તો, મૂળે સનાતન અવિનાશી ચેતન તત્ત્વ (કે તત્ત્વના અંશ)રૂપે તે જીવાત્માને અહીં क्षर (નાશવંત) पुरुष તરીકે જણાવવામાં પ્રથમ દૃષ્ટિએ વિચાર-દોષ પણ ઉપસ્થિત થાત ! આથી, क्षर-पुरुष પ્રકારમાં, મુખ્યત્વે વિકારી ભૌતિક તત્ત્વો તરીકે ઓળખાતાં सर्वाणि भूतानि તત્ત્વોને આગળ દર્શાવી, તે જ ભૌતિક તત્ત્વોની અસર નીચે ઉદ્ભવેલા જીવાત્મા જેવા ચેતન તત્ત્વનો, તે सर्वाणि भूतानि તત્ત્વોમાં સ્વાભાવિક રીતે થઈ જતા સમાવેશને અધ્યાહાર-પૃષ્ઠભૂમિમાં-રાખ્યો. એટલે વાચકે અહીં, सर्वाणि भूतानि માં જીવાત્માની પણ ગણના કરવી જોઈએ. મોદી (૬૦૮) પણ ભૂતોનો અર્થ જીવાત્મા કરે છે (વિસ્તાર માટે જુઓ ઉપર એકમ ૧).

પરંતુ ગીતા ૭:૪-૬નો વિચાર કાંઈ જુદો છે. શ્લોક ૫માં જીવ તત્ત્વની પરા प्रकृति તરીકે ગણના કરીને તે તત્ત્વથી જગત ટકી રહ્યું છે તેવો સ્પષ્ટ નિર્દેશ થયો છે. તથા શ્લોક ૬ મુજબ આ જીવભૂત ચેતન તત્ત્વ અને શ્લોક ૪માં જણાવેલી આઠ અપરા प्रकृति રૂપ અચેતન તત્ત્વ; તે બંને તત્ત્વોને ભેગાં, सर्वाणि भूतानिનાં (સર્વે ભૂતોનાં) કારણ કહ્યાં છે. આ ઉપરથી અહીં જીવભૂત તત્ત્વનો શુદ્ધ ચેતનરૂપે નિર્દેશ થયો છે (સાંસારિક બંધનયુક્ત જીવાત્મા રૂપે નહીં), અને તેને ચેતન पुरुष તરીકે ગણવાને બદલે અહીં प्रकृतिના પ્રકારમાં ગણ્યો છે ! માલીનાર (૨૩૦) एतद्योनीनिમાં एतत्નો અર્થ परा प्रकृति (૭:૫) લે છે અને તેના આધાર માટે ૭:૧૦નો ઉલ્લેખ કરે છે (बीजं मां सर्वभूतानां----सनातनम् ।) મોદી (૩૪૫-૩૪૬) પરા પ્રકૃતિને અક્ષર બ્રહ્મ તરીકે લે છે, પરા પ્રકૃતિ સાકાર-કૃષ્ણ-તત્ત્વ તરીકે નથી.

(e) તો શ્લોક ૪માં અને ૫માં मे प्रकृति= શબ્દોથી આઠ પ્રકારે ભિન્ન - અચેતન તત્ત્વને અને જીવભૂત ચેતન તત્ત્વને કૃષ્ણે પોતાના "स्वभाव" (रूपरहित, સંજ્ઞામાત્ર, અંતઃકરણથી અનુભવગમ્ય કે ભાવ) તરીકે સ્વીકાર્યાં (જુઓ ગીતા ૮:૩-૪......આગળ એકમ ૩-૪)? અથવા તો આઠ प्रकृति તત્ત્વને (શ્લોક ૪) અને જીવતત્ત્વને (શ્લોક ૫) મૂળ કારણ (प्रकृति) તત્ત્વ માનીને ચેતન જીવતત્ત્વને ઊંચું સ્થાન (परा प्रकृति) આપ્યું ? આ બાબતની સ્પષ્ટતા આગળ કરવામાં આવશે.

(f) શ્લોક ૪ના અચેતન प्रकृति તત્ત્વને જગતમાં જીવ જેવી ચેતન प्रकृतिની આવશ્યકતા રહે છે, કારણ કે ચેતન-જીવ-તત્ત્વથી જ જગતનો વ્યવહાર ટકી રહે છે. પરંતુ આ બંને કારણોનો અધિપતિ સાકાર-કૃષ્ણરૂપ ચેતન તત્ત્વ છે તે ગીતા ૭:૬ સ્પષ્ટ કરે છે. આ સર્વ જગતનો પ્રભવ - ઉત્પન્ન કરનાર, તથા પ્રલય, - તેને પોતાના સ્વરૂપમાં સમાવી લેનાર

પણ આ કૃષ્ણ સ્વરૂપ છે. સાંખ્ય-વિચારોમાં પ્રલય સમયે જગતનો પ્રકૃતિમાં લય થાય છે તેવું ગીતા ૭:૬ નથી માનતી. ગીતાનો આ વિચાર ગીતા ૯:૭ અને ૧૦માં વિશદ રીતે વ્યક્ત થયો છે, જેમ કે

૯:૭ सर्वभूतानि....प्रकृतिं यान्ति मामिकाम् ।
कल्पक्षये, पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥

૯:૮ प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृते र्वशात् ॥

૯:૧૦ मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन.....जगद्विपरिवर्तते ॥

૯:૭ विसृजामि (वि+सृज् મોકલવું, જવા દેવું, મુક્ત કરવું, વગેરે), રચું છું.

मामिका = મારી, मम ઉપરથી વિશેષણ (સરખાવો : मामक ગીતા ૧.૧) कल्प = સૃષ્ટિ

સરખાવો મુંડક ઉપ - ૨.૧.૧.....अक्षराद्विविधाः....भावाः प्रजायन्ते तत्र चैवापियन्ति ।

(वि+सृज्-(જુઓ विसृजामि) એક વિશિષ્ટ અર્થ સૂચવે છે, જેમકે ''સૂર્ય કિરણોનું વિસર્જન કરે છે,'' ''અગ્નિ તણખાનું વિસર્જન કરે છે'', તેમાં કિરણો અથવા તણખા, સૂર્ય કે અગ્નિમાંથી સ્વયં - આપોઆપ - બહાર પડે છે (emanate), તેમાં કોઈ ચેતન અથવા અગ્રાહ્ય તત્ત્વ આધારભૂત ગણાય છે.)

૯:૮ अवष्टभ्य = નીચે દબાવીને-ટેકવીને (સરખાવો; પાણિનિ... ૪.૩.૮૪) પાઠાન્તર अधिष्ठाय (ઉપર રહીને). અહીં પુરુષ-સ્ત્રીના વિજાતીય સંબંધના અર્થમાં આ શબ્દો યોજાયા છે).

भूतग्राम = ભૂતોનો-પ્રાણીઓનો સમૂહ

स्वा = (મારી) સ્વકીયા, (प्रकृति નું વિશેષણ)

૯:૧૦ अध्यक्ष = ઉપરી, તપાસ રાખનાર સત્તાધીશ

सूयते = પ્રસવ કરે છે, (√सू०) જન્મ આપવો :

विपरिवर्तते = ભમી રહે છે, પરિવર્તન કરે છે, પરિણામ પામે છે.

(''સૃષ્ટિનો નાશ થતાં સર્વે ભૂતો મારી प्रकृति માં જાય છે..... હું સૃષ્ટિની શરૂઆતમાં તેઓને (ભૂતોને) ફરીથી રચું છું. (૭). .प्रकृति ને વશ હોવાથી અવશ (પરતંત્ર), આ સમગ્ર ભૂતોના સમૂહને, હું વારેવારે મારી સ્વકીય प्रकृति નો નીચે આધાર લઈ ઉત્પન્ન કરું છું (૮). ... અધ્યક્ષ એવા મારા લીધે प्रकृति અસ્થિર-સ્થિરને (જગતને) જન્મ આપે છે. આ કારણે જગત્ પરિવર્તન કરે છે. (૧૦) ).

(i) ઉપરાંત ૭:૫ માં જણાવેલી प्रकृति નું ચેતન-જીવ-તત્ત્વ ૭:૪માં જણાવેલી આઠ प्रकृति થી ઊંચા પ્રકારનું (परा) છે, તેવા વિચારો ભારતીય તત્ત્વજ્ઞાનમાં અને ગીતામાં પણ મળે છે, જેમ કે.

## કઠ ઉપનિષદ

૩:૧૦ इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ।
मनसस्तु परा बुद्धि बुर्द्धेरात्मा महान् परः ॥

૩:૧૧ महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः ।
पुरुषान्न परं किञ्चित् सा काष्ठा सा परा गतिः ॥

૩:૧૦ अर्थाः = ઇંદ્રિયોના વિષય = શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ

इन्द्रिय = આંખ, કાન, નાક, જીભ, ત્વચા

૩-૧૧ काष्ठा = ચરિમ સીમા, ધ્યેય, સૌથી ઉપરી ઉત્તમ-માર્ગ (સરખાવો પાણિનિ ૮.૧.૬૭-૬૮),

पर = જુદું, ઊંચું

[(પાંચ) ઇંદ્રિયોથી (તેના પાંચ) વિષયો ઊંચા (જુદા) છે અને (પાંચ) વિષયોથી મન ઊંચું છે. મન કરતાં તો બુદ્ધિ ઊંચી, અને બુદ્ધિ કરતાં મહાન્ આત્મા ઊંચો છે. (૧૦). (તે) મહાન્ (આત્મા) કરતાં અવ્યક્ત ઊંચું છે; અવ્યક્તથી પુરુષ ઊંચો છે. પુરુષથી કાંઈ પણ ઊંચું નથી; તે ચરિમસીમા છે; તે ઊંચી ગતિ છે (૧૧)." સરખાવો ગીતા–૭.૭ : मत्तः परतरं नान्यत् किञ्चिदस्ति... । "મારાથી વધારે ઊંચે બીજું કાંઈ નથી..."]

ફરીથી, કઠ ઉપનિષદ :-

૬.૭ इन्द्रियेभ्यः परं मनो मनसः सत्त्वमुत्तमम् ।
सत्त्वादधि महानात्मा महतोऽव्यक्तमुत्तमम् ॥

૬.૮ अव्यक्तात्तु परः पुरुषो व्यापकोऽलिङ्ग एव च ।
यज्ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्त्वं च गच्छति ॥

૬.૭ सत्त्व=ગુણમાંથી ઉત્પન્ન થઈ હોવાથી બુદ્ધિ, अधि=ઉપર, ઊંચે

૬.૮ लिंग=કોઈનું લક્ષણ નક્કી કરતું ચિહ્ન, લાક્ષણિકતા, ... જેમ કે "શરીર", પ્રકૃતિનું કોઈક લક્ષણ વગેરે, जन्तु= જન્મેલાં જીવ(ડાં)

આ શ્લોકના પૂર્વાર્ધના પહેલા પાદમાં એક માત્રા વધી જાય છે !

["(પાંચ) ઇંદ્રિયોથી મન ઊંચું છે, મનથી સત્ત્વ(બુદ્ધિ) ઉત્તમ છે; સત્ત્વથી(બુદ્ધિથી) ઊંચે મહાન્ આત્મા છે; મહાન્ (આત્મા)થી અવ્યક્ત ઉત્તમ છે.(૭) અવ્યક્તથી ઊંચે રહેલો પુરુષ વ્યાપક અને કોઈ લિંગ (ચિહ્ન) વગરનો જ છે. જે (પુરુષ)ને જાણીને (સંસારી) જીવો (સંસારથી) મુક્ત થાય છે અને "અમૃતત્વ" (અમરણના ભાવ) તરફ જાય છે. (૮).]

[કઠ ઉપ. ૬.૭માં આવતા अर्थाःને કઠ ઉપ. ૬.૭માં ગણવામાં આવ્યા નથી, તેમ જ બુદ્ધિ માટે सत्त्व શબ્દ યોજયો છે]

આ જ વિચારો ગીતા ૩:૪૨માં સંક્રાંત થયેલા સમાંતર મળે છે.

૩.૪૨ इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।

मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ।

(परतः, (પાંચમી વિભક્તિના અર્થમાં અવ્યય તરીકે)

["(પાંચ) ઇંદ્રિયોને(સ્થૂલ મહાભૂતોથી ?) ઊંચી કહે છે; (પાંચ) ઇંદ્રિયોથી મન ઊંચું છે. વળી, મનથી બુદ્ધિ ઊંચે છે. જે બુદ્ધિની પણ ઊંચે તે (જીવ, આત્મા) છે."]

(ઉપર્યુક્ત કઠ ઉપ. ના મંત્રો સાથે ગીતા ૩:૪૨ જેવા શ્લોકો ઘણું વિવેચન માગી લે છે; પણ વિષયાન્તર અને વિસ્તાર ભયને લીધે વિવેચનને અહીં સ્થાન આપ્યું નથી. વિસ્તાર માટે જુઓ મોદી (૨૨૮–૨૪૭), માલીનાર (૨૩૮–૨૪૯) ગીતા ૧૫:૭માં આ જીવ તત્ત્વને કૃષ્ણ તત્ત્વ પોતાનો સનાતન અંશ તરીકે ગણાવે છે (ममैवांशो जीवलोके जीवभूतः सनातनः । "મારો જ અંશ જીવલોકમાં સનાતન જીવ–ભૂત છે...").

(૪) આના આધારે કહી શકાય કે ગીતા ૭: ૪–૫માં मे प्रकृतिः જેવા શબ્દોનો "મારી प्रकृति" અર્થ વધારે યોગ્ય લાગે છે; "મારો સ્વભાવ" જેવો અર્થ અસંબદ્ધ જણાય છે. ઉપરાંત, કૃષ્ણ સાકાર–તત્ત્વની અપરા પ્રકૃતિ, મૂળ સ્વરૂપે જ આઠ પ્રકારે ભિન્ન છે, કે તે આઠ પ્રકાર પ્રકૃતિના કોઈ તત્ત્વમાંથી ઉદ્ભવ્યા છે, તે ગીતા ૭:૪માં કે અન્યત્ર ગીતામાંથી સ્પષ્ટ થતું નથી. વળી, ૭:૫માં જે જીવતત્ત્વથી જગત ટકી રહ્યું છે; તે અહીં સાંખ્ય વિચારોના ચેતન–પુરુષ તત્ત્વ માટે યોજાયું છે કે ગીતાની આ વિચારધારા જુદી છે, તે પણ અહીં સ્પષ્ટ થતું નથી.

(i) ઉપરનાં વિવેચન ઉપરથી ગીતા ૭:૪-૬ના શ્લોકોમાં વ્યક્ત વિચારો ટૂંકમાં નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

**ગીતા–૭.૪–૬ (એકમ ૨)**

| | | |
|---|---|---|
| ૧. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ, અહંકાર એ આઠ ભિન્ન પ્રકાર. | (કૃષ્ણ-તત્ત્વની) પ્રકૃતિ અપરા (૭:૪) | આ બંને પ્રકૃતિઓ સર્વે ભૂતોનાં (ભૌતિક તત્ત્વો, સંસારી જીવાત્મા, વગેરેનાં) કારણો છે. (૭.૬) |
| ૨. જીવતત્ત્વ,જે જગતને ટકાવી રહે છે. | (કૃષ્ણ-તત્ત્વની) પ્રકૃતિ પર (૭:૫) | |
| ૩. "હુ" કૃષ્ણ ચેતન, જગતનો પ્રભવ અને પ્રલય. | (૭:૬) | |

સાકાર–કૃષ્ણ–તત્ત્વની અસર આ શ્લોકોના સમૂહમાં મૌલિક લાગે છે.

## (૩) એકમ ૩ = ગીતા ૮:૩-૪

૮.૩ *अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।*
*भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥*

૮.૪ अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥

૮:૩ स्वभाव=જન્મજાત આંતરિક ભાવ, પ્રકૃતિ=સ્વભાવ

अध्यात्म=આત્મામાં; આંતરિક, આભ્યન્તરિક,

भूतभावोद्भवकर=પ્રાણીઓના (ભૂતોના) ભાવને ઉત્પન્ન કરનાર, જન્મ આપનાર.

विसर्ग=(સરખાવો विसृजति; અને वि + सृज्, એકમ ૨માં; અહીં वि + सृज् ઉપરથી) "ક્રિયાશીલ / ઉત્પાદક શક્તિ". "શક્તિસ્રાવ" कर्मसंज्ञित=(सम् + ज्ञा); કર્મ–સંજ્ઞાવાળું, કર્મથી જણાવાતું; "કર્મ"ના નામથી જાણીતું. संज्ञित : संज्ञा ક. ભૂ. કૃ. संज्ञित, संज्ञा નામ ધાતુ ! અહીં આ संज्ञित રૂપ અને સમાસ વિચિત્ર લાગે છે, તે "कर्मसंज्ञक"નો અર્થ કેવી રીતે વ્યક્ત કરે છે તે અસ્પષ્ટ રહે છે ! કદાચ, पंडित શબ્દની જેમ संज्ञित શબ્દ પાલિમાંથી ઉદ્ભવ્યો હોય !

૮:૪ अधिभूत=ભૂતોમાં (ભૌતિક)

अधिदैवत=દેવોમાં (દૈવી)

अधियज्ञ=યજ્ઞમાં (યાજ્ઞિક)

अत्र=અહીંયાં (-त्र સાતમી વિભક્તિ; સરખાવો कुत्र, तत्र, परत्र વગેરે, દેહેના વિશેષણ તરીકે.

भाव=રૂપરહિત ભાવ-પદાર્થ, સંજ્ઞામાત્ર, અંતઃકરણથી જ અનુભવગમ્ય.

[**બ્રહ્મ** પરમ અક્ષર છે. **અધ્યાત્મ** સ્વભાવ કહેવાય છે. **કર્મ** સંજ્ઞાથી જાણીતું, ભૂતોના ભાવ (જન્મ) ઉત્પન્ન કરનાર વિસર્ગ ("ઉત્પાદક શક્તિ") છે. (૩) અધિભૂત ક્ષર (નાશવંત) ભાવ છે અને **અધિદૈવત** પુરુષ છે. હે અર્જુન (દેહધારીઓમાં સુંદર), **અધિયજ્ઞ** (તે) આ (મારા) દેહમાં હું જ છું (૪)"]

(b) ગીતાના સાતમા અધ્યાયના અંતે ઉપસંહાર રૂપે આવતા શ્લોકો ૨૯-૩૦ના વિચારો કાંઈ નવીન લાગતાં, તે વિશે વિશેષ વિવરણ માટે અર્જુને પૂછેલા કુલ સાત પ્રશ્નોથી (ગીતા–૮:૧–૨) ગીતાના આઠમા અધ્યાયનો પ્રારંભ થાય છે; જેમ કે,

૭:૨૯ जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥

૭:૩૦ साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥ (ગીતા અધ્યાય ૭ અહીં પૂરો થાય છે.)

**ગીતા–અધ્યાય ૮મો :**

अर्जुन उवाच :–

૮:૧ किं तद्ब्रह्म ? किमध्यात्मम् ? किं कर्म ? पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तम् ? अधिदैवं किमुच्यते ? ॥

૮:૨ अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन् ? मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ? ॥

૭:૩૦ प्रयाणकाले=(શરીરમાંથી) જતી વખતે, મરણ–સમયે

૭:૩૦ युक्तचेतस्=(ભક્તિથી) જોડાયેલા ચિત્તવાળો.

૮:૨ नियतात्मन्=પોતાની જાત ઉપર કાબૂ રાખનાર.

("જેઓ ઘડપણથી અને મરણથી છૂટવા મારો (કૃષ્ણનો) આધાર લે છે, તેઓ તે ब्रह्म, સંપૂર્ણ અધ્યાત્મ અને પૂરેપૂરું કર્મ જાણે છે (૨૯). મને અધિભૂત અને અધિદૈવ સાથે તથા અધિયજ્ઞ સાથે જેઓ જાણે છે, તેઓ (ભક્તિથી) જોડાયેલા ચિત્તવાળા (તેમના) મરણ સમયે પણ મને જાણે છે (૩૦)")

**ગીતા અધ્યાય ૮મો :**

અર્જુન બોલ્યો : હે કૃષ્ણ (પુરુષોત્તમ),

(૧) ते ब्रह्म શું છે ?

(૨) अध्यात्म શું છે ?

(૩) कर्म શું છે ?

(૪) अधिभूत શું કહેવાય છે ?

(૫) अधिदैव શું કહેવાય છે ? (૧)

(૬) હે કૃષ્ણ, અહીં = આ દેહમાં अधियज्ञ કોણ, કેવી રીતે ?

(૭) અને જાત પર કાબૂ ધરાવતા (લોકો)ને (તેમના) મરણ સમયે તમે (તું) કેવી રીતે જ્ઞેય (જાણવા યોગ્ય) છો (છે) ? (૨)]

આ સાત પ્રશ્નોના જવાબ ટૂંકમાં ગીતા ૮:૩–૫માં સમાઈ જાય છે જેમ કે :

| ગીતા–૭:૨૯–૩૦ | પ્રશ્નોઃ ગીતા ૮:૧–૨ | જવાબ–ગીતા ૮:૩-૫ |
|---|---|---|
| ते ब्रह्म तद्विदुः | १. किं तद्ब्रह्म ? | अक्षरं ब्रह्म परमम्.... |
| कृत्स्नमध्यात्मम् | २. किमध्यात्मम् ? | स्वभावोऽध्यात्ममुच्यते । |
| कर्म चाखिलम् ॥ (२९) | ३. किं कर्म ? | भूतभावोद्भवकरो विसर्गः कर्म-संज्ञितः ॥ |

| | | |
|---|---|---|
| साधिभूत+ | ४. अधिमूर्त च किं प्रोक्तम् ? | अधिभूतं क्षरो भावः.... |
| अधिदैवं मां | ५. अधिदैवं किमुच्यते ? | पुरुषश्चाधिदैवतम् । |
| *साधियज्ञं च ये विदुः* | ६. *अधियज्ञः कथं कोऽत्र* देहेऽस्मिन् ? | अधियज्ञोऽहमेवात्र देहे ॥ (४) |
| *प्रयाणकाले* च *मां ते* विदु र्युक्तचेतसः ॥(३०) | ७. *प्रयाणकाले* च *कथं* ज्ञेयोऽसि नियतात्मभिः ॥(२) | अन्तकाले च मामेव स्मरन्....य प्रयाति स मद्भावं याति ...॥ (५) |

પ્રશ્ન ૭માના જવાબરૂપે ગીતા ૮:૫ પ્રસ્તુત લેખના સંદર્ભમાં નહીં આવી શકવાથી તેનું વિવેચન કરવાની આવશ્યકતા નથી.

(c) મુંડક ઉપ. માં ब्रह्म, (હૃદયની) ગુફામાં રહેલું (...संनिहितं गुहायाम्...૨.૨.૧ અક્ષર બ્રહ્મ ...एतदक्षरं ब्रह्म...) કહ્યું છે તો કોઈવાર પરમ બ્રહ્મ (...तत् परमं ब्रह्म ૩:૨.૯, સરખાવો ૩:૨.૧)

કહ્યું છે. બૃહદારણક ઉપ. (૩.૭.૧૪–૧૫) મુજબ; જે તેજમાં રહ્યો છતાં તે જ તેજ તેને જાણતું નથી, તેજ જેનું શરીર છે, જે તેજને અંદરથી કાબૂમાં રાખે છે તે આત્મા અન્તર્યામી, અમૃત છે. તે **અધિદૈવત** છે. તે રીતે, જે સર્વે ભૂતોમાં રહ્યો છતાં સર્વે ભૂતો તેને જાણતાં નથી.... તે આત્મા અન્તર્યામી અમૃત છે. તે **અધિભૂત** છે. આ સાથે સરખાવો ગીતા ૮:૪મા અધિભૂત અને અધિદૈવત. ગીતા ૮:૧માં પ્રશ્ન ૧, ફકત ब्रह्म માટે છે, परम ब्रह्म માટે નથી. તેથી ૮:૩ જવાબમાં પણ "ब्रह्म તે પરમ અક્ષર છ" એવો અનુવાદ યથાર્થ ગણાય; પણ "परम ब्रह्म, તે અક્ષર છે" એવો અનુવાદ પ્રશ્નને અનુરૂપ નથી. વળી, અહીં "પરમ અક્ષર" અથવા "અક્ષર" શબ્દથી ૐ કારનું સૂચન, તથા યજ્ઞ સાથે તે ૐના સંબંધનું સૂચન પણ થાય છે. ગીતા ૧૭:૨૩ બ્રહ્મનો ૐ, तत्, सत् એવા ત્રણ અક્ષરોથી નિર્દેશ કરે છે (ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।) કઠ ઉપ. ૨:૧૫–૧૬ પણ જણાવે છે કે :

२:१५ सर्वे वेदा यत्पदमामनन्ति... ।

यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति, तत्ते पदं सङ्ग्रहेण ब्रवीम्योमित्येतत् ॥

२:१६ एतद्ध्येवाक्षरं ब्रह्म, एतद्धेवाक्षरं परम् ।...

["સર્વે વેદો જે પદનો ઉલ્લેખ કરે છે.... જેની ઇચ્છા રાખતા લોકો બ્રહ્મચર્યનું પાલન કરે છે, તે પદ હું તને ટૂંકમાં કહું છું : ઓમ્ છે. (૧૫) એ જ અક્ષર ખરેખર બ્રહ્મ છે, એ જ અક્ષર બ્રહ્મ છે. (૧૬)"]

ગીતાના આઠમા અધ્યાયના આ વિચારો કઠ ઉપ. ૨ માંથી વિકસ્યા છે; જેમ કે ગીતા ૮:૧૧, ૧૩

૮:૧૧ यदक्षरं वेदविदो वदन्ति... ।

यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति, तत्ते पदं सङ्ग्रहेण प्रवक्ष्ये ।

૮:૧૩ ओमित्येतदक्षरं ब्रह्म... ।

("વેદ જાણનારા જે અક્ષર વિશે કહે છે.... જેની ઇચ્છા રાખતા લોકો બ્રહ્મચર્યનું પાલન કરે છે, તે પદ હું તને ટૂંકમાં કહીશ (૧૩) એ ઓમ્ એવો અક્ષર બ્રહ્મ છે... । (૧૩)" )

(d) ઉપરાંત, ગીતા ૮:૩–૪ શ્લોકો ગીતા ૩:૧૪–૧૬ સાથે કંઈક સંબંધમાં હોય એવું ગીતા ઉપરની કેટલીક ટીકા (શાંકરભાષ્ય, રામાનુજભાષ્ય, ભાસ્કરભાષ્ય, શ્રીધરભાષ્ય, વગેરે)ના આધારે જણાય છે. ગીતા ૩:૧૪–૧૬ જણાવે છે કે : અન્નમાંથી (તે ખાવાથી શુક્ર, અને લોહી રૂપે) ભૂતો જન્મે છે, અન્ન વરસાદમાંથી ઊપજે છે, યજ્ઞને લીધે વરસાદ ઉત્પન્ન થાય છે, યજ્ઞ કર્મ દ્વારા ઉત્પન્ન થાય છે; કર્મ બ્રહ્મ(વેદ)માંથી ઉત્પન્ન થાય છે. બ્રહ્મ અક્ષર (અવિનાશી તત્ત્વ)માંથી ઉત્પન્ન થાય છે. તેથી સર્વ ઠેકાણે રહેલું બ્રહ્મ હમેશાં યજ્ઞમાં પ્રતિષ્ઠિત (યજ્ઞનો આધાર) છે, **જેમકે શાંકરભાષ્ય** : स एष विसर्गलक्षणो यज्ञः कर्मसंज्ञितः । રામાનુજ इति श्रुतिसिद्धो योषित्संबंधजः स कर्मसंज्ञितः, ભાસ્કરઃ यजमानस्य व्यापारः ॥ विसर्गः अग्नौ प्रास्ताहुतिः (મનુસ્મૃતિ ૩.૭૬)=આનંદગિરિ,

(સરખાવો=अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसंभवः । यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥ कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् । तस्मात् सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ वि+सृज्=સરખાવો ઐત. ઉપ. यदि शिश्नेन विसृष्टमथ कोऽहमिति; बृ. ઉપ ૨.૪.૧૧; ૪:૫-૧૨) ગીતા ૮:૩–૪માં પણ भूतभावोद्भवकरः ટૂંકમાં ભૂતો-પ્રાણીઓને જન્મ આપનાર "કર્મસંજ્ઞિત–વિસર્ગ"–ઉત્પાદક શક્તિ, (૮:૩) તથા અધિયજ્ઞ રૂપ કૃષ્ણ ચેતનની (પોતાના) દેહમાં સ્થિતિ, વગેરેનો નિર્દેશ થયો છે. શ્રીધર; "आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः "इत्युक्तक्रमेण वृद्धिः... देवतोद्देशेन द्रव्यत्यागरूपः यज्ञः (અહીં સ્ત્રી-પુરુષના વિજાતીય સંબંધનું પણ ટીકાકારો સૂચન કરે છે, જુઓ રામાનુજ; पंचम्यामाहुतावापः पुरुषवचसो भवन्ति (છા. ઉપ. ૫.૩.૩; ૫.૯.૧) इति श्रुतिसिद्धो योषित्संबंधजः स कर्मसंज्ञितः ।

આ કૃષ્ણ તત્ત્વ ક્રતુ, યજ્ઞ, ...ઔષધ, વગેરે સ્વરૂપે પણ છે (સરખાવો : ગીતા ૯:૧૬ अहं क्रतुरहं यज्ञः... अहमौषधम् ।...) ગીતાનો ત્રીજો અધ્યાય જણાવે છે કે યજ્ઞ માટેનાં કર્મ સિવાયનાં કર્મ બંધનરૂપ છે (સરખાવો : यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः । ...વળી સરખાવો ગીતા ૩:૧૦-૧૩). કેટલાક વિવેચકો ગીતા ૮:૪માં અધિદૈવત પુરુષને **ઋગ્વેદ**ના પુરુષ-સૂક્તના આધારે દૈવી વિશ્વપુરુષના અર્થમાં ઘટાવે છે. આવા વિવિધ અર્થસૂચક ગીતા ૮:૩-૪નું એકમ વિવરણ માટે ક્લિષ્ટ બની રહે છે; તેમ જ તેનું વિશ્લેષણ પણ મુશ્કેલી સર્જે છે.

(e) છતાં, અમને લાગે છે કે ૮:૩માં જણાવેલો અધ્યાત્મ સ્વભાવ, શરીરધારી આત્માનો કે મૂળે બ્રહ્મનો સ્વભાવ છે, એમ અર્થ ઘટાવી શકાય. ૮:૪માં દેહસ્થિત અધિયજ્ઞ કૃષ્ણ-તત્ત્વને પણ

અધ્યાત્મ સ્વભાવ સાથે સમાંતર મૂકી શકાય. આ બે તત્ત્વો (ब्रह्म સ્વભાવ અને કૃષ્ણ-તત્ત્વ) આંતરિક (અધ્યાત્મ, દેહમાં) છે. જ્યારે અધિભૂત ક્ષર ભાવ અને પ્રાણીઓને જન્મ આપનાર કર્મ કે વિસર્ગ ભૌતિક કે બાહ્ય તત્ત્વો છે, અને અધિદૈવત પુરુષ પણ દૈવી (અલૌકિક) પુરુષ તરીકે આંતરિક તત્ત્વોના સંદર્ભમાં દૈવી બાહ્ય તત્ત્વ છે. પુરુષ અહીં બ્રહ્મથી ઊંચું પરમ તત્ત્વ છે, કૃષ્ણ-ચેતનરૂપ છે, એવું મોદી (૨૮૯) માને છે.

ક્ષર ભાવ હોવાથી, અધિભૂત અને કર્મ બંને પ્રાકૃતિક તત્ત્વોમાં ગણાય છે. પણ અધિદૈવત દૈવી હોવાથી, પુરુષ અધિભૂતથી ઊંચે ગણાય; જ્યારે અધ્યાત્મમાં આત્મા, અને પરમ અક્ષર બ્રહ્મ અને તેના સ્વભાવનું તત્ત્વ, અધિદૈવત કરતાં સૂક્ષ્મ, પર છે. અધિયજ્ઞ કૃષ્ણ—ચેતન—તત્ત્વને અધ્યાત્મની બરાબર ગણાવ્યું છે. આગળ ગીતા ૮:૧૩ જણાવે છે કે ઓમ્ એવા એકાક્ષર બ્રહ્મનું ઉચ્ચારણ કરતાં અને સાથે સાથે તે ઓમ્ સ્વરૂપ કૃષ્ણ—તત્ત્વને યાદ કરતાં કરતાં મૃત્યુ પામનાર વ્યક્તિ પરમ ગતિ પામે છે. સરખાવો ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् । यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिः ॥) અહીં એ નોંધપાત્ર છે કે કૃષ્ણ—ચેતન—તત્ત્વ અધ્યાત્મમાં (આત્મા કે બ્રહ્મ સાથે) સમાન કક્ષામાં રહે છે, તેને સૌથી "ઉત્તમ" ગણવામાં નથી આવ્યું !

આ રીતે સંક્ષેપમાં ગીતા—૮: ૩-૪માં વ્યક્ત થતા વિચારો નીચે પ્રમાણ રજૂ કરી શકાય.

**ગીતા ૮:૩—૪ (એકમ ૩)**

| (બાહ્ય) | | (આંતરિક) સમાન તત્ત્વો | |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અધિભૂત | અધિદૈવત | અધ્યાત્મ | અધિયજ્ઞ |
| (ભૌતિક) | (દૈવી) | (ચેતન) | (ચેતન) |
| ક્ષર ભાવ | પુરુષ | પરમ અક્ષર | આ—દેહમાં રહેલો "હું" |
| (૮.૪) | (૮.૪) | બ્રહ્મ | કૃષ્ણ તત્ત્વ |
| + ભૂતભાવોને | | + સ્વભાવ | (૮—૪) |
| ઉત્પન્ન કરનાર | | (૮.૩) | (यज्ञ) |
| (૮.૩) | (પુરુષ) | (ઓમ્) | |

નં. ૧ સૌથી ઊતરતી કક્ષાનું તત્ત્વ ગણાય. (તે ભૌતિક છે)

નં. ૨ નં. ૧થી ઊંચી કક્ષાનું પણ નં. ૩ અને ૪થી ઊતરતી કક્ષાનું તત્ત્વ છે. (તે દૈવી છે)

નં. ૩—૪આ બંને તત્ત્વોને અહીં સમાન કે સમાંતર ગણ્યાં હોય એમ લાગે છે (અધ્યાત્મિક).

## (૪) એકમ ૪ : ગીતા ૮:૧૮–૨૨

૮:૧૮ अव्यक्ताद्व्यक्तय: सर्वा: प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥

૮:૧૯ भूतग्राम: स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवश:, पार्थ प्रभवत्यहरागमे ॥

૮:૨૦ परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातन: ।
य: स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥

૮:૨૧ अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहु: परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥

૮:૨૨ पुरुष: स पर: पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्त:स्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥

૮:૧૮ अव्यक्त= જે વ્યક્ત–દષ્ટિગોચર–થતું નથી તે, સ્વતંત્ર (પ્રધાન). અચેતન કારણ; જેમ કે સાંખ્ય વિચારોમાં પ્રકૃતિ

व्यक्ति=દશ્ય, વ્યક્ત થયેલાં, મૂર્ત થયેલાં, રૂપધારી કે શરીરધારી પ્રાણીઓ, ભૂતો વગેરે

૮.૧૯ भूतग्राम=પ્રાણીઓ કે ભૂતોનો સમૂહ; ઉત્પન્ન થયેલાં પ્રાણીઓ અને પદાર્થો.

૮.૨૦ भाव=અસ્તિત્વ ધરાવતું તત્ત્વ, રૂપરહિત ભાવ-પદાર્થ, સંજ્ઞામાત્ર, ફક્ત અંતઃકરણથી જ અનુભવગમ્ય

૮.૨૧ अव्यक्त=સ્વતંત્ર ચેતન તત્ત્વ, અચેતન તત્ત્વથી ઊંચું.

૮. ૨૨अनन्या=भक्तिનું વિશેષણ; "જે ચેતનની ભક્તિ હોય તે ચેતનથી અન્ય; બીજું, જુદું કોઈ નથી" તેવા પ્રકારની ભક્તિ.

यस्य=જે (પુરુષ)ના.

येन=જે (પુરુષ)થી.

पुरुष=ચેતન તત્ત્વ, જે અવ્યક્ત અક્ષર ચેતન તત્ત્વ છે, તે

तत=ફેલાયેલું, વિસ્તરેલું.

इदं=તાત્ત્વિક વિચારોમાં જગત્ માટે રૂઢ થયેલું દર્શક સર્વનામ : આ (જગત); કારણ કે જગત દશ્ય છે, વ્યક્ત છે.

["(બ્રહ્મનો) દિવસ ઊગતાં, અવ્યક્ત (પ્રધાન કે પ્રકૃતિ)માંથી બધી વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે, (બ્રહ્માની) રાત્રી થતાં (તે વ્યક્તિઓ) ત્યાં જ; અવ્યક્ત નામે તત્ત્વમાં લય પામે છે (૧૮). હે અર્જુન, તે જ આ ભૂતોનો સમૂહ (=વ્યક્તિઓ) (ઉત્પન્ન) થઈ થઈને (બ્રહ્મની) રાત્રી થતાં અવશ (પરતંત્ર), (અવ્યક્તમાં) લય પામે છે. અને (બ્રહ્માનો) દિવસ ઊગતાં ઉત્પન્ન થાય છે (૧૯). તે અવ્યક્તથી (પ્રધાન, પ્રકૃતિથી) ઊંચો અને બીજો (જુદો) ભાવ જે સનાતન અક્ષર (ચેતન

તત્ત્વ) અવ્યક્ત છે, તે, સર્વે ભૂતો નાશ પામતાં, નાશ પામતો નથી (૨૦). અવ્યક્ત અક્ષર—એમ કહ્યું છે તેને ઊંચા પ્રકારની ગતિ તરીકે જણાવે છે; જેને (અક્ષરને) મેળવી (લોકો જગતમાં) પાછા ફરતા નથી તે મારું ઊંચા પ્રકારનું ધામ છે (૨૧). તે ઊંચા પ્રકારનો પુરુષ અનન્ય ભક્તિથી મેળવી શકાય છે; ભૂતો જેની અંદર રહ્યાં છે. અને જેણે આ સર્વનો (જગતનો) વિસ્તાર કર્યો છે (૨૨)]

સર્વ ભૂતો સૃષ્ટિનો ક્ષય થતાં કૃષ્ણ—ચેતનની પ્રકૃતિમાં પ્રવેશે છે અને સૃષ્ટિની ઉત્પત્તિમાં કૃષ્ણ—ચેતન તે ભૂતોને ફરીથી ઉત્પન્ન કરે છે; તેવા ગીતા ૯.૭ના (सर्वभूतानि...प्रकृतिं यान्ति मामिकाम् । कल्पक्षये, पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥) વિચારો સાકાર-કૃષ્ણ-રૂપ ચેતન-તત્ત્વ વિશે હોવા છતાં કાંઈક મૌલિક રીતે તેમને ગીતા ૮:૧૮-૧૯ સાથે સરખાવી શકાય. ગીતા ૮:૨૧ સિવાય ગીતાના આ એકમના (૮:૧૮-૨૨) બધા શ્લોકોમાં નિરાકાર અવ્યક્ત ચેતન અને અવ્યક્ત-પ્રકૃતિનું વર્ણન મુખ્ય તરી આવે છે.

(b) ગીતા ૮:૨૦ બે પ્રકારનાં अव्यक्त જણાવે છે; એક अव्यक्तમાંથી સર્વભૂતો જન્મે છે ને લય પામે છે (૧૮-૧૯), જ્યારે બીજા પ્રકારનું अव्यक्त ઊંચું સનાતન, અવિનાશી ચેતન છે. (૨૦). આ જ ચેતન अव्यक्त, અક્ષર કહેવાય છે. તે પ્રાપ્ત કરીને કોઈ જીવનું જગતમાં પુનરાવર્તન થતું નથી. તે પરમ ગતિ, કૃષ્ણ-તત્ત્વનું પરમ ધામ ગણાય છે. (૨૧)

આ અક્ષરને, ઊંચા પ્રકારના (पर) પુરુષ તત્ત્વને અનન્ય ભક્તિથી પ્રાપ્ત કરી શકાય છે. તે પુરુષના "અંતઃ"માં સર્વે ભૂતો સમાયેલાં રહે છે; અને તે પુરુષથી આ આખું જગત વિસ્તાર પામ્યું છે. આ વિચારો મુંડક ઉપ. સાથે સરખાવી શકાય, જેમ કે -----અક્ષરમાંથી વિવિધ (સમાન (ચેતનવંત)=જીવો) ઉત્પન્ન થાય છે અને તેમાં જ લય પામે છે (---अक्षराद्विविधा:------प्रजायन्ते तत्र चैवापियन्ति । ૨.૧.૧) જેમ કે ગીતા ૮:૧૮-૧૯; ઉપરાંત, તે બાહ્ય અને આંતર રહેલો પુરુષ અજ છે. અને અક્ષરથી ઊંચે સ્થાને રહ્યો છે (-----पुरुष= स बाह्याभ्यन्तरो ह्यज: । ---- अक्षरात्परत: परः । ૨-૧.૨); જેમ કે ગીતા ૮:૨૦,૨૨. વળી કઠ ઉપ. પણ (अव्यक्तात्तु परः पुरुषः---- ૬:૮). ગીતા ૮-૨૦,૨૨ જેવા જ વિચારો વ્યક્ત કરે છે.

(c) શરૂઆતમાં અર્જુને પૂછેલા સાત પ્રશ્નોના જવાબરૂપે ગીતાના આઠમા અધ્યાયનો પ્રારંભ થયો છે. તેના છ પ્રશ્નોના જવાબ ૮:૩-૪માં સમાઈ જાય છે; જ્યારે તેના સાતમા પ્રશ્નના જવાબ રૂપે ૫-૧૫ શ્લોકોની રચનામાં, સાકાર-કૃષ્ણ-રૂપ-ચેતન-તત્ત્વને લોકો મૃત્યુ સમયે કેવી રીતે જાણી શકે કે પ્રાપ્ત થઈ શકે તેનો વિસ્તાર છે. આમ અધ્યાય ૮ અહીં પૂરો થવો જોઈએ. પણ, ૧૫મા શ્લોકનો વિષય ૧૬મા શ્લોકમાં પુનરાવર્તન પામ્યો છે; અને તેના આધારે બ્રહ્માનાં દિવસ-રાત્રી, ઉત્તરાયણ-દક્ષિણાયન ગતિઓ અને કયા અયનમાંથી યોગીઓની ગતિ-આગતિ થાય છે તેના વિસ્તારવાળા શ્લોકોનો વિષય પ્રસ્તુત એકમ ૪ના શ્લોકો (૧૮-૨૨)માં આવતી બે अव्यक्तની (એક अव्यक्त=प्रकृति અને બીજું

अव्यक्त=पुरुष) વિચારસરણીથી જૂદો જ બની જાય છે. અને તેમાં પણ ૮:૨૧નું સાકાર-કૃષ્ણ-તત્ત્વ ૮:૧૮-૨૨માં જુદું પડી જાય છે. શ્લોક ૧૭ પણ મનુસ્મૃતિ ૧-૭૩ ના આધારે રચાયો છે. (तद्वै युगसहस्रान्तं ब्राह्मं पुण्यमहर्विदुः । रात्रिं च तावतीमेव तेऽहोरात्रविदो जनाः ॥ મનુ ૧-૭૩) ગીતાની કાશ્મીરી વાચનામાં ગીતા ૮.૧૮-૨૦ અને ૨૨ (કુલ ચાર શ્લોકો) અભિનવગુપ્તે દર્શાવ્યા નથી, તે પર ભાષ્ય પણ કર્યું નથી; અને તે શ્લોકો તે વાચનામાં હોય અને તેણે ભાષ્ય માટે તેની ઉપેક્ષા કરી હોય એવું પણ લાગતું નથી. પણ ૮-૨૦, ૨૨ (બે શ્લોકો) શ્રાડરે દર્શાવ્યા છે (૩૨).

(d) અહીં એક બાબત નોંધવા જેવી છે. ગીતામાં બે पुरुषની વિચારણા છે; તેમાં એક पुरुष क्षर છે, બીજો पुरुष अक्षर છે. (જુઓ ઉપર એકમ ૧). એ રીતે ગીતામાં બે प्रकृतिની વિચારણા પણ મળે છે. તેમાં એક प्रकृति અપરા—ઊતરતી કક્ષાની (મૂળ કારણ प्रकृति, અચેતન તત્ત્વ) છે, તો બીજી प्रकृति जीवभूत ઊંચા પ્રકારની, જગતને ધારણ કરતી ચેતન प्रकृति (पुरुष तत्त्व) છે. (જુઓ ઉપર એકમ ૨). જ્યારે આ એકમ ૪માં બે अव्यक्तના વિચારો દર્શાવ્યા છે, તેમાં એક अव्यक्त, અચેતન ભૌતિક કાર્યનું મૂળ કારણ (प्रकृति) છે; તો બીજું अव्यक्त સનાતન, અવિનાશી पुरुष तत्त्व છે.

સાંખ્યના વિચારોમાં पुरुष ચેતન તત્ત્વ છે અને અચેતન प्रकृति तत्त्व જ છે; તેથી જે તે અન્ય તાત્ત્વિક વિચારધારાઓમાં પણ पुरुष ચેતન જ હોવું જોઈએ- એવો મનમાં પૂર્વગ્રહ રાખીને, અથવા पुरुष કે प्रकृति સંબંધી સાંખ્યની વિચારધારાએ ઈજારો લીધો હોય એમ, અન્ય તાત્ત્વિક વિચારોમાં પણ ચેતન पुरुष જ હોય કે એક જ અચેતન प्रकृति સંભવે એવો નિયમ કે આગ્રહ પણ ન હોવો જોઈએ !

(e) ગીતામાં વ્યક્ત થતા, ઉપર નિર્દેશેલા વિચારો ઉપરથી એ પણ નક્કી થઈ શકે છે કે ગીતાની વિચારસરણી સાંખ્ય વિચારોની પરિપક્વ અવસ્થા થયા પહેલાંની, સાંખ્ય-દર્શનથી પ્રાચીન છે, અથવા સાંખ્ય વિચારોની ઉત્ક્રાંતિ દરમિયાન ઉપનિષદ્કાલીન વિચારો ગીતામાં રજૂ થયા હોય એમ લાગે છે. મોદી ૭:૫ની પરા પ્રકૃતિ ૮:૧૮-૧૯ સાથે જોડે છે અને તે માટે લાંબું વિવેચન (૩૨૭-૩૩૨) કરે છે; પણ તેવો સંબંધ માની શકાતો નથી.

આ વિવેચનના આધારે ગીતા- ૮-૧૮-૨૨ ના વિચારો નીચે પ્રમાણે રજૂ કરી શકાય-

ગીતા- ૮:૧૮-૨૨ (એકમ ૪)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સર્વ ભૂતગ્રામ | व्यक्ति | પ્રભવ-પ્રલય | (૧૮-૧૯) | ગીતાની |
| ૨ | સર્વે ભૂતગ્રામ ના પ્રભવ-પ્રલયનું કારણ | अव्यक्त | [प्रकृति] | (૧૮-૧૯) | કાશ્મીરી વાચનામાં આ |
| ૩ | પર, સનાતન અવિનાશી સર્વવ્યાપી. | अव्यक्त | (ચેતન) પુરુષ | (૨૦, ૨૨) | શ્લોકો નથી ! |
| ૩a | કૃષ્ણ તત્ત્વનું પરમધામ | अव्यक्त | अक्षर પરમગતિ | (૨૧) | (ક્ષેપક) |

મૂળે આઠમો અધ્યાય શ્લોક ૧૫ સુધી પૂરો થાય, છતાં અહીં શ્લોક ૧૬-૧૭ ઉમેરીને આ અધ્યાય તે રીતે વૃદ્ધિ પામતો ગયો છે. તેમાં શ્લોક ૧૮-૨૦, ૨૨ તો એક જુદું જ નિરાકાર-તત્ત્વનું એકમ છે; તેમાં શ્લોક ૨૧મો રજૂ કરીને મૌલિક નિરાકાર-તત્ત્વને સાકાર-કૃષ્ણ-તત્ત્વનો ઓપ આપવાનો પ્રયાસ થયો છે. વળી ૧૮-૨૦,૨૨ શ્લોકો કાશ્મીરી વાચનામાં મળતા નથી, તે પણ નોંધવા જેવું છે !

## (૫) એકમ ૫ ગીતા ૧૩:૧૯-૨૨

(a) ૧૩:૧૯. प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकाराँश्च गुणाँश्चैव विद्धि प्रकृतिसम्भवान् ॥

૧૩:૨૦. कार्यकरणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥

૧૩:૨૧. पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥

૧૩:૨૨. उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन् पुरुषः परः ॥

૧૩:૨૧. सदसद्योनिजन्मसु (૧) सत्यश्च-असत्यश्च योनयः तासु અથવા (૨) सत्यश्च असत्यश्च

योनयः (कारणानि) येषां तेषु, સારી (દેવો વગેરે) અને ખરાબ (પશુ વગેરે) યોનિઓમાં થતા જન્મોમાં

૧૩:૨૨. उपद्रष्टृ = નજીકથી નિરીક્ષણ કરનાર, તપાસ રાખનાર.

अनुमन्तृ = અનુમતિ, સંમતિ આપનાર.

["પ્રકૃતિ અને પુરુષ, બંનેનેય, તું અનાદિ તરીકે જાણ. વિકારોને અને ગુણોને પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા જાણ (૧૯) કાર્ય, કરણ (સાધન) અને કર્તૃત્વ (કર્તાપણા)માં કારણ, પ્રકૃતિ કહેવાય છે. પુરુષ, સુખ અને દુઃખના ભોક્તૃત્વ (ભોગવનારપણું)માં કારણ કહેવાય છે (૨૦). પુરુષ પ્રકૃતિમાં રહ્યો, પ્રકૃતિમાંથી ઉત્પન્ન થતા ગુણોને ભોગવે છે. (એના) સારી અને ખરાબ યોનિઓમાં જન્મોની બાબતે કારણ, એનો ગુણોથી સંગ (સંબંધ) છે (૨૧). ઉપદ્રષ્ટા, અનુમતિ આપનાર, ધારણ કરનાર, ભોક્તા મહેશ્વર; આ શરીરમાં બીજો (ઊંચા પ્રકારનો) પુરુષ છે, (તે) પરમાત્મા છે એમ પણ કહેવાય છે (૨૨)"]

(b) ગીતાના તેરમા અધ્યાયમાં મૂળ વિષય : પુરુષ પ્રકૃતિનું કે ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું વર્ણન સળંગ ચાલ્યું આવે છે, અને તેમાં ગીતાના આ ૧૯-૨૨ શ્લોકો સ્વાભાવિક રીતે સંબંધમાં રહ્યા છે કે નહીં તે વિશે વિવેચન જરૂરી છે.

કાશ્મીરી વાચનામાં ૧૩:૧ની પહેલાં આવતો એક વધારાનો શ્લોક મળી આવે છે, જેમકેઃ

૧૩.૦ प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि, ज्ञानं ज्ञेयं च केशव ॥

["હે કેશવ (કૃષ્ણ), પ્રકૃતિ અને પુરુષ, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ, જ્ઞાન અને જ્ઞેવ; એ હું જાણવા ઇચ્છું છું" (૧)]

આ શ્લોકની મૌલિક્તા તપાસવા માટે ગીતાના ૧૩મા અધ્યાયના શ્લોકોને પ્રથમ દૃષ્ટિએ વિષયવાર નીચે મુજબ ગોઠવી શકાય.

૧-૬ ક્ષેત્ર વર્ણન.

૭-૧૧ જ્ઞાન (અજ્ઞાન) વર્ણન.

૧૨-૧૮ જ્ઞેય (જ્ઞાનગમ્ય) વર્ણન.

૧૯-૨૩ પુરુષ-પ્રકૃતિ વર્ણન.

૨૪-૩૪ પરમ તત્ત્વ પ્રાપ્તિ વગેરેનું વર્ણન.

અહીં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના વર્ણનને પ્રાધાન્ય આપ્યું છે. (૧-૩, ૨,૧૨, ૧૮. "ઉપસંહાર" ૨૬, ૩૩, ૩૪ "ઉપસંહાર"). શ્લોક ૧-૨ અને ૩૪ "ઉપસંહાર"માં પણ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના વર્ણનને જ

મહત્ત્વ આપ્યું છે અને પુરુષ-પ્રકૃત્તિ તથા જ્ઞાન-જ્ઞેય તેમાં ગૌણ રહ્યાં છે. આથી "કોઈએ" ઉપર મુજબનો, તે તે સર્વે વિષયોને સમાવી લેતો શ્લોક રચી "પ્રાસ્તાવિક" તરીકે પ્રથમ મૂક્યો ! તેમાં પુરુષ-પ્રકૃતિ પ્રથમ દર્શાવ્યાં છે જ્યારે તેનું વર્ણન શ્લોક ૧૮ પછી આવે છે ! વળી આ શ્લોકની રચના, શબ્દ-પ્રયોગ, યોજના વગેરે નવું-વિચિત્ર-લાગે છે. ("कथयिष्यामि", वेदितुम, વગેરે) આ શ્લોક મૂળ ૧૩મા અધ્યાયમાં ક્ષેપક છે તે નિર્વિવાદ છે. તેમાં બધા **વિદ્વાનો** એકમત **છે**. (મોદી ૫૦૨-૫૦૩, ઝેહનર ૨૩૩, માલીનાર ૩૨૭-૩૨૮, વગેરે). ગીતાની ઘણી હસ્તપ્રતોમાં આ શ્લોક મળતો નથી. શંકરે આ શ્લોક નજર સમક્ષ રાખીને તેરમા અધ્યાયની પ્રસ્તાવના-રૂપ ભાષ્ય લખ્યું હોય એમ જણાય છે !

(c) ગીતા ૧૩.૩માં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિષયનું વર્ણન જે ક્રમે જવું જોઈએ તે જણાવ્યું છે, જેમ કે

૧૩:૩ तत्क्षेत्रं यच्च यादृक् च यद्-विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत् समासेन मे श्रुणु ॥

(प्रभावः પાઠાન્તર स्वभावः)

૧. तत्क्षेत्रं यच्च यादृक् च = "તે ક્ષેત્ર જે અને જેવું છે," તે; (यादृक् =જે સ્વરૂપે, સ્વભાવે છે).

૨. यद्-विकारि = यो विकारः अस्य तत् (શંકર);
यैः-विकारैः युक्तं = तत् (મધુસૂદન) જે વિકારો વાળું હોય તે

૩. यतश्च यत् = જેમાંથી (ઉત્પન્ન થાય) જે,

૪. स च यः = તે (ક્ષેત્રજ્ઞ ?) જે છે તે

૫. यत्प्रभावः, ये प्रभावाः = (શંકર) તેનો કયો પ્રભાવ (શક્તિ, સત્તા) છે, તે

આ ૧-૫ ક્રમે ગીતા ૧૩ના વિષયો જોતાં,

**ગીતા ૧૩:૪થી ૩૪**

શ્લોક ૪- (ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું) શાસ્ત્રમહત્ત્વ ?)

શ્લોક ૫-૬ (૧૩:૩ મુજબ વિષય ૧-૨નું વર્ણન)

શ્લોક ૭-૧ (જ્ઞાન)

શ્લોક ૧૨-૧૭ (જ્ઞેય)

શ્લોક ૧૮ (ક્ષેત્ર ૧૩.૩ નો તથા જ્ઞાન -જ્ઞેયનો ઉપસંહાર)

શ્લોક ૧૯-૨૩ (પુરુષ-પ્રકૃતિ)

શ્લોક ૨૪-૨૫, ૨૭-૨૮ (ધ્યાન વગેરે)

શ્લોક ૨૬ (ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ અને સત્ત્વ)

શ્લોક ૨૯ (પ્રકૃતિ)

શ્લોક ૩૦-૩૨ (પરમાત્મા વગેરે)

શ્લોક ૩૩ (ક્ષેત્ર, ક્ષેત્રી)

શ્લોક ૩૪ "ક્ષેત્ર ક્ષેત્રશ" ઉપસંહાર

નીલકંઠ, ૧૨-૧૭ (જ્ઞેય)ના સમૂહને "स च यो यत्प्रभावश्च" (૧૩:૩) મુજબ ક્ષેત્રજ્ઞનું (ન. ૪-૫નું) વર્ણન માને છે પરંતુ ૧૩:૧૮માં ક્ષેત્રનું વર્ણન પૂરું થાય છે તે પહેલાં ૧૨-૧૭માં

ક્ષેત્રજ્ઞનું વર્ણન ન સંભવી શકે

શ્લોક ૧૮-૩૪માં પણ ક્ષેત્રજ્ઞનું વર્ણન નથી. અહીં પુરુષ અને સાથે સાથે પ્રકૃતિનો તથા ઈતર તત્ત્વોનો વિચાર જ છે. આ રીતે यतश्चयत् (૧૩:૩)નો વિચાર પણ મળતો નથી.

મોદી (૨૫૦, ૨૯૦) અહીં ક્ષેત્રને બ્રહ્મન્ તરીકે લે છે, અને ૧૩:૧૨-૧૮ને **પાંચરાત્ર** સિદ્ધાંતના માની, તેને ક્ષેપક ગણે છે (૫૪૧), તથા ૧૩:૨૬-૩૩ને ક્ષેત્રનું વર્ણન માને છે (૩૧૦-૩૧૩).

માલીનારના મતે ૧૩:૧૮-૨૭ એક જુદું એકમ રચે છે અને ૧૩:૩-૧૧માં વિકારો અને પ્રભાવનું વર્ણન સમાઈ જાય છે. ક્ષેત્રનું વિવરણ ૧૩:૫-૬માં થયું છે, અને આ આખો ૧૩મો અધ્યાય ગીતાના ૧૪મા અધ્યાય માટે એક પ્રકારની ''પ્રસ્તાવના'', પૃષ્ઠભૂમિ ઊભી કરે છે (૩૨૨). વળી તે જણાવે છે કે, ૧૩:૨૨માં પુરુષના પર્યાયવાચી શબ્દો છે, અને પુરુષ-પ્રકૃતિનું વર્ણન કરતા આ શ્લોકોનો ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનાં વર્ણન સાથે કોઈ સંબંધ નથી. (૩૩૮-૩૪૮). મોદી (૫૪૧, ૫૪૩) પણ ૧૩:૧૯-૨૩ને એક જુદો, ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞથી અસંબદ્ધ-વિષય છે તેમ માને છે. ઝેહનર (૩૩૬) ૭-૨૫ શ્લોકો ક્ષેપક હોય એવી શંકા વ્યક્ત કરે છે.

(d) અમને એમ લાગે છે કે ગીતાનો ૧૩મો અધ્યાય આખી ગીતામાંથી જુદો તરી આવે છે, સાકાર-કૃષ્ણ-તત્ત્વના શ્લોક બાકીના અધ્યાયોમાં જે પ્રમાણમાં મળે છે, તેના કરતાં અહીં આવા શ્લોકો ખૂબ અલ્પ પ્રમાણમાં—ફક્ત ત્રણ; ૨, ૧૦, ૧૮ જ છે આ અધ્યાયમાં કર્મ કે તેના યોગની ચર્ચા મળતી નથી તે ઉપરાંત શ્લોક ૪ (ऋषिभि र्बहुधा गीतं.....), શ્લોક ૩ અને ૫ ની વચ્ચે આવતા ક્રમભેદ કરે છે. પણ શ્લોક ૧૮ ખોટી રીતે મૂળ ગીતા ૧૩:૩નો ''ઉપસંહાર'' સૂચવે છે, અને તે પણ ફક્ત ક્ષેત્ર, જ્ઞાન, જ્ઞેયનો જ, ''ઉપસંહાર'' સૂચવે છે, જ્યારે ક્ષેત્રજ્ઞનું વર્ણન તો થયું જ નથી, અને જ્ઞેયમાં ક્ષેત્ર સમતું હોય તો ક્ષેત્રજ્ઞની તે રીતે સ્પષ્ટતા કોઈ શ્લોકમાં સૂચવી નથી !

અહીં પણ પુરુષ-પ્રકૃતિના વર્ણનનું એકમ શ્લોક ૧૯-૨૨માં પૂરું થતાં તેના ''ઉપસંહાર''રૂપે ફરીથી કૃષ્ણ–તત્ત્વનો શ્લોક ૨૩મો જોડી દીધો ! આ રીતે મૂળ વિચારોનું એકમ ગીતામાં જ્યાં પૂરું થાય, ત્યાં ઘણીવાર સાકાર-કૃષ્ણ-તત્ત્વના શ્લોક અંતે જોડી દઈને તે તે મૂળ વિચારોને સાકારમાં સમાવી દેવાની એક વિશિષ્ટ શૈલી ગીતામાં તરી આવે છે. (જેમ ગીતા ૧૫:૧૬-૧૭ પછી શ્લોક ૧૮ જુઓ એકમ ૧, ગીતા ૮:૧૮-૨૦ પછી શ્લોક ૨૧, જુઓ એકમ ૪, તેમ ગીતા ૧૩:૧૭ પછી શ્લોક-૧૮). વળી, શ્લોક ૧૦માં ભક્તિ તત્ત્વ મૂકીને સતત ચાલ્યા આવતા જ્ઞાનના વર્ણનમાં ક્ષતિ પહોંચાડે છે. શ્લોક ૧૧માં જણાવ્યા મુજબ જો શ્લોક ૭-૧૧માં જણાવેલા જ્ઞાનથી ઊલટું અજ્ઞાન ગણાય, તો શ્લોક ૧૦માં ''ભક્તિ'' બાબતે શું માનવું ? ''ભક્તિ''થી ઊલટું ''અજ્ઞાન'' કેવી રીતે સંભવે ?

(e) પ્રસ્તુત, ગીતા ૧૩:૧૯-૨૨ના એકમના શ્લોક, વિશેષ વિવેચન માગી લે છે. અહીં મહાભારત-કાલીન સાંખ્યના વિચારો મળી આવે છે. પરિપક્વ સાંખ્ય–દર્શનમાં, મૂળપ્રકૃતિ (વિકાર રહિત), પ્રકૃતિ-વિકૃતિ (સત્ત્વપ્રધાન વિકારયુક્ત પ્રકૃતિ) અને વિકૃતિ (સ્થૂલ મહાભૂતો વગેરેનું કારણ) છે, તેમાં મૂળ પ્રકૃતિ ગુણોને ઉત્પન્ન કરતી નથી, પણ ત્રણ ગુણ તત્ત્વોથી રચાયેલું એક તત્ત્વ છે. અને વિકારો તો પ્રકૃતિની વિકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. પરંતુ, ૧૩:૧૯ મુજબ તો વિકારો અને ગુણો પ્રકૃતિમાંથી ઉપજે છે એમ જણાવ્યું છે. સાંખ્યમાં પુરુષ અનેક છે અહીં પુરુષ એક જ હોય એ રીતે વર્ણન આવે છે. શ્લોક ૨૨મો નૃસિંહતાપનીય ઉપ. (ઉત્તર) ૨:૯૨ "उपद्रष्टानुमन्ता..." ઉપરથી રચાયો છે.આ ઉપ.માં આ મંત્ર તથા આ શબ્દ-સમૂહ બીજા મંત્રો સાથે મૌલિક રીતે જોડાયેલા છે. તો વળી ગીતાનો આ શ્લોક જણાવે છે કે દેહમાં રહેલો પર પુરુષ, મહેશ્વર (મહાન-ઈશ્વર ?) નામથી પણ ઓળખાય છે. આમ શૈવ તત્ત્વની (?) આ શ્લોકમાં ગુંથણી કાંઈ વિચિત્ર લાગે છે. સરખાવો ગીતા ૫:૨૯, ૯:૧૨) આ શ્લોકમાં पुरुषः परः શબ્દોથી ૧૯-૨૧માં જણાવેલા पुरुषથી કોઈ ભિન્ન તત્ત્વ હોય એવો અર્થ થઈ શકતો નથી, અહીં (શ્લોક ૨૨માં) તો પુરુષના પર્યાય દર્શાવ્યા છે. ઉપરાંત, આ શ્લોક આ એકમમાં પાછળથી ઉમેરાયો હોય તેમ ઉપર જણાવ્યું છે. (સરખાવો : ગાર્બે, ૬૦, વેબર ૬૨-૬૩). સારાંશ એ કે ગીતાનો ૧૩મો અધ્યાય સાકાર કૃષ્ણ-તત્ત્વ અને કર્મયોગથી અલિપ્ત રહ્યો છે. તેમાં પણ ૧૯-૨૨ના તાત્ત્વિક વિચારો તદ્દન જુદા પડી જાય છે, જેમકે

**ગીતા - ૧૩:૧૯-૨૨ (એકમ ૫)**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકૃતિ | અનાદિ<br>વિકાર અને ગુણોની ઉત્પાદક<br>કાર્ય–કરણ–કર્તૃત્વમાં હેતુ. | ૧૯-૨૦ |
| ૨. | પુરુષ | અનાદિ, ગુણોમાં સંગ થવાથી<br>સુખદુ:ખના ભોક્તૃત્વમાં હેતુ,<br>તેથી અનેક જન્મો. | ૧૯-૨૧ |
| ૨a. | | ઉપદ્રષ્ટા, અનુમંતા, મહેશ્વર,<br>ભર્તા, ભોક્તા, પરમાત્મા,<br>પર પુરુષ, વગેરે તેના પર્યાયો છે. | ૨૨ (ક્ષેપક) |

ગીતા તેરમા અધ્યાયમાં ૧૯-૨૧ શ્લોક એક જુદો જ વિષય રજૂ કરે છે, તેમાં શ્લોક ૨૨ નૃસિંહતાપની ઉપ.ના આધારે પાછળથી રજૂ થયો છે. આ શ્લોકોને ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વર્ણન સાથે સંબંધ નથી.

# પરિશિષ્ટ ૧

## (a) ગીતાના શ્લોકો : આ લેખમાં કરેલું વિશ્લેષણ અને વિવેચન

**ગીતાના શ્લોકોની સંખ્યા આગળ કૌંસમાં ફકરાનો વિભાગ-નંબર વગેરે દર્શાવ્યાં છે.**

**અધ્યાય ૧:૧** (II૨f).

**અધ્યાય ૨ :** ૧૪ (I.૩), ૧૭, ૧૯-૨૦ (I.૧.a ), ૨૨ (II.૧.b)

**અધ્યાય ૩ :** ૯-૧૬ (II.૩.d.), ૧૦ (I.૧.a), ૨૧-૨૫ (I.૧.b), ૩૫ (I.૩) ૪૧ (I.૨.c; II.૨.a), ૪૨ (I.૧.a), ૨૨-૨૪, ૩૦-૩૨ (ટેબલ ૧)

**અધ્યાય ૪ :** ૧-૩ (I૨c), ૧-૧૫, ૩૫ (ટેબલ ૧).

**અધ્યાય ૫ :** ૧૬ (I૧c), ૨૮, ૨૯ (I૧b), ૨૯ (II૫ e ટેબલ ૧).

**અધ્યાય ૬ :** ૮ (I૨ ૨ c, II 2 a ), ૪૫-૪૭ (I.૧b) ૪૭ (II.૨ b ), ૪-૧૫, ૩૦-૩૧, ૪૭ (ટેબલ ૧).

**અધ્યાય ૭ :** ૨, ૪-૬ (II.૨.), ૨-૩, ૮-૧૧, ૨૯ (I૨c), ૪ (II૨.c), ૪-૬, ૧૦, ૫ (II.૨ b ), ૪-૬, ૧૦ (II૨d), ૪-૫ II૨c, II૨h ૪, ૬ (II૨f II ૨:), ૫-૬ (II.૨b), ૭ (I૨.b), ૪-૫, ૪૨ (II.૨g), ૨૪ (II૧d), ૨૯ (II૩b), ૧૧ (ટેબલ ૨). ૧-૩૦ (ટેબલ ૨) ૧૫, ૨૪-૨૫, (ટેબલ ૨ નોંધ).

**અધ્યાય ૮ :** ૧-૨, ૩-૨૮ (I૨c), ૧-૨, ૩-૫, ૨૯-૩૦ (II.૩b) ૧, ૩, ૧૧, ૧૩ (II૩c), ૩-૪ (II૨e, II ૩a, II ૩d), ૩, ૪, ૧૩ (II૩e), ૩-૪, ૫-૧૬, ૧૮-૨૨ (II.૪.c), ૪ (II.૧b), ૧૫ (I૨b), ૧૮-૨૧ (II૫d), ૧૮-૨૨ (II.૪ a, II ૪b), ૧૫-૨૨ (II૪e), ૨૦-૨૧ (II૧d). ૨૮ (ટેબલ ૨), ૯, ૧૧, ૧૨, ૧૪ (ટેબલ ૨ નોંધ૦, ૧૨, ૧૪ (ટેબલ ૨ નોંધ).

**અધ્યાય ૯ :** ૧, ૨ (I૨c, II ૨a), ૪ (II૧d), ૫, ૧૭ (I૨b), ૭ (II૪a), ૭-૮,૧૦ (II૨f), ૯ (I૩), ૧૨ (II૫e), ૧૬ (II૩d), ૧-૩૪ (ટેબલ૨), ૩, ૪, ૧૧, ૨૨, (ટેબલ ૨ નોંધ).

**અધ્યાય ૧૦ :** ૧, ૧૮-૧૯, ૨૧, (I.૧c). ૭, ૧૮-૧૯, ૨૫, ૪૨ (I૨b), ૧-૪૨ (ટેબલ ૨). ૫, ૮ (ટેબલ ૨ નોંધ).

**અધ્યાય ૧૧ :** ૧-૪, ૪૬-૫૪ (I૨c), ૩-૬, ૮-૯ (I૨b), ૧-૫૫ (ટેબલ ૨), ૫૪ (ટેબલ ૨ નોંધ).

**અધ્યાય ૧૨ :** ૨ (I૧b, I ૨b, II ૧d), ૧-૨૦ (ટેબલ ૨).

**અધ્યાય ૧૩ :** ૦, ૧-૩૪, ૧૯-૨૨ (II૫b), ૩, ૧-૩૪ (II૫c), ૨-૪ ૭-૧૧, ૧૭-૧૯, ૨૨-૨૩ (II૫d), ૪, ૨૨ (I૧c), ૫ (II૨c), ૬, ૧૬, ૧૬, ૨૨, ૩૧

(II૫d), ૧૫ (I૧a), ૧૯-૨૨ (II૫e), ૨, ૧૦, ૧૮ (ટેબલ ૧), ૬૫ (ટેબલ ૨ નોંધ).

**અધ્યાય ૧૪** : ૧ (I૨c), ૩-૪ (II૨b), ૨૩ (I૩), ૨-૪, ૧૯, ૨૬-૨૭ (ટેબલ૧).

**અધ્યાય ૧૫** : ૧ (I૧a, I ૧c) ૧-૧૫ (II૧c iv ) ૧-૧૫, ૧૬-૧૮ (II૧a), ૧-૫, ૬-૧૫, ૧૬-૧૯, ૨૦ (I૩), ૭ (II૨g), ૭-૮, ૧૬-૧૮ (II૧b), ૭, ૧૬-૧૮ (II૧d), ૧૬ (II૧c, II૨d), ૧૬-૧૮ (II૧e i-iv, ૫d), ૬-૭, ૧૨-૧૫, ૧૮-૨૦ (ટેબલ ૧).

**અધ્યાય ૧૬** : ૧-૧૭, ૧૮-૨૦, ૨૧-૨૪ (I૩), ૧૮-૨૦ (ટેબલ ૧).

**અધ્યાય ૧૭** : ૨૩ (II૩c), ૬ (ટેબલ ૧).

**અધ્યાય ૧૮** : ૪૨ (I૨c, II૨a), ૪૭ (I૩), ૬૧ (II૧d), ૬૩-૬૪ (I૨c), ૫૪-૫૮, ૬૪-૭૦ (ટેબલ ૧).

---

**(b) અધ્યાય-વિશ્લેષણ અને વિવેચન**

૧-૬= (I૧abc, I ૨a)

૭-૧૨= (I૧c, ૨I ૨bc, I૩).

૧૩-૧૫= (II૧e iv)

૧૩-૧૮= (I૧a, c, I૩)

**(c) ગીતા ઉપરનાં ભાષ્યો**

અભિનવગુપ્ત (II૪c, II૫.b)

આનંદગિરિ (II.૩d)

ભાસ્કર (II૩d)

મધુસૂદન (II.૩.d)

રામાનુજ (II.૩.d)

શંકર (II.૩.d)

શ્રીધર (II.૩.d)

---

# પરિશિષ્ટ ૨

**(a) વેદ અને ઉપનિષદો**

ऋग्वेद - पुरुषसूक्त (II 3. d)

૧.૧૬૪.૪૬
૪.૨૬........
૬.૪૭..૧૮
૧.૯૬-૬.
(I૨c)

**ઉપનિષદો**

ईश ૫ (I૧a)

૮ (ટેબલ૨ ) નોંધ

ઐતરેય ૨. ૧૧ (II૩d)

કઠ : ૨.૧૦ (I૩c)

૨.૧૫ (ટેબલ ૨ નોંધ)

૨.૧૫-૧૬ (I૩)

૨.૧૮ (I૨a)

૨.૧૯ (I૧a)

૩.૧-૩ (II૧c)

૩.૧૦ (I૧a)

૩.૧૦-૧૧ (II૨a)

૩.૨૦ (ટેબલ ૨ નોંધ)

૬-૧ (I૧a)

૬.૭-૮ (II૨a)

**છાંદોગ્ય** : ૧.૩.૩ (II૩d)

૫.૯-૧. (II૩d)

નૃસિંહ ઉત્તર તાપનીય ૨.૯૨ (II૫e)

બૃહદારણ્યક : ૨. ૪.૧૧; ૪.૫..૧૨ (II૩d) ૩. ૭. ૧૪-૧૫ (II૩c)

મુંડક = ૨.૧.૧ (IV 2f) (II૪b)

૩-૧.૭ (ટેબલ ૨ નોંધ)

૩-૨-૧. (II૩c)

મૈત્રાયણીય = ૩ (II૧b)

શ્વેતાશ્વતર = ૩. ૮ (ટેબલ ૨ નોંધ)

૩. ૧૬.૧૭ (ટેબલ ૨ નોંધ)

**અન્ય શાસ્ત્રો**

अष्टाध्यायी (पाणिनि) :

૪.૩.૮૪ (II.૨.f)

૮.૧.૬૭-૬૮ (II.૨.f.i)

मनुस्मृति ૧.૭૩ (II૪c)

पातंजल योगशास्त्र (I૩)

कौटिल्य-अर्थशास्त्र (I૩)

**બૌદ્ધ**

संयुत्त **૪.૧-૨૦૪** (I૨c)

કાવ્ય

कुमारसम्भव ૬.૬૭ (I૨c)

मल्लिनाख (टीका) (I૨c)

वल्लभदेव (टीका) (I૨c)

## સંદર્ભ : ગ્રંથ-લેખ સૂચિ


અભિનવગુપ્તઃ — જુઓ **ગીતા**

અર્થશાસ્ત્ર — Kautilya's Arthaśāstra, Mysore 1924

આનંદગિરિ — જુઓ **ગીતા**

ઉપ. — =ઉપનિષદઃ ઇશ વગેરે ૧૦૮ ઉપનિષદોનો સંગ્રહ. નિર્ણય સાગર પ્રેસ. મુંબઈ ૧૯૩૨.

ઋગ્વેદ — ઋગ્વેદ ed-વેદપ્રતિષ્ઠાન, નવી દિલ્હી ૧૯૭૭.

ઐત. ઉપ. — ઐતરેય ઉપનિષદ, જુઓ **ઉપ.**

કઠ ઉપ. — જુઓ **ઉપ.**

કાલિદાસ — જુઓ **કુમારસંભવ**

કુમારસંભવ — Kālidāsa's Kumārasambhava with Mallinātha's commentary, ed. M.R.Kale મોતીલાલ બનારસીદાસ, દિલ્હી ૧૯૬૭.

કૌટિલ્ય — જુઓ. **અર્થશાસ્ત્ર**

ગાર્બે — Richard Garbe; Die Bhagavadgītā. Leipzig 1905.

ગીતા — श्रीमद-भगवद्-गीता with commentaries by शंकराचार्य, आनन्दगिरि, नीलकंठ,-अभिनवगुप्त, मधुसूदन, etc, ed. वा.ल.शास्त्री पणशीकर, મુનશીરામ મનોહર, દિલ્હી ૧૯૭૮.

છાં. ઉપ. — છાંદોગ્ય ઉપનિષદ, જુઓ **ઉપ.**

ઝેહનર — R.C.Zaehner. The Bhagavadgītā with commentary based on the original sources. Oxford 1969

નૃસિંહતાપની ઉપ. — નૃસિંહતાપની (ઉત્તર) ઉપનિષદ. જુઓ **ઉપ.**

પાણિનિ — પાણિનિની અષ્ટાધ્યાયી....ભાગ ૧-૩. ભારત સરકાર તરફથી પ્રકાશિત. મોતીલાલ બનારસીદાસ, દિલ્હી ૧૯૬૬.

પાતંજલ યોગશાસ્ત્ર — Patañjali's Yogaśāstra, ed. Rama Prasada, Allahabad 1912

બુહદ્. ઉપ. — બૃહદારણ્યક ઉપનિષદ, જુઓ **ઉપ.**

ભાસ્કર — श्रीमद्भगवद्-गीता with भास्कर's commentary ed. based on Mss.,

by Sabhadra Jha. Sarasvati Bhavan Series 944 Banaras 1965 (only upto ch-9-3).

મધુસૂદન — જુઓ **ગીતા.**

મનુસ્મૃતિ — मनुस्मृति, with Kullūka's commentary, Bombay 1946

મલ્લિનાથ — મલ્લિનાથની ટીકા, જુઓ **કુમારસંભવ**

માઇંકર — V.G.Mainkar, The early antecedents of the Vibhūtiyoga in the Bhagavadgītā Ch-10. pp. 72-75. H.D.Velankar comm. Vol., Bombay 1965

માલીનાર — Angelika Malinar. Rājavidyā. Das königliche Wissen um Herrschaft und Verzicht. Studien zur Bhagavadgītā. Wiesbaden 1996.

મુંડક ઉપ. — જુઓ **ઉપ.**

મૈત્રાયણીય ઉપ. — જુઓ **ઉપ.**

મોદી — P.M.Modi. The Bhagavadgītā. A Fresh Approach, Baroda 1955.

રામાનુજ — श्रीमद्भगवद्गीता (with 11 commentaries including the commenary by Rāmānuja). Gujarati Printing Press, Bombay 1935

વલ્લભદેવ — Vallabhadeva's Kommentar zum Kumārasambhava----ed. M.S.Narayan Murti, Wiesbaden 1980

વેબર — Albrecht Weber; Indische Studien 9, Leipzig 1865.

શંકર — શંકરાચાર્ય, જુઓ **ગીતા.**

શ્રાડર — F. OHo Schrader. The Kashmir recension of the Bhrgavadgītā. Stuttgart 1930.

શ્રીધર — श्रीमद्भगवदगीता with श्रीधर-भाष्य, ed. મુંબઈ ૧૯૨૫.

શ્વે. ઉપ. — શ્વેતાશ્વતર ઉપનિષદ, જુઓ **ઉપ.**

સંયુત્ત(નિકાય) — संयुत्तनिकाय, ed. भिक्खु जगदीस कस्सपो, Bihar 1959

# ગુજરાતની પ્રાચીન કલામાં પ્રાચ્ય લખાણ[1]

રવિ હજરનીસ.*

**પૂર્વભૂમિકા:**

ધરતી પર કરોડો વર્ષ પૂર્વે મહાકાય પ્રાણીઓના હ્રાસ અને નાશ પછી માનવ જીવમયયુગ (pleistocene age)માં વસુંધરા પટે માનવ આગમનરૂપી જીવનપુષ્પ પાગર્યું. ધરા પર પાછળથી પ્રવેશેલા માનવે પ્રગતિના બધા સોપાન સર કરી, અવનીનું શ્રેષ્ઠ ફરજંદ-સર્જન હોવાનું પુરવાર કર્યું છે. એના જીવન વસવાટ ઘડતરની પ્રારંભિક પ્રક્રીયા મનોવૈજ્ઞાનિક પરિભાષામાં "સંસ્કૃતિ" કહેવાય છે. આ માટે પુરતી પ્રમાણબધ્ધ માહિતિ, નિશ્ચિત કાલક્રમ કે સમય નિર્દેશ અત્યંત આવશ્યક ગણાયો. પ્રમાણબધ્ધ માહિતિ કે વિગતવાર વૃત્તાંત એટલે લિખીત સ્વરૂપનું લખાણ. સંસ્કૃતિના ઉગમકાલથી માનવી લેખનકલાથી અભિજ્ઞ હતો. માનવ-જીવનના આ સૌથી મોટા સમયપટને પ્રાગૈતિહાસિકકાલ કહેવામાં આવે છે. આ નિરક્ષરકાલ હોવા છતાં, આદિમાનવ કલા સાથે સલગ્ન તો હતો જ. એક અભિપ્રાય અનુસાર તત્કાલીન શૈલચિત્રો લિપિના પુર્વરૂપ જેવા કહી શકાય[2]. જેમાં માનવ-જીવનનો આદિમ પ્રવાહ જુસ્સાપૂર્ણ રીતે અવિરતપણે વહી રહ્યો હતો.[3]

લિખિત નમૂનાઓ આપણને સિંધુ સંસ્કૃતિના સમયથી મળ્યા છે. જે સૌથી પ્રાચીન પાંચ હજાર વર્ષ પૂર્વેના છે. સિંધુલિપિ મુદ્રાઓ અને મૃત્પાત્રો પર કોતરવામાં આવતી. લિપિ ભાવાત્મક અને ચિત્રાત્મક હોવાનું માનવામાં આવે છે. તેના ૨૮૮ ચિહ્નોમાં પ્રાણીઓ અને રોપાના સંખ્યાબધ ચિત્રો છે.[4] એ સાંકેતિક હોવાનું પણ કહેવાય છે.[5] કમનસિબે સિંધુલિપિને સરળતાથી સમજવા સહાયરૂપ દ્વિભાષીલેખ અદ્યાપ મળેલ નથી. આ કારણે હજુ સુધી તો વિશ્વસ્તરે વિદ્વાનો સર્વમાન્ય રીતે સિંધુલિપિને ઉકેલવા માટે અસમર્થ રહ્યા છે. અને આથી જ પ્રસ્તુત લેખમાં સૌથી પ્રાચીન મનાતા સિંધુસંસ્કૃતિના નમૂનાઓની ચર્ચા કરી નથી. આ સમયગાળાને લિખિત પ્રમાણોની હયાતી છતાં, આપણી તેને ઉકેલવાની નિષ્ફળતાને કારણે આદ્ય-ઐતિહાસિકકાલમાં મૂકવામાં આવે છે. જ્યારે ઈસ્વીસન પૂર્વે છઠ્ઠી શતાબ્દીથી ઐતિહાસિકકાલની શરૂઆત ગણાય છે. ગુજરાતમાં અશોકના શૈલલેખો તત્કાલીન બ્રાહ્મીનો પ્રાચીનતમ નમૂનો છે.

**લિખિત પ્રમાણો અને પ્રાચ્યકલા.**

ઐતિહાસિકકાલના સૌથી પ્રાચીન નમૂના બ્રાહ્મી, ખરોષ્ઠી અને ગ્રીક લિપિમાં મળ્યાં છે.[6]

જેમાં બ્રાહ્મીનો ઉપયોગ ચાલુ રહ્યો. જ્યારે ખરોષ્ઠી અને ગ્રીક સમય સરીતાના વહેણમાં લુપ્ત થઈ ગયા.[૭] તત્કાલીન સમયની ગુજરાતની સીમા-હદ આજ કરતાં જુદી, વ્યાપક અને વિશાળ હતી. ભારતીય પ્રદેશમાં શિલાચિત્રો અંગેના સંશોધન એકાદ શતાબ્દી જેટલાં પ્રાચીન છે. જો કે ગુજરાતમાં આ શોધખોળનો સિલસિલો હમણા હમણા છેલ્લા પચ્ચીસ વર્ષથી શરૂ થયેલો છે. અદ્યાપી આ દિશામાં પ્રારંભ હોઈ, સમયાંકન આદિના જટિલ પ્રશ્નો છે.[૮] સંશોધન-સર્વેક્ષણના પરીપાકરૂપે સાંબરકાંઠા જિલ્લાના સાંપાવાડા, લાલોડા, ગંભીરપુરા, ઇડર, પંચમહાલ જિલ્લાના તરસંગ, ભાવનગર જિલ્લાના ચમારડી[૯] તેમ જ વડોદરા જિલ્લાના પાવી-જેતપુર[૧૦] વિસ્તારમાંથી શૈલાશ્રયચિત્રો મળી આવ્યા છે. ગુફાચિત્રોએ ભિત્તિચિત્રોનો પ્રકાર છે.

શિલાચિત્રોમાં કેટલીકવાર પ્રાચ્ય લખાણ કે અક્ષરો જોવા મળે છે. મૃત્પાત્ર અવશેષો કે માટીના વાસણો પર લઘુચિત્રો, સ્થાપત્ય સાથે કે શિલ્પ પર પ્રાચ્ય લખાણ કે લેખ જોવા મળે છે. અહીં કેટલાંક ઓછા જાણીતા ઐતિહાસિકકાલના નમૂનાઓની ચર્ચા કરી છે.

### ૧. સાંપાવાડાના શૈલચિત્રો અને લખાણ.

સાંપાવાડાના શૈલાશ્રય-૨માં શ્વાન, મયૂર, હાથીસ્વાર, અને અન્ય પ્રતીકો સાથેના છ ચિત્રો મળ્યા છે. પ્રતીકો સમીપે બે મૌર્ય બ્રાહ્મીના અક્ષરો મળ્યાં છે.[૧૧] જે 'मो-रा' વંચાયા છે. તરસંગના ખડકચિત્રો સાથે મૌર્ય લાક્ષણિકતા યુક્ત બ્રાહ્મી અક્ષરો મળેલાં છે. ફૂલ-રૂપાંકન, ત્રિરત્ન, સ્વતિક, સૂર્ય-ચંદ્ર, ત્રિશૂલ અને દિવા જેવાં ચિત્રો સાથે એ આલેખાયેલા છે.[૧૨] ભિમબેટકા, ખરવાઈ, અબચંદ, નિરસિંહગઢ અને ગ્વાલીયર જેવા સ્થળોના શૈલચિત્રોમાં ભૌમિતિક, ફલ-રૂપાંકન અને પ્રતીકો સાથે બ્રાહ્મી અક્ષરો જોવા મળ્યા છે.[૧૩] વાકણકરે ચિત્ર સાથે તેમનો સમય ઈસ્વીસન પૂર્વ ત્રીજી શતાબ્દીથી પહેલાં શતક સુધીનો નિર્ધારીત કરેલો છે.[૧૪]

### ૨. ગંભીરપુરા-ઈડરના બૌદ્ધશૈલસ્તૂપચિત્રો અને લખાણ :

ગંભીરપુરા મુકામે છ અને ઈડરમાં ઈડરીયાગઢ જતા માર્ગે રૂઠીરાણીના મહેલ પાસે ૩ એમ કુલ નવ બૌદ્ધશૈલસ્તૂપચિત્રો પ્રાપ્ત થયેલાં છે. આ પૈકી શૈલાશ્રય ૧૮માં એક ઉપર આક્ષીપ્ત (superimposed) સ્તૂપાકાર સાથે બ્રાહ્મીના અક્ષરો છે. અવાચ્ય હોવા છતાં, એ "રાજસ" વાંચી શકાય છે. પ્રાચીન લિપિવિદ્યા અને મરોડને આધારે તે ચોથી-પાંચમી શતાબ્દીના હોવાનું સમજાય છે. જે ચિત્રોની શૈલી સાથે સમયાંકનમાં સહાયરૂપ નિવડ્યાં છે. જે આધારે ગંભીરપુરા-ઈડરના બૌદ્ધશૈલસ્તૂપચિત્રોને ક્ષત્રપકાલના અંત ભાગે કે શરૂઆતના ગુપ્તકાલમાં મૂકવામાં આવ્યા છે.[૧૫]

### ૩. સાંપાવાડાના શિલાચિત્રો અને શંખલિપિ લેખ :

સાંપાવાડાના મહાકાલી મંદિર સામે ઉત્તરાભિમુખ ગુહ્યાશ્રયમાં સૂર્ય-ચંદ્ર, જંગલી વૃષ પાસે શંખલિપિમાં લેખ મળેલો છે. શંખલિપિના અલંકૃત લાલ-ગેરૂરંગી ફૂલ-વેલ રૂપાંકનની જેમ ચિત્રિત

છે. (જુઓ ચિત્ર-૧) એક યા બીજી રીતે શંખલિપિ લેખ બૌદ્ધ વિષય સલગ્ન મળ્યા છે. કમનસિબે સિંધુલિપિની જેમ આપણે શંખલિપિને પણ ઉકેલી શક્યા નથી . આથી આવા વિસ્તૃત માહિતિસ્ત્રોત્રથી આપણે વંચીત રહ્યા છીએ. અન્યથા સાબરકાંઠાના શંખલિપિ લેખની સહાયથી આ વિસ્તારના બૌદ્ધ જગત અંગે જાણી શકાત. અન્યત્રથી પ્રાપ્ત આવા લેખનો સમય અનુગુપ્તકાલનો આંકવામાં આવ્યો છે. આથી હાલના તબક્કે એટલું જ કહી શકાશે, કે અનુગુપ્તકાલની મધ્યભારતની પરંપરા આ વિસ્તારમાં ચાલુ રહી હતી.[૧૬]

## ૪. વાયુશિલ્પ કે વાસુશિલ્પ અને લખાણ :

શામળાજી વિસ્તારની પાંચ ગણ કે યક્ષ કે જુદા જુદા દેવની પારેવા પાષાણની પ્રતિમાઓ મળેલી હતી. જે હાલ વડોદરા સંગ્રહાલય અને ચિત્રાલયમાં સુરક્ષિત છે. આ સમૂહ પૈકી એક શિલ્પ જેનું શીર્ષ પ્રાપ્ત થયેલ નથી. તેમાં ઉપવીતની જેમ ઘંટિકાઓનો પટો ધારણ કરેલો છે. બેઠક પર પ્રાચીન બ્રાહ્મીના બે ઉત્કીર્ણ અક્ષરો છે. જે “વાયુ” કે “વાસુ” વાંચી શકાયા છે. વાયુના મૂર્તિવિધાન સાથે આયુધો અને મૂર્તિ સુંસગત નથી. કોતરેલા શબ્દો શિલ્પનું કે દાતાનું કે શિલ્પીનું નામ હોવા સંભવ છે. જો કે અક્ષરો પાછળથી કોતરાયા હોવાનો પણ સંભવ છે.[૧૭] આ પ્રતિમાઓનો સમૂહ ઇ.સ.ના પ્રથમ-દ્વિતીય શતકનો ગણાય છે.[૧૮] આથી પ્રતિમા નીચેના લખાણનો સૌથી પ્રાચીનતમ પુરાવો ગણી શકાશે. (જુઓ ચિત્ર-૨)

## ૫. તલાજા શૈલ ઉત્કીર્ણ ગુફા પાસેથી પ્રાપ્ત મૃત્પાત્ર અને લખાણઃ

આ લેખકના સૌરાષ્ટ્રના સર્વેક્ષણ દરમ્યાન તલાજાની ઉત્કર્ણ ગુફા સમૂહ પૈકી આઠ નંબરના ગુહ્યાશ્રય પાસેથી એક લિખિત મુદ્ભાંડનો શેષ ભાગ મળેલો હતો.[૧૯] લેખીત હોવાથી તેની અગત્યતા હતી.[૨૦] તે ઘૂંટેલા લાલ વાસણ (Red Burnished Ware) પ્રકારનો છે. આ પ્રકારના વાસણોની બનાવટ સફાઈદાર જોવા મળે છે. જે સ્થાનીક કુંભાર દ્વારા નિર્મીત થતાં લાલા ઓપ ચઢાવેલ વાસણો (Red Polish Ware)ને તે મળતા આવતા હોય છે.

પ્રસ્તુત ટૂકડો ઘડાના વચ્ચેના ભાગનો હોવા સંભવ છે. ઘડાને યોગ્ય રીતે તપાવીને તૈયાર કર્યા પછી કોઈ તિક્ષ્ણ ઓજારથી અક્ષરો કાઢેલા છે. હાલમાં તે પર ત્રણ અક્ષરો જોવા મળ્યા છે. જેનો ઉપલો કેટલોક ભાગ તૂટેલો છે. ખાસ તો પ્રથમ અને દ્વિતીય અક્ષરનો ઉપરનો ભાગ નષ્ટ થેયલો છે. આ કારણે આખાય શબ્દને ઉકેલવાનું મુશ્કેલ છે. પ્રથમ અક્ષર સૂ બીજો आ અને છેલ્લો भो વાંચી શકાયા છે. મતલબ કે આ બચેલો ભાગ सुआभो દેખાય છે. પ્રાચીન લિપિવિદ્યાને આધારે આ અક્ષરો દેવની મોરીના લેખ સાથે નીકટનું સામ્ય બતાવે છે.[૨૧] આ કારણે પ્રસ્તુત મૃત્પાત્રને ક્ષત્રપ પરિપાટીના લેખના નમૂના તરીકે ગણવું જોઈએ. અને તેને ચોથી સદીના અંત ભાગમાં મૂકી શકાશે. (જુઓ ચિત્ર-૩)



ચિત્ર - ૧ : શંખલિપી લેખ - લાલોડા



ચિત્ર - ૩ : તલાજા - ગુફા પાસેથી પ્રાપ્ત મૃત્પાત્ર અને લખાણ



ચિત્ર - ૨ : વસુ કે વાયુનું શિલ્પ શામળાજી વિસ્તાર

**સંદર્ભસૂચિ :**


૧. આંતર-રાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને નવીન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પિરિચ્યુઅલ સાયકોલૉજી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 'પ્રાચ્ય હસ્તપ્રતવિદ્યાની એક કાર્યશાળા' તાજેતરમાં યોજાઈ ગઈ. આ લેખકે તા. ૧૩-૨-૨૦૦૪ના રોજ પૂર્ણાહુતી દિને દ્રશ્યશ્રાવ્ય વ્યાખ્યાન આપેલું હતું. જે ઉક્ત બેય સંસ્થાના સૌજન્યથી લેખરૂપે પ્રસ્તુત છે. ફોટોગ્રાફ્સ્ એલ.ડી.ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ અને ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતુ, ગાંધીનગરના સૌજન્યથી રજુ કરેલા છે. લેખક આ અન્વયે બેય સંસ્થાના ઋણી છે.

૨. (સં) શેખ અને પંચાલ, લલિતકલા દર્શન-ગ્રંથ-૨, દ્રશ્યકળા, અંતર્ગત ગુલામ મહોમ્મદ શેખ લિખિત પ્રકરણ, ભારતીય પરંપરા, પૃ.૩૫

૩. રવિ હજરનીસ, "પુરાવસ્તુ અને કલા", લેખકના અગામી ગ્રંથમાંથી સાભાર.

૪. (સં) પરીખ-શાસ્ત્રી, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', ગ્રંથ-૧ અંતર્ગત એસ.આર. રાવનું પ્રકરણ આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિઓ, પૃ.૧૪૯.

૫. ઉપર્યુક્ત, પૃ.૧૪૯.

૬. પ્રવીણચંદ્ર પરીખ, 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ વિકાસ', પૃ.૪૩.

૭. ઉપર્યુક્ત, પૃ.૪૩.

૮. રવિ હજરનીસ, ગુજરાતની શિલ્પ સમૃદ્ધિ એક વિહંગાવલોકન, પૃ.૩

૯. એમ.એસ.યુનિવર્સિટી ઑફ બરોડાના પુરાવસ્તુવિદ્યા વિભાગ દ્વારા વલભીપુર (સૌરાષ્ટ્ર) ઉત્ખનન હાથ ધરાયેલ હતું (૧૯૮૦) આ લેખક અને તેમના રાજ્ય સરકારના પુરાતત્ત્વ ખાતાના સાથીઓ સર્વશ્રી વર્મા, ચિતલવાલા, બારોટ, મહેતા વગેરે શિબિરાર્થિઓ હતાં. શ્રી વર્માએ ચમારડીના શૈલચિત્રોની જાણ કરતા, આ પુરાવિદોની ટીમે સર્વેક્ષણ હાથ ધરેલ હતું.

૧૦. એમ.એસ.યુનિવર્સિટી ઑફ બરોડાના પુરાવસ્તુવિદ્યા વિભાગના પી.અજિતપ્રસાદે સુખી ખીણ સર્વેક્ષણ દરમ્યાન શિલાચિત્રો આ વિસ્તારમાંથી ખોળી કાઢ્યાં હતાં.

૧૧. આંતર રાષ્ટ્રખ્યાત કલા વિવેચક(સ્વ) શિવરામમૂર્તિની અમદાવાદ મુલાકાત વેળાએ આ લેખકને શબ્દ વાચન અને મૌર્ય બ્રાહ્મી હોવાનું સમયાંકન તેમણે કરી આપેલ હતું. લેખક આ અંગે તેઓશ્રીના ઋણી છે. તરસંગ, ભિમબેટકા, ખરવાઈ, અબચંદ અને ગ્વાલીયરના ખડકચિત્રો અને તેમાના બ્રાહ્મી અક્ષરો આજ સમયના હોવાનું સુચક અને સહાયરૂપ છે.

૧૨. V.H.Sonawane, Rock Painting at Tarsang, Journal of Oriental Institute, Baroda, Vol. 31, 1982, P. 293-299.

૧૩. Vakankar and Brooks, Stone Age Painting in India, 1976, (see style-11, P.98)

૧૪. Ibid, style-11, P.98.

૧૫. (Ed) Dhaky and Jain, Bechardas Doshi commemonation Volume અંતર્ગત Ravi Hajarnis, "Gambhirpura Rock Painting" P. 101 to 103.

૧૬. રવિ હજરનીસ અને વર્મા, સાબરકાંઠાનાં પ્રાચીન શૈલાશ્રયચિત્રોનું સમયાંકન "વિદ્યાપીઠ", સપ્ટે-ઓક્ટો, અંક-૧૦૧, ૧૯૭૯, પૃ.૪૮ અને રવિ હજરનીસ, પુરાવસ્તુ અને કલા, "લેખકના અગામી પ્રસિદ્ધ થનાર ગ્રંથમાંથી સાભાર.

૧૭. U.P.Shah, Sculptures from Samalaji and Roda, Bulletin of the Baroda Museum, 1960,

P.127 Note-55, Plate-55.

૧૮. (સં) પરીખ અને શાસ્ત્રી, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૨, અંતર્ગત ઉમાકાંત શાહ લિખિત પ્રકરણ, શિલ્પકૃતિઓ.

૧૯. તલાજા માટે જુઓ James Burgess, Antiquities of Kathiāwad and Kutch, London 1878-II.

૨૦. હાલ આ લિખિત મૃત્પાત્રનો ભાગ ગુજરાત રાજ્ય, પુરાતત્ત્વ ખાતાનાં સંગ્રહમાં સુરક્ષિત છે. વધુ માટે જુઓ Ravi Hajarnis, An inscribed pot-sherd from talājā, Journal of Oreintal Institute, Vol, XXIV, March-June 1975, No-3-4, P.444.

૨૧. R.N. Mehta and S.N.Chowdhary, Excavation at Dev-ni-Mori, P.120-21, Plate XXV.

તલાજાથી મળેલું મૃત્પાત્ર અને બ્રાહ્મી લખાણ. ચિત્ર-૩

સાંપાવાડા શંખલિપિલેખ અનુગુપ્તકાલ. ચિત્ર-૧

"વાસુ" કે "વાયુ"નું શિલ્પ-શામળાજી. વિસ્તાર ચિત્ર-૨

★ પુર્વ સહાયક પુરાતત્ત્વ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદ. અને હાલ, માનદ્ નિયમાક, ગુજરાત મ્યુઝીયમ સોસાયટી, એન.સી.મહેતા ગેલેરી, અમદાવાદ.

□ □ □

# કવિ મંત્રી વસ્તુપાલ અને તેના સમકાલીન કવિઓ*

**વિભૂતિ વિ. ભટ્ટ**

૧૨મી સદીમાં શ્રી હેમચંદ્રાચાર્યનું શિષ્યમંડળ રાજા સિદ્ધરાજ અને કુમારપાલની સભામાં પ્રસિદ્ધિ પામ્યું તેમ રાણકમંત્રી શ્રી વસ્તુપાલના ધોળકાના દરબારમાં સોમેશ્વરદેવ કવિ અને તેના સમકાલીન કવિઓ, વિવિધ રાજ્યના મંત્રીઓ, કવિઓ, ભાટ-ચારણો વગેરે ગુજરાતનું ગૌરવ વધારવા માટે તેમની કૃતિઓનો સતત રચનાસ્રોત અને રસનામૃત વહાવતા હતા; કેમકે વસ્તુપાલ પોતે મહાકવિ, શીઘ્રકવિત્વશક્તિ ધરાવતો, ગુણરત્નોનો પારખનાર, ગુણગ્રાહી, ગુણપ્રિય, કવિત્વશક્તિનો પ્રોત્સાહક અને આશ્રયદાતા હતો. તેથી સોમેશ્વર વગેરે કવિઓએ તેને કાવ્યગોષ્ઠી ગોઠવનાર 'સરસ્વતીપુત્ર' કહ્યો છે. તે જ્યાં જ્યાં જતો ત્યાં તેની આસપાસ કવિઓ, યાચકો, ધર્મપ્રેમીઓ સતત વીંટળાયેલા જ રહેતા.

રાજ્યવહીવટમાંથી આ મંત્રીને મહાકાવ્ય અને વિવિધ સ્તોત્રો રચવામાં રસ હોય તો પણ ક્યાંથી સમય મળતો હશે ? તેનો નાનો ભાઈ તેજપાલ, તેના પુત્ર અને વસ્તુપાલના પુત્ર જયંતસિંહ પોતાનો બધો કાર્યભાર સંભાળી લેતા તેથી અહીં તેને મહામાત્ય કે રાજકારણી તરીકે નહિ, પરંતુ કવિ વસ્તુપાલનો કવિવૃંદમાં કેવો સંપર્ક—સંબંધ હતો, તેના વ્યક્તિત્વનું આ વિશિષ્ટ પાસુ હતું તેનો વિચાર કરીએ.

પોતાના ધર્મગુરુએ પોતાની યાત્રા સંઘપતિ તરીકે કરેલી તેની યાદમાં 'સંઘપતિચરિત્ર'ની રચના કરેલી. તેની એક હસ્તપ્રત વસ્તુપાલે સુવર્ણાક્ષરે સ્વહસ્તે લખીને ગુરુભક્તિ સિદ્ધ કરી હતી.[1] અને તેની અનેક નકલો તૈયાર કરાવીને સરસ્વતી દેવીની ઉપાસના કરી; અને એક પ્રત સિદ્ધાંતને લગતી સુવર્ણશાહીથી લખી અને બીજા પંડિતોએ છ તાડપત્રીય હસ્તપ્રતો કાળી શાહીથી લખીને તૈયાર કરી. આ રીતે ૭ કરોડ દ્રવ્ય ખર્ચીને ૭ સરસ્વતીકોશ-જ્ઞાનભંડારો—તૈયાર કર્યા. શ્રી કૃષ્ણચરિતના આધારે રચેલા તેના नरनारायणानन्द મહાકાવ્યના પ્રત્યેક સર્ગને અંતે અન્ય કવિએ રચેલા પ્રશસ્તિશ્લોક છે. 'વસ્તુપાલચરિત'માં જિનહર્ષગણિએ અને વસ્તુપાલે પોતાના મહાકાવ્યને અંતે 'સોમેશ્વર અને હરિહર વગેરે'; ઉપદેશતરંગિણી અને જૈનપ્રબંધોમાં એ બધા કવિઓના ઉલ્લેખો જોવા મળે છે. કવિઓ તેને 'વસંતપાલ' કહેતા. શત્રુંજય પર્વત પર આવેલા શ્રીનાભિસૂનુપ્રભુના દર્શનામૃતનું પાન કરીને ઉત્કંઠિત થઈને આદિજિનેશ્વર પ્રભુનું નવું સ્તવન વસ્તુપાલે રચ્યું જે ૧૨ શ્લોકોનું, રૈવતાદ્રિ પરના નેમિનાથનું ૧૮ શ્લોકોનું गूर्जरेश्वरमहामात्य વસ્તુપાલે રચ્યું એવું તેની પુષ્પિકા પરથી સ્પષ્ટ છે. અંબિકાસ્તોત્રમાં

---

* ગુજરાત રાજ્ય સંસ્કૃત અધ્યાપક મંડળના ૨૮મા અધિવેશનમાં વાંચેલો નિબંધ.

'गूर्जरचक्रवर्तिसचिवश्रीवस्तुपालः कविः' છે, પરંતુ તેની પુષ્પિકામાં તો महामात्यश्रीवस्तुपाल કહ્યું છે. 'आराधना' માંના કેટલાક શ્લોકો અન્ય કવિઓના મુખે બોલાયેલા હોવા સંભવ છે. જેમકે પ્રથમ શ્લોક સોમેશ્વરકૃત કીર્તિકૌમુદી સર્ગ ૮ અને 'કર્ણામૃતસુભાષિતાવલી'ના પ્રકીર્ણ શ્લોકોમાં છે. એ રીતે અન્ય શ્લોકો પણ વિચારી શકાય; અને તે શ્લોકો વસ્તુપાલની ઉત્તરાવસ્થામાં પાકટવયે રચાયા હોવા સંભવે છે. સ્તોત્રની અંદર કર્તા-કવિનું નામ નથી માત્ર તેની પુષ્પિકામાં मन्त्रीश्वरवस्तुपालकृता आराधना છે. તેમાં કવિમંત્રીએ પોતાના જીવનમાં કંઈક સત્કૃત્યો કરવામાં, આરાધના કરવામાં ભૂલો થયેલી હોય તેની ક્ષમાપના અને પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો છે, અને દેવીની વધુ નિકટ પ્રગતિ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.[2]

આવા સન્નિષ્ઠ સત્પુરુષ કવિના સમકાલીન કવિઓ તો અનેક જગ્યાએ ઉલ્લેખાયેલા છે જે પૈકી ૧૦ વસ્તુપાલપ્રશસ્તિઓ અને શત્રુંજય પર્વતપરના બે 'संचारपाजा' કર્યા અંગેના શિલાલેખોરૂપે પ્રશસ્તિઓ છે;[2અ] એમાં જાણીતા કવિઓ ઉપરાંત દામોદર અને દોદર નામના બે કવિઓનો ઉમેરો થયો છે, તે નોંધપાત્ર છે. એના અનેક સત્કૃત્યોની પ્રશંસા માટે અનેક કવિઓએ કાવ્યો, નાટક, પ્રશસ્તિઓ, શિલાલેખોમાં પ્રશસ્તિઓ ઇત્યાદિની રચના કરતાં સંતોષ માન્યો નથી. એ કવિઓનું એક 'સાહિત્યવર્તુલ' બંધાઈ જવાથી સ્વ. પ્રો. ભોગીલાલ સાંડેસરાએ પોતાના મહાનિબંધનો મુખ્ય વિષય બનાવીને તેમનો પરિચય આપ્યો છે ; અને હજી પણ તેના સાહિત્યમંડળના અન્ય પ્રત્યેક કવિ અંગે મહાપ્રબંધ રચાય એટલી વિપુલ સામગ્રી ગુજરાત પાસે પડેલી છે.

અહીં કવિ વસ્તુપાલના સમકાલીન કવિઓમાં અગ્રેસર કવિ સોમેશ્વર અને વસ્તુપાલ-તેજપાલના સંપર્કમાં આવેલા કેટલાક કવિઓના પ્રસંગો જૈન પ્રબંધોને આધારે સંક્ષેપમાં નિરૂપવામાં આવ્યા છે. તેમાંય ખાસ કરીને મંત્રીઓની નિયુક્તિની ભલામણ ઉપરાંત તેમના સુખ-દુઃખના સાથી તરીકે ગાઢ અને સુદીર્ઘ પરિચયમાં આવનારા અને સાથે રહેનારા વસ્તુપાલ-સોમેશ્વર ઉપરાંત અન્ય કવિઓ વિશે થોડો વિચાર કરીએ.

એક વાર સંઘયાત્રા કરીને પાછો ધોળકામાં સંઘપતિ વસ્તુપાલ પ્રવેશે છે ત્યારે સોમેશ્વર અને અન્ય કવિઓ પણ ત્યાં ઉપસ્થિત હતા. તે પ્રસંગે મંત્રીના સ્વાગત નિમિત્તે સોમેશ્વરે સભામાં આ શ્લોકનું વાચન કર્યું.

पाणिप्रभाविहितकल्पतरुप्रवालश्चौलुक्यभूपतिसभा नलिनीमरालः ।
दिग्चक्रवालविनिवेशितकीर्तिमालः श्रीमानयं विजयति भुवि वस्तुपालः ॥[3]

આમ કહીને સોમેશ્વરે વિજયી વસ્તુપાલને આશીર્વાદ આપ્યા હતા. આ પરથી સોમેશ્વર અને અન્ય કવિઓ પણ ધોળકામાં સાથે જ નિવાસ કરતા ને પ્રસંગોપાત્ત કવિસત્રમાં કે સંઘયાત્રા જેવા શુભકાર્યોમાં ઉપસ્થિત રહેતા.

બીજા એક પ્રસંગે ઉપરોક્ત શ્લોક સાંભળ્યા પછી વસ્તુપાલે નીચું જોયું ત્યારે એ જોઈને સોમેશ્વરે કહ્યું-

एकस्त्वं भुवनोपकारक इति श्रुत्वा सतां जल्पितं
लज्जानम्रशिरो धरातलमिदं यद्वीक्ष्यसे वेद्मि तत् ।

वाग्देवीवदनारविन्दतिलक ! श्री वस्तुपाल ! ध्रुवं
पातालद्बलिमुद्दिधीर्षुरसकृन्मार्गं भवान् मार्गति ॥[४]

આ શ્લોક સાંભળીને પ્રસન્ન થયેલા વસ્તુપાલે સોમેશ્વરને ૪૪ હજાર દ્રમ્મ ઈનામમાં આપ્યા. આ જ શ્લોક નાગડ કવિએ ગાયેલો ત્યારે મંત્રીએ તેને ૧૬ હજાર દ્રમ્મ આપેલા (પુ. પ્ર. સં. પૃ. ૧૦)

એક વાર મંત્રી रैवतक पर्वत (સૌરાષ્ટ્ર-જૂનાગઢ પાસે) ચડી ગયો. તેના સંઘના યાત્રીઓ પણ ચડી ગયા. તેમની સાથે સોમેશ્વર પણ ગયો હતો. નેમિનાથની પૂજા આરતી બધું પૂરું થયા પછી મંત્રી ફળ, સંપત્તિ વગેરે યાચકોને વહેંચતો હતો તે જોઈને સોમેશ્વરે શીઘ્ર કવિતા આ રીતે ગાઈ.

इच्छासिद्धि समन्विते सुरगणे कल्पद्रुमैः स्थीयते
पाताले पवमान भोजनजने कष्टं प्रणष्टो बलिः ।
नीरागानगमन् मृनीन् सुरभयश्चिंतामणिः क्वाप्यगात्
तदिस्मादर्थिकदर्थनां विषहतां श्रीवस्तुपालः क्षितौ ॥[५]

વિ. સં. ૧૨૭૬-૭૭માં મંત્રીમુદ્રા સ્વીકાર્યા બાદ શુભમુહૂર્તમાં વસ્તુપાલ ખંભાત ગયો. ત્યાં ભરૂચના રાજા શંખને યુદ્ધમાં પાછો હઠાવ્યો અને વિજયી બન્યો. તેની જીતના પ્રસંગને વધાવવા માટે રાજાની સૂચનાથી સોમેશ્વરે તેની આ રીતે પ્રશંસા કરી-

श्री वस्तुपाल ! प्रतिपक्षकाल ! त्वया प्रपेदे पुरुषोत्तमत्वम् ।
तेऽपि वर्द्धेरकृतेऽपि मात्स्ये दूरं पराजीयत येन शंखः ॥[६]

અહીં પુરુષશ્રેષ્ઠ મંત્રી વસ્તુપાલે પુરુષોત્તમ-વિષ્ણુભગવાનથી શ્રેષ્ઠતાની પદવી પ્રાપ્ત કરી. સાથે સાથે મિત્રની પ્રશંસા તથા ઈષ્ટદેવનું સ્મરણ કર્યું છે, ઉપરોક્ત પ્રસંગની મહત્તાને કેન્દ્રમાં રાખીને હરિહરે 'शंखपराभवव्यायोग' રચ્યું. ઉપરાંત અરિસિંહ, જિનહર્ષગણિ, સોમેશ્વર ઇત્યાદિ મંત્રીના સમકાલીન અને ઉત્તરકાલીન કવિઓએ વસ્તુપાલને નવાજ્યા છે.

આ વિજય પછી મંત્રી સૈન્ય સાથે સ્તંભતીર્થથી ધોળકા પાછો આવ્યો ત્યારે ઉપરોક્ત કવિઓ પણ ત્યાં ઉપસ્થિતિ હોવાનું નિશ્ચિત છે. મંત્રી થતા પહેલાં વસ્તુપાલની કવિત્વશક્તિ તો વિકસેલી હતી જ તેના અનેક ઉલ્લેખો છે. એક વાર સમુદ્રતટે નાવમાંથી ઘોડા ઉતારવામાં આપતા હતા ત્યારે મંત્રીએ પાસે ઉપસ્થિત રહેલા મિત્ર સોમેશ્વરને સમસ્યા પૂછી-

"प्रावृट्काले पयोराशिः कथं गर्जितवर्जितः ?"

તરત જ સોમેશ્વરે તે આ રીતે પૂરી કરી-

अन्तःसुप्तजगन्नाथनिद्राभङ्गःभयादिव ॥[७]

આથી પ્રસન્ન થઈને વસ્તુપાલે ૧૬ ઘોડા આપીને સોમેશ્વરની શીઘ્ર કવિત્વશક્તિની કદર કરી

હતી.

ફરીથી એકવાર મંત્રી વસ્તુપાલે સોમેશ્વરને સમસ્યા આપી-
"काक: किं वा क्रमेलक: ?"

સોમેશ્વરે એ આ રીતે પૂરી કરી આપી-

येनागच्छज्जमाख्यातो येनानीतश्च मत्पति: ।

प्रथमं सखि ! क: पूज्य: काक: किं वा क्रमेलक: ?[૮]

આ વખતે પણ સોમેશ્વરને ૧૬ હજાર દ્રમ્મ કવિ મિત્ર મંત્રી પાસેથી મળ્યા.

આ રીતે બંને કવિમિત્રોની કાવ્યક્રીડા ચાલ્યા કરતી.

દાનમંડપિકામાં અઢળક દ્રવ્યદાન કરતા મંત્રીને જોતાં, કોઈક કવિ સોમેશ્વરે पीयूषादपि पेशला:...... શ્લોક કહ્યો.[૮અ] આ સાંભળીને મંત્રીએ સોમેશ્વરને ૨૩ લાખ (દ્રમ્મ) આપ્યા. આ પ્રસંગ પરથી તે સમયની ધાર્મિક સહિષ્ણુતા ઉપરાંત ધાર્મિક ઉદારતા પ્રવર્તતી જોવા મળે છે.

આ પરથી કવિવૃંદ માત્ર રાજદરબારમાં જ નહિ પરંતુ મંત્રી જ્યાં જાય ત્યાં, યાત્રાસ્થળોએ પણ અને મંત્રીએ યોજેલા કવિત્વસત્રમાં પણ એકઠાં થતાં.

એકવાર પોતાની વૃદ્ધાવસ્થા નજીક આવતી જોઈને ઉદાર ચહેરે પૃથ્વી પર નીચે જોતાં મંત્રી બેઠા હતા. મનમાં યાત્રાએ જવાનો વિચાર કરતા હતા તેવામાં તેની પાસે સોમેશ્વર આવ્યો, તેને બેસવાને આસન આપ્યું ત્યારે સોમેશ્વરે આજુબાજુ જોતાં જોતાં કહ્યું -

अन्नदानै: पय:पानै: धर्मस्थानैश्च भूतलम् ।
यशसा वस्तुपालेन रुद्धमाकाशमण्डलम् ॥[९]

આ જ શ્લોક બીજા કોઈક કવિએ ૯ વાર મંત્રીને કહ્યો તેથી મંત્રીએ તે બધાને ૯ હજાર આપ્યા. ઉપરોક્ત શ્લોકના પ્રસંગ પરથી વસ્તુપાલનો છેલ્લી યાત્રાનો વિચાર હોવા સંભવે છે. અને કવિની પણ મંત્રી સાથેની છેલ્લી મુલકાત હોવી જોઈએ. ઉપરોક્ત શ્લોક અન્ય પ્રસંગે કોઈક બ્રાહ્મણે સભામાં પ્રવેશતી વખતે, મંત્રીએ આસન આપ્યું ત્યારે બોલ્યો એમ પણ નોંધાયું છે.

બંને મંત્રીઓ એ એક વાર ખૂબ જ ધન, ભૂમિ વગેરે સોમેશ્વર વગેરેને તથા ગરીબોમાં વહેંચ્યું. ત્યારે સોમેશ્વરે એક શ્લોક કહ્યો-

सूत्रे वृत्ति कृता पूर्वं दुर्गसिंहेन धीमता ।
विसूत्रे तु कृता तेषां वस्तुपालेन मन्त्रिणा ॥[१०]

વસ્તુપાલે નિષ્કંટક રાજ્ય વીસલદેવને સોપ્યું તે પ્રસંગે પણ ઉપરોક્ત શ્લોક નોંધાયો છે, પણ 'કોઈક કવિ'એ કહ્યો એ રીતે.

આમ એક જ શ્લોક જુદા જુદા સંદર્ભમાં નોંધાયેલા જોવા મળે છે.

આ પરથી સોમેશ્વર કવિ સતત રાજસભામાં હાજર હોવાનું પ્રતીત થાય છે.

મંત્રી વસ્તુપાલે સોમેશ્વરની રાજગુરુ અને કવિ તરીકે પ્રશંસાપૂર્વક ઓળખાણ આપી તે સોમેશ્વરે પોતાના 'ઉલ્લાઘરાઘવ' નાટકની પ્રસ્તાવનામાં કહ્યું કે ચૌલુક્ય રાજાઓ જેના ચરણમાં વંદન કરતા, રાણક વીરધવલ તેને પિતા તુલ્ય સંન્માન કરીને વંદન કરતો.

ગોધરાના ઘૂઘુલ રાજાનો પરાજય કરીને મંત્રી તેજપાલ ધોળકામાં પ્રવેશ્યો. લાકડાના પાંજરામાં પૂરેલા ઘૂઘુલને વીરધવલ સમક્ષ અર્પણ કરવાથી પ્રસન્ન થયેલા વીરધવલે સભા ભરીને તેજપાલનું સ્વાગત કર્યું અને તેના ઇશારાથી સોમેશ્વરે પ્રસંગોચિત શ્લોક કહ્યો-

मार्गे कर्द्दमदुस्तरे जलभृते गर्ताशतैराकुले,
खिन्ने शाकटिके भरेऽति विषमे दूरं गते रोधसि ।
शब्देनैतदहं ब्रवीमि महता कृत्वोच्छ्रितां तर्जनी-
मीदृक्षे गहने विहाय धवले वोढुं भरं कः क्षमः ? पु.प्र.सं.पृ.. ६९

યાત્રાએ બંને મંત્રીઓ નીકળ્યા ત્યારે તેમને ભેટમાં મળેલું સુવર્ણ, દ્રવ્ય હતું. તેથી બંને ભાઈઓએ મંત્રણા કરીને એ દ્રવ્ય ધર્મ-પુણ્ય કાર્ય માટે ખર્ચવાનો નિશ્ચય કર્યો, કેમકે દ્રવ્યને ભૂમિમાં સંતાડવા જતાં બીજું અઢળક દ્રવ્ય પ્રાપ્ત થયું. આથી સોમેશ્વરે પ્રશંસા સાથે શાસ્ત્રબોધ યાદ કર્યો-

पन्थाममेको न कदापि गच्छेदितिस्मृतिप्रोक्तमिव स्मरन्तौ ।
तौ भ्रातरौ संसृतिमोहचौरे संभूय धर्मेऽध्वनि सम्प्रवृत्तौ ॥[११]

આ રીતે આ મંત્રી બેલડીના સતત સાહચર્ય પ્રત્યે સોમેશ્વરે આપણું ધ્યાન દોર્યું છે અને આપણને તે બંને સાથેનું સોમેશ્વરનું પણ સાહચર્ય પ્રતીત થયા વિના રહેતું નથી. આથી સોમેશ્વર અને મંત્રીઓ પરસ્પર ગાઢ પરિચય ધરાવતા મિત્રો પણ હશે જ તેથી પરસ્પરની મુશ્કેલીમાં પણ કામ લાગતા હોવા જોઈએ એવું કેટલાક પ્રસંગો પરથી સમજી શકાય છે. બંને મંત્રીઓને 'ઘટસર્પ'ની કસોટીમાંથી પસાર થવું પડેલું, તેમાંથી સોમેશ્વરે તેમને છોડાવેલા. ખાસ કરીને વીસલદેવ રાણક બન્યા પછી એવી કસોટીઓ મંત્રીઓને થયેલી. વીસલદેવને તેનું રાજ્ય નિષ્કંટક બનાવીને સોંપ્યું તો પણ !

બીજા કોઈક પ્રસંગે સોમેશ્વરે વસ્તુપાલમાં ક્યા ગુણો છે તેનું વર્ણન કર્યું-

बाणे गीर्वाणगोष्ठीं भणति मघवति ब्रह्मभूयं प्रपन्ने,
व्यासे विद्यानिवासे कलयति च कलां कैशवीं कालिदासे ।
माघे मोघां मघोनः सफलयति दृशं चाद्य वाग्देवतायाः,
सोऽयं धात्रा धरित्र्यां निवसनसदन प्रस्तुते वस्तुपालः ॥ पु.प्र.सं.पृ. ७४

અહીં વસ્તુપાલના કાવ્યતત્ત્વની બાણ, વ્યાસ, ઇન્દ્ર, કાલિદાસ અને સરસ્વતી દેવીના સંદર્ભમાં

સોમેશ્વરે પ્રશંસા કરી તેથી તેને મંત્રીએ ૧૦ હજાર દ્રમ્મ આપીને કદર કરી.

વામનસ્થલીના સોમાદિત્ય ઉપરાંત માધવ કવિએ 'સરસ્વતીસંગતકાંતમૂર્તિ' श्लोक કહ્યો. તેને પણ ૪૦ દ્રમ્મ આપ્યા. આ ઉપરાંત નરચંદ્ર અને નરેન્દ્રપ્રભસૂરિ પણ મંત્રીની સભામાં હતા. તેમણે પણ વસ્તુપાલના પ્રશસ્તિશ્લોકોની રચના કરી છે. તે પણ સચવાયા અને પ્રસિદ્ધ થયેલા છે.

એક વાર स्तम्भनक (થામણા)ના શ્રી પાર્શ્વનાથને નમવાને વસ્તુપાલ-તેજપાલ સંઘ લઈને આવ્યા. સંઘના આગ્રહથી મલ્લવાદી અધ્યક્ષને બોલાવ્યા. અધ્યક્ષે સમસ્યા જેવો શ્લોક મંત્રીને કહ્યો. તે મંત્રીને શૃંગારભર્યો લાગ્યો... એ પછી ૮મી રાત્રિએ કવિઓની સભામાં વિવિધ શ્લોકો કવિઓએ રજૂ કર્યા (प्र. को.). એ બધાને મંત્રીએ ૧૦ હજાર આપ્યા. એ શ્લોકો પૈકી જયસિંહસૂરિકૃત वस्तुपाल-तेजपालप्रशस्ति, श्लो. नं ७६; प्र. को. શ્લોક નં ૨૭૩, પૃ. ૧૧૦, એ પછીનો શ્લોક નં. ૨૭૪-૨૭૫ "કોઈક કવિએ" નહિ પણ સોમેશ્વરે ઉચ્ચાર્યા હોવાનું સ્પષ્ટ છે, કેમ કે તે 'વસ્તુપાલચરિત' અને नरनारायणानन्द માં (પૃ. ૭૩) પણ ઉલ્લિખિત છે.

પુ.પ્ર.સં.માં वस्तुपालप्रबन्ध પૂરો થતાં પહેલા તેમના મૃત્યુ પછીના શ્લોકો પૈકી પહેલા ૮ શ્લોક (૨૧૨-૨૨૯) પૃ. ૭૧ પં. યશોવીર કે જે જાલોરનો મંત્રી ઉપરાંત સ્થાપત્યકલાનો પણ જાણકાર હતો, મંત્રી સાથે યાત્રાએ પણ જતો. તેણે એ શ્લોકો રચ્યા છે. તેની પ્રશંસા સોમેશ્વરે કી.કૌ.ની 'કવિવંદના'માં કરી છે. એ પછીના ૮-૨૪ (નં. ૨૩૦-૨૬૬) શ્લોક સોમેશ્વરદેવે રચેલા છે.

**કવિ હરિહર અને પં. સોમેશ્વર**ની વચ્ચે વૈમનસ્ય પછી મૈત્રીનો પ્રસંગ જૈન પ્રબંધોમાં પ્રસિદ્ધ છે. (प्र. को. 'हरिहरप्रबन्ध', पृ. ५९-६१).

શ્રી હર્ષ (ઈ. સ. ૧૧૭૪ની આસપાસ)નો વંશજ હરિહર કવિ ગૌડ (બંગાળ) દેશનો સિદ્ધસારસ્વત હતો. તે ગુર્જર ભૂમિ પર આવ્યો ત્યારે તેની સાથે બસો ઘોડા, ૫૦૦ માણસો, ૫૦ હાથીઓ અને ખૂબ અન્ન, જે તેને દાનમાં મળેલું હતું તે સાથે લાવ્યો હતો. ધોળકા ગામની ભાગોળે તે આવી પહોંચ્યો, પછી તેણે એક હાજર જવાબી વાક્પટુ બટુ શિષ્યને ત્રણ શ્લોકો આપીને રાણક વીરધલની સભામાં મોકલ્યો. તેણે રાણકને તેનો શ્લોક તથા શ્રી વસ્તુપાલને તેનો શ્લોક આશીર્વાદપૂર્વક હરિહરે મોકલેલા તે સંભળાવ્યા તેથી બંને ખુશી થયા. પછી વસ્તુપાલ તે બટુને લઈને પં. સોમેશ્વર સમક્ષ આવ્યો અને બટુએ હરિહરનો શ્લોક સંભળાવ્યો. તેથી કદાચ અંજાઈ જઈને કે ઈર્ષ્યા કે માત્સર્યથી સોમેશ્વરે નિસાસો નાખ્યો, અને નીચે જોયું. બટુ ક્યારે જતો રહ્યો એનો ખ્યાલ ન રહ્યો. વીરધવલ અને મંત્રી હરિહરના શ્લોકોથી તેના ગુણોની ચર્ચા કરીને આનંદિત થયા અને બીજે દિવસે "ખાસ સભા ભરીને ખૂબ માન-દાન આપીને સત્કાર કરીએ." એમ મંત્રીએ કહ્યું. "બરાબર છે" રાણકે કહ્યું. બટુ ઉઠીને હરિહરની પાસે ગયો અને રાણક મંત્રીની સજ્જનતા અને સોમેશ્વરના દુર્માનસનું વર્ણન કર્યું. તેથી હરિહર સોમેશ્વર પ્રત્યે ગુસ્સે થયો. સવાર પડી. રાણક મંત્રી ચાર વર્ણો અને વિદ્વાનોની સમક્ષ બધા ઉપસ્થિત થયા. હરિહર મળ્યો. તેણે વીરધવલ પ્રત્યે કહ્યું :

शंभुर्मानससंनिधौ सुरधनी मूर्ध्ना दधानः स्थितः.......
.......तव प्रतापदहनं ज्ञात्वोल्बणं भाविनम् ॥

दृष्टस्तेन शरान्किरन्नभिमुख......दृष्टो येन रणाङ्गणे सरभसश्चौलुक्यचूडामणिः ॥ १६२-१६३

પંડિતે બટુને પૂછ્યું : 'આ સભામાં સોમેશ્વર છે કે નહિ ?' બટુએ કહ્યું 'એ ક્રોધને લીધે આવ્યા નથી'. એ એના પ્રત્યે વૈમનસ્ય ધરાવતો થયો. ત્યારથી એવું જાણીને તે સ્થિર ઊભો રહ્યો. પછી હરિહરનો સભાપ્રવેશ થયો. રાણકે તેને મહેલ, વસ્ત્ર, ચાકર, ઘોડા, સોનું-ચાંદી વગેરે આપ્યું. આ કેવો ચમત્કાર ? પોતે આપવા સાથે લાવેલો અને અહીં તેને ઉપરથી મળ્યું ! એ મંત્રીને ઘેર ગયો. મોટી સભા ભરાઈ. મંત્રીએ ઊભા થઈને કહ્યું :

मुधा मधु मुधा सीधु मुधा सोऽपि सुधारसः ।
आस्वादितं मनोहारि यदि हरिहरवचः ॥१६४॥

પંડિતે કહ્યું, દેવ ! લઘુ ભોજરાજ ! તમે ધ્યાનથી સાંભળો. અમે પંડિત છીએ. અમારી માતા સરસ્વતી છે... એ પ્રમાણે કાવ્યગોષ્ઠી થતી હતી તેવામાં કોઈ એક આ શ્લોક મોટેથી બોલતો બોલતો ત્યાં આવ્યો-

देवस्वर्नाथ कष्टं.....

प्रीत्यादिष्टोऽयमुष्यांस्तिलकयति तलं वस्तुपालच्छलेन ॥१६८॥

એ પ્રમાણે તેણે લાંબુ કાવ્ય કહ્યું, તેને ઘણું દાન આપીને મંત્રીએ 'कल्पद्रुम'નું બિરુદ સાર્થક કર્યું. અને તે યાચક પણ સંતુષ્ટ થયો.

કેટલાક દિવસો વ્યતીત થયા પછી પંડિતોની સભા મળી ત્યારે સોમેશ્વરની ઉપસ્થિતિ હતી ત્યારે રાણકે હરિહરને કહ્યું, 'પંડિત ! આ ગામમાં અમે વીરનારાયણ નામનો મહેલ કરાવ્યો છે. તેની પ્રશસ્તિનાં ૧૦૮ કાવ્યો સોમેશ્વરદેવ પાસે કરાવ્યાં છે. તે આપશ્રી ધ્યાનથી સાંભળો એમાં એટલી શુદ્ધિ છે કે જેથી તમને તેના જ્ઞાનનો ચોક્કસ ખ્યાલ આવશે.' 'મહાલક્ષ્મીની દૃષ્ટિએ જોતાં એમાં કંઈ નાણાની પરીક્ષા કરવાની હોય ? હરિહરે કહ્યું, 'તો તે કહેવડાવશો.' સોમેશ્વરે એ કહ્યા. તે સાંભળીને હરિહરે કહ્યું- 'દેવ ! અમને આ કાવ્યો સારી રીતે પરિચિત છે. અમે જ્યારે માળવામાં આવેલી ઉજ્જયનીમાં ગયા હતા ત્યારે ત્યાં આવેલા સરસ્વતીકંઠાભરણ મહેલમાંના ગભારામાં આવેલી પટ્ટી પર શ્રી ભોજદેવના આ વર્ણનનાં કાવ્યો અમે જોયાં છે. જો વિશ્વાસ ન આવતો હોય તો તે અનુક્રમે સંભળાવું' એમ કહીને અનુક્રમે અટક્યા વિના, ભૂલો વિના તેનો કડકડાટ પાઠ બોલી ગયો. આથી રાણક દુઃખી થયો. ખલજનો પ્રસન્ન થયા. વસ્તુપાલ વગેરે સજ્જનો વ્યથિત થયા. સભા વીખરાઈ ગઈ. સોમેશ્વર તો જાણે હણાઈ ગયો કે મરાઈ ગયો કે જડાઈ ગયો : हत इव, मृत इव, स्तम्भित इव, जडित इव जातः सोमेश्वरः । गतः स्वगृहात् ह्रिया वदनं न दर्शयति गृहेऽपि का कथा राजादिसदनगमनस्य ? એવો તે ઘેર ગયો. તે પોતાના ઘરમાં પણ પોતાનું મોં બતાવતો નથી તો રાજસભામાં જવાની તો વાત જ શી ?

હવે સોમેશ્વરે વસ્તુપાલને ઘેર જઈને કહ્યું-હે મંત્રી ! એ શ્લોકો તો મારા જ છે, બીજાના રચેલા નથી. મારી કવિત્વશક્તિ તો તું જાણે છે. હરિહરે એ રીતે મને વગોવ્યો છે. 'હવે હું શું કરું ?' મંત્રીએ કહ્યું, 'તેના જ શરણે જા.' કેમકે-

भजते विदेशमधिकेन जितस्तदनु प्रवेशमथवा कुशलैः ।
मुखमिन्दुरुज्ज्वलकपोलमितः प्रतिभाच्छलेन सुतनोरविशत् ॥

એ ન્યાયે પંડિતે કહ્યું-'તો તેને ત્યાં મને લઈ જા.' મંત્રીએ એ પ્રમાણે કર્યું. પંડિત સોમેશ્વરને બહાર બેસાડીને મંત્રી જાતે હરિહરની પાસે ગયો, અને કહ્યું-'પંડિત સોમેશ્વરદેવ તારી પાસે વિનંતી કરવા માટે આવ્યો છે.' હરિહર હસ્યો. પોતાની પાસે બોલાવ્યો. તેને ઊભો કરીને ભેટીને મોટા આસન વગેરેથી સત્કાર કર્યો. સોમશ્વરે કહ્યું-'પંડિત ! પારકા કાવ્યની ચોરીના કલંકરૂપી કાદવમાંથી મને ઉગારો.' જેમકે-

आगतस्य निजगेहमप्यरेर्गौरवं विदधते महाधियः ॥
ममात्मसदनं समेयुषो गीष्पतिर्व्यधित तुङ्गतां कवेः ॥८॥[१२]

હરિહરે સંતુષ્ટ થઈને કહ્યું-'આપ ચિંતા ન કરશો. તમને ફરીથી ગૌરવ-માન અપાવીશ.' મંત્રી અને સોમેશ્વર પોતપોતાને ઘેર ગયા. બીજે દિવસે પ્રાતઃકાળે રાણકની સભા ભરાઈ. તેમાં સોમેશ્વરને બોલાવડાવ્યો. સભાની શરૂઆત થઈ. હરિહરે કહ્યું, 'સરસ્વતી દેવીનો જય થાવ, જેમની કૃપાથી મને કવિત્વશક્તિ પ્રાપ્ત થઈ.' શ્રી વસ્તુપાલે પૂછ્યું, 'શું કહો છો ?' હરિહરે કાવેરીતટ પર સારસ્વત મંત્ર સિદ્ધ કરીને પોતે ૧૦૮ શ્લોકો, પદ, કોઈક વસ્તુ, છપદી કાવ્યો-યાદ રાખી શકવાનું વરદાન પ્રાપ્ત કર્યું હોવાથી સોમેશ્વરે જે ૧૦૮ શ્લોકો કહેલા, તે બરાબર એ સમયે સાંભળીને ફરીથી તે પોતે સભામાં બોલી ગયેલો.' હરિહરનાં આવાં વચનોથી સભાના લોકોનાં મન શાંત થયાં. રાણકે કહ્યું-'તો પંડિત ! સોમેશ્વરને આવો કલંકિત તમે કેમ કર્યો ?' હરિહરે મોટેથી જણાવ્યું, 'દેવ! રાણેન્દ્ર ! સોમેશ્વર પંડિતે મારી અવજ્ઞા કરેલી. તે મનમાં મને ખૂંચી હતી. તેનું ફળ મેં તેને આપ્યું.' જેમકે-

प्रियं वा विप्रियं वापि सविशेषं परार्पितात् ।
प्रत्यर्पयन्ति ये नैव तेभ्यः साप्युर्वरा वरा ॥९॥

રાણકે કહ્યું-'તેથી એમ બન્યું.' એ પછી એ બંને સરસ્વતીપુત્રો વચ્ચે પરસ્પર પ્રેમ થયો. બંને ભેટ્યા. સોમેશ્વર નિષ્કલંક થયો. હંમેશાં મધુર વાર્તાલાપ થતા. એકવાર હરિહરે 'નૈષધકાવ્ય'માંથી કેટલાક શ્લોકો પ્રસંગને અનુરૂપ કહ્યા. શ્રી વસ્તુપાલે એનાથી પ્રસન્ન થઈને કહ્યું-'અરે ! આ કાવ્યો તો પહેલાં સાંભળ્યાં નથી.' 'પંડિત ! કયો ગ્રંથ છે ?' મંત્રીએ પૂછ્યું. પંડિતે કહ્યું-'નૈષધકાવ્ય'. 'તેનો કવિ કોણ ?' 'શ્રી હર્ષ.' વસ્તુપાલે કહ્યું-'તો મને તેની નકલ=આદર્શ-બતાવો.' પંડિતે કહ્યું-'આ ગ્રંથ બીજે ક્યાંય નથી. ચોથા પ્રહરમાં એ પુસ્તિકા આપીશ.' હરિહરે એ નાનું પુસ્તક આપ્યું. મંત્રીએ રાત્રે જલદી લખનારા લહિયાઓ દ્વારા નવીન પુસ્તિકા લખાવીને તૈયાર કરાવી. જીર્ણ દોરીથી બાંધી કપડામાં મૂકીને, ધૂળવાળી કરીને રાખી મૂકી. સવારે પુસ્તિકા પંડિતને આપી. ''આ તમારું પોતાનું નૈષધ લો.'' પંડિતે

પુસ્તિકા લીધી. મંત્રીએ કહ્યું 'અમારા ભંડારમાં મોટે ભાગે આ શાસ્ત્ર છે, એવું અમને યાદ છે. ભંડાર જુઓ' તરત જ નવીન પ્રત ખેંચી-હાજર કરી. જેવી છોડી-પુસ્તક ઉઘાડ્યું-કે निपीय यस्य क्षितिरक्षिण: કથા.......થી 'નૈષધ'નો આરંભ જોઈને પંડિત હરિહરે કહ્યું-'મંત્રી ! આ તારાં જ કરતૂત છે. આવી બુદ્ધિ, આવાં કાર્ય બીજાનાં ન હોય.' ''यदीदृशेषु कार्येषु नान्यस्य क्रमते मति:''

હરીફપક્ષને તમે યોગ્ય દંડ કર્યો. જૈન-વૈષ્ણવ-શૈવ શાસનોની સ્થાપના કરી, તે રાજાના વંશને યોગ્ય થયું... તે પછી વીરધવલ 'सपादकोटीकाञ्चनवर्ष' બિરુદથી પ્રખ્યાત થયો.

ગૌડ પંડિત હરિહર ગુજરાતમાં આવીને રહ્યો એટલું જ નહિ, સોમેશ્વરનો દ્વેષ છતાં રાજસભામાં આદર પામ્યો. પછી તો તે બંને વચ્ચે સારો મેળ જામ્યો હતો. તેથી તો સોમેશ્વરે કીર્તિકૌમુદીમાં હરિહરની પ્રશંસા કરી છે-

स्ववाक्पाकेन यो वाचां पाके शास्त्यपरान् कवीन् ।
कथं हरिहर: सोऽभूत् कवीनां पाकशासनम् ॥ કી. કૌ. સ. ૧, શ્લો. ૨૫; પ્ર. કો. પૃ. ૫૮

હરિહર કવિના રચેલા ૨૦ શ્લોકો અર્જુનદેવના કાંટેલાના શિલાલેખમાં કોતરાયેલા જોવા મળે છે. તેમાં મંત્રી ઉદયથી સામંતસિંહ સુધીની પરંપરાની પ્રશસ્તિ છે. (ગુ. ઐ. લે. ભાગ ૩, પૃ. ૨૦૬-૭)

હરિહરનું કવિ તરીકે એ સમયે વિશિષ્ટ સ્થાન હોવું જોઈએ. તેથી પ્રબંધકોશમાં સ્વતંત્રપ્રબંધ શ્રી રત્નશેખરે આપ્યો છે. ગુજરાતમાં નૈષધચરિત વસ્તુપાલે એટલું પ્રચલિત કર્યું કે તેના પરની 'સંકેત'[૧૩] ટીકાની રચના થઈ કે જેથી તે મહાકાવ્ય સરલ બની શકે.[૧૩અ] આ હરિહર મોક્ષાર્ક (મોક્ષાદિત્ય)નો પુત્ર હોવા સંભવ છે, જેણે 'ભીમવિક્રમવ્યાયોગ' રચ્યું છે. તેના પુત્ર હરિહરે 'पार्थपराक्रमव्यायोग' ની રચના કરી છે (ગુ.ઐ. લે. ભા. ૩, લેખનં ૨૧૬ અ તથા તેની પાદટીપો, પૃ. ૨૦૪-૫ )

આ પ્રસંગ બની ગયા પછી કેટલોક સમય પસાર થઈ ગયો. તેનો વસવસો હરિહરના મનમાં રહી ગયેલો અને એ કીર્તિકલંકની પીડા સોમેશ્વરના હૃદયમાં રહી ગયેલી ખરી. તેથી જ કદાચ સોમેશ્વરે ધોળકા છોડીને સોમનાથ થોડો વખત રહેવા જવાનું પસંદ કર્યું હશે. એ અંગેનો પ્રસંગ પ્રબંધમાં આ રીતે નોંધાયો છે-

એક વાર હરિહર દેવપટ્ટણમાં સોમેશ્વરને મળવા ગયો. હરિહરને જોઈને સોમેશ્વરે આ પ્રમાણે કહ્યું-

'क्व यातु क्वा यातु क्व दातु समं केन पठतु ।
क्व काप्यन्यव्याजं रचयतु सद: कस्य विशतु ॥
खलव्यालग्रस्ते जगति न गति: क्वापि कृतिना-
मिति ज्ञात्वा तत्त्वं हर ! हर ! विमूढो हरिहर: ॥११॥[१४]

आरुक्षाम नृप प्रसादकणिका.... वाञ्छत्यमर्त्यापगाम् ॥१२॥

આમ બોલીને પોતાની સંપત્તિનો અર્ધો ભાગ હરિહરને આપીને બાકીનો અર્ધો ભાગ સાથે લઈને ધોળકાના રાણક અને મંત્રીની રજા લઈને પોતાનો સ્વાર્થ સાધવા કાશીયાત્રાએ ગયો.

### અમર કવિ અને સોમેશ્વર કવિ

અણહિલપત્તનની પાસે **વાયટ** નામનું મહાસ્થાન હતું. તે ૮૪ મહાસ્થાનોમાં અનન્ય ઉત્તમ હતું. 'પરપુરપ્રવેશવિદ્યા'ના જ્ઞાતા શ્રી જીવદેવસૂરિના વંશજ શ્રીજિનદત્તસૂરિના શિષ્ય અમર પંડિત 'પ્રજ્ઞાલચૂડામણિ' હતા. શ્રી જિનદત્તસૂરિના શિષ્ય કવિરાજ અરસિંહ પાસેથી તેમને 'સિદ્ધ સારસ્વત' મંત્ર પ્રાપ્ત થયો હતો. અમર કવિએ તે મંત્રના જપ-તપ રાજાના ખજાનચી પદ્મના વિશાળ મહેલના એક એકાંત ખૂણામાં વ્રત કરીને ભારતી દેવીને પ્રસન્ન કરીને 'સિદ્ધકવિ' થવાનું અને રાજાના માનનીય થવાનું વરદાન પ્રાપ્ત કરેલું. એ પછી તે 'કવિઓમાં મુખ્ય' થયો. તેણે 'કાવ્યકલ્પલતા' નામનો કવિશિક્ષાનો ગ્રંથ, 'છંદોરત્નાવલી,' 'સૂક્તાવલી', 'કલાકલાપ', 'બાલભારત'ની રચના કરેલી છે. (प्र. को. पृ. ६१) વીસલદેવ રાજા ધોળકામાં રાજ્ય કરતો હતો (પ્રબંધકારની નામ કે સ્થાનની નોંધમાં કંઈક વિગત દોષ લાગે છે) ત્યારે આ કવિને (સમકાલીન) કવિવૃંદે 'वेणीकृपाण' બિરુદ આપી નવાજ્યો તેવી એના કવિત્વની ખ્યાતિ હતી અને મહારાષ્ટ્ર વગેરેના રાજાઓએ એનું પૂજન કરેલું એવું સાંભળેલું (प्र. को. पृ. ६१).

રાણક રાજા વીરધવલ પછી વીસલદેવ રાણક રાજાનો પણ સોમેશ્વર માનીતો કવિ હતો. અમર કવિની ખ્યાતિ સાંભળીને વીસલદેવે મંત્રી વૈજલ દ્વારા અમરને સન્માનપૂર્વક સભામાં બોલાવ્યો. સ્વાગતવિધિ થઈ ગયા પછી અમર કવિએ બે શ્લોકો કહ્યા. તેનાથી બીજા કવિઓ પ્રસન્ન થયા. રાજાએ સભાપંડિતોને સંબોધીને કહ્યું : "કવીન્દ્રો ! સાંભળો, અમર કહે છે તે સાચું છે, જો દેવ(સોમેશ્વર) તે શોધીને સાચું છે એમ કહે તો." તે પછી સોમેશ્વરે તેને એક સમસ્યા આપી - यथा 'शीर्षाणां सैव वन्द्या मम नवतिरभूल्लोचनानामशीति' ।

અમરે તરત જ તે સમસ્યા સુંદર રીતે આ પ્રમાણે પૂરી કરી દીધી-

कैषा भूषा शिरोऽक्ष्णां तव भुजगपते !.....नवतिभूल्लोचना ॥४॥

અહીં મસ્તકોની આંખો-भुज-शीर्ष ઉપર હોવી યોગ્ય છે એવી યોગ્ય ગુણ-વાણીની કલ્પના મધ્યમપદલોપી સમાસના પ્રયોગથી કાવ્યચમત્કૃતિ સિદ્ધ કરી આપી છે. દ્વન્દ્વ સમાસમાં પ્રાણીનું અંગ એકરૂપે ગણાય છે તેથી આ યોગ્ય જ છે. તે પછી वामनस्थली (વંથળી)ના સોમાદિત્યે[15] કૃષ્ણનગરના રહેવાસી કમલાદિત્યે, વીસલનગરના રહેવાસી નાનાકે આપેલી સમસ્યાઓ અમર પંડિતે પૂરી કરેલી. આમ કવિઓની ૧૦૮ સમસ્યા પૂર્તિ આ કવિએ કરી તેથી રાજાએ 'કવિસાર્વભૌમશ્રી અમર'નું બિરુદ આપ્યું હતું (प्र. को. पृ. ६३). पु. प्र. कोष કાર કહે છે કે જિનદત્તસૂરિશિષ્ય અમર બીજા દેશમાંથી ગુજરાતમાં આવી ચડ્યો. એ સારસ્વતમંત્રનાં પ્રભાવથી મહાકવિ બનેલો. ત્યાર પછી સોમેશ્વર કવિના

સાંનિધ્યને લીધે 'गद्यभारत' અને 'छेकभारत'ની રચના કરી. એ પછી સોમેશ્વરદેવે વીસલદેવને વિનંતી કરી, રાજન્ ! કર્તા તો આ જ કવિ છે, પરંતુ રાજાએ ગ્રંથનો વૃત્તાંત જણાવવાનું કહ્યું ત્યારે ગ્રંથ જોવાના હેતુથી તેની પૂજા કરી.[૧૬]

એકવાર વસ્તુપાલની 'ઘટસર્પ'ની દિવ્ય-કસોટી થયેલી. તેની કવિ-મિત્ર સોમેશ્વરે કેવી રીતે પાછી કઢાવેલી તે જોઈએ.

રાજા વીસલદેવે પહેલાના સ્નેહને લીધે વડનગરના બ્રાહ્મણ નાગડને પ્રધાન બનાવ્યો. મંત્રી વસ્તુપાલે તો પહેલાં તેને નાનું આવકખાતું જ સોંપ્યું હતું. પરંતુ હવે તો એ રાજાનો સમરાક નામનો અંગરક્ષક હતો.તે સ્વભાવે નીચ હતો. હવે તક મળતાં તેણે ઉપરાજ રાણક વીસલદેવને કહ્યું, 'દેવ ! આ બંને (વસ્તુ. તેજ.)ની પાસે અઢળક ધન છે તે માગી લો.' રાજાએ પણ એ બંનેને બોલાવીને કહ્યું- ''ધન આપો''. બંનેએ જવાબ આપ્યો. 'શત્રુંજયાદિ તીર્થોમાં અમારું ધન વપરાઈ ગયું છે તેથી અમારી પાસે નથી.' રાજાએ કહ્યું 'તેની ખાતરી કરાવવા કસોટી આપો.' મંત્રીઓએ કહ્યું, 'આપને ઠીક પડે તે કસોટી ફરમાવો.' રાજાએ 'ઘટસર્પ' આગળ ધર્યો. લવણપ્રસાદે એવું અયોગ્ય કાર્ય ન કરવા વીસલદેવને જણાવ્યું. (તે વખતે તે જીવતો હતો, પરંતુ વૃદ્ધ-નિવૃત્ત હશે.) પરંતુ નવો બનેલો રાણક અભિમાની થઈ જવાથી તેણે તેનું સૂચન સાંભળ્યું નહિ. તે વખતે હાજર રહેલા સોમેશ્વરે વીસલદેવને એક શ્લોક કહ્યો-

मासान्मांसलपाटलापरिमलव्यालोलरोलम्बतः
प्राप्य प्रौढिमिमां समीर ! महतीं हन्त त्वया किं कृतम् ?
सूर्यचन्द्रमसौ निरस्ततमसौ दूरं तिरस्कृत्य यत्
पादस्पर्शसहं विहायसि रजःस्थाने तयोः स्थापितम् ॥९३॥ प्र. को. पृ. १२५

વિવિધ તીર્થકલ્પ (પૃ. ૮૦)માં આ પ્રસંગે ઉપરોક્ત શ્લોક પછી સોમેશ્વરે ઉમેર્યું-

तयोः पुरुषरत्नयोर्वृतशेषमादितः उत्पत्तिस्वरूपं च लोकप्रसिद्धित एव अवगन्तव्यम् ॥[१७]

રાણકે એ દિવ્ય પાછું લીધું.

સોમેશ્વરની કવિતામાં પણ તેના વ્યક્તિત્વ જેટલું જ બળ અને પ્રભાવ અહીં જોવા મળે છે. કવિ-મિત્ર વસ્તુપાલ-તેજપાલનું સન્માન જળવાય તેથી તેમની જીવલેણ કસોટીમાંથી ઉગારી લેવાનો સોમેશ્વરનો આ સફળ પ્રયાસ કહેવાય.

વીસલદેવના સમયના એક બીજા પ્રસંગમાં પણ સોમેશ્વરે વસ્તુપાલ પર આવી પડેલી મૃત્યુદંડ જેવી આકરી સજામાંથી કેવી રીતે ઉગાર્યો તે જોઈએ. કોઈ એક વખતે જ્યારે વસ્તુપાલમંત્રી ધોળકામાં રહેતો હતો ત્યારે વસ્તુપાલના ગુરુની પૌષધશાળાના ઉપલા મેડા(ની બહારી-જે રાજ માર્ગ પર પડતી હશે-)ની બારીમાંથી કોઈ ક્ષુલ્લકે = હલકા નોકરે-નીચે કચરો ફેંક્યો. તે સમયે રથમાં બેસીને રાણક વીસલદેવના સિંહ નામના મામા એ માર્ગ પરથી પસાર થતા હતા. તેના પર એ કચરો પડ્યો. તેથી એ *ગુસ્સે થયો. તેથી તેણે વચ્ચે આવીને ધમકીપૂર્વક તર્જની આંગળીથી તેને ઠપકો આપતાં કહ્યું-*

'હું રાજાના મામા જેઠુઆઓનો સિંહ છું. તે તું મને ઓળખતો નથી ?' એ એવું તિરસ્કારભર્યું અને અભિમાનપૂર્વક બોલીને પોતાને ઘેર ગયો. (પ્ર. કો. પરિ. ૧૫૨, પૃ. ૧૨૬). આ બધો બનાવ[૧૮] બપોરે મંત્રી વસ્તુપાલ ભોજનનો પહેલો કોળિયો લેતો હતો તેવામાં જ ક્ષુલ્લક ત્યાં રડતો રડતો ગયો અને તેણે પોતાની પીઠ ખોલીને બતાવતાં બધો વૃત્તાંત જણાવ્યો. મંત્રીએ જમ્યા વિના જ ઊઠીને ક્ષુલ્લકને આશ્વાસન આપીને પૌષધશાળામાં પાછો મોકલ્યો. પછી તેણે પોતાના માણસો સમક્ષ મોટેથી કહ્યું : 'અરે ક્ષત્રિયો ! તમારામાંથી કોઈ એક પણ એવો સમર્થ છે કે જે મારા મનની અપમાનની આગને શાંત કરે ?' એ બધામાંથી ભૂ(ભ્રૂ)ણપાલ[૧૯] નામના એક ક્ષત્રિયે કહ્યું- 'દેવ ! આજ્ઞા કરો. હું તો તમને પ્રાણનું દાન કરવા છતાં પણ તમારી કૃપાનું ઋણ ચૂકવી શકું તેમ નથી.' તેને ખાનગીમાં-એકાંતમાં લઈ જઈને મંત્રીએ આજ્ઞા કરી-'જેઠુઆ વંશના રાજાના મામા સિંહનો જમણો હાથ છેદીને મને ભેટ આપ.' એ રાજપુત્ર 'તેમ જ થશે' કહીને બપોરે એકલો સિંહના ઘરના આંગણે ઊભો રહ્યો ત્યારે સિંહ રાજાની કચેરીએથી પાછો આવી ગયો હતો. રાજપુત્રે તેની આગળ આવીને પ્રણામ કરીને કહ્યું.-'મંત્રી વસ્તુપાલે કંઈક ખાનગી કામ માટે મને તમારી પાસે મોકલ્યો છે. તેથી આપ મારી વધુ નજીક આવીને સમજી લો.' એવું કહેવાથી તે તેની જરાક વધુ નજીક આવીને જેવો સાંભળવા માટે તૈયાર થયો કે તરત જ મંત્રીના સેવકે સિંહનો હાથ પોતાના હાથમાં લીધો અને છરીથી એકદમ છેદીને તે છૂટો પડેલો હાથ લઈને. 'શ્વેતાંબરનો પરાભવ થયો' એવું કહીને, તેના ચરણ વંદીને તે ભૂ(ભ્રૂ)ણપાલ દોડતો મંત્રી પાસે ગયો અને પેલો હાથ ધરી દીધો. આથી મંત્રીએ એનાં વખાણ કર્યાં. તે હાથ પોતાની હવેલી આગળ (બધાની નજર પડે તે રીતે) બાંધ્યો. અને પોતાના આપ્તજનોને જણાવ્યું, 'જેમને જવું હોય તે પોતાને ઘેર જાય. અમારે બળવાનની સાથે વૈર થયું છે. મરણ હાથમાં જ છે.' એમ કહીને મંત્રીએ બધાને છોડી મૂક્યા. તે બધાએ કહ્યું. 'સ્વામીની સાથે અમારે મરવું કે જીવવું એવું અમે નક્કી કર્યું છે.' એવો નિર્ધાર કહ્યો. ત્યાર પછી ગામના મોટા દરવાજાઓના આગળા દઈને (બંધ કરીને) પોતપોતાને ઘેર સુરક્ષિત કવચથી સજ્જ થઈને પોતાની હવેલી ઉપર ઊભા રહ્યા. ધનુષ્ય, ઢાલ, નિષંગી (અસ્ત્ર) વગેરેથી સજ્જ થયા. પછી સિંહની પોતાના બાંધવો વગેરેની મોટી પરિષદ ભરાઈ. બધાએ વસ્તુપાલ પાસે જઈને કહ્યું- વસ્તુપાલને પુત્ર, પશુ, બાંધવોની સાથે અમે હણીશું' એવી પ્રતિજ્ઞા કહીને ધમકી આપીને જેઠુઆ સૈન્ય ચાલ્યું ગયું.

રાજાના મહેલ આગળ જેવું એ ટોળું આવી પહોંચ્યું ત્યાં કકળાટ ઘોંઘાટ થવા લાગ્યો. એ બધામાંથી એક મુરબ્બીએ (સોમેશ્વરે ?) કહ્યું- (આ રીતે જો વિરુદ્ધ અનર્થ થાય તો) એ બનાવ રાજાને જણાવવામાં આવે તો સારું. એ રીતે રાજાને એ વૃત્તાંત કહ્યો. રાજાએ જાણ્યો. એ વિચાર કરીને બોલ્યો : 'અપરાધ વિના કે કંઈ વાંક-ગુના વિના વસ્તુપાલ કોઈને જરાય પીડતો નથી. તમે આ અનુચિત કર્યું છે. મંત્રીના ગુરુને પીડા થઈ છે.' રાજાએ કહ્યું કે 'જો એમ હોય તો તમે બધા અહીં જ ઊભા રહો. અમે પોતે જે યોગ્ય હશે તે કરીશું.' ત્યાર પછી સોમેશ્વરદેવને પૂછ્યું-હે ગુરુ ! વડીલ ! આ બધું યોગ્ય જ થાય છે શું ?' ગુરુએ કહ્યું, 'મને તેની પાસે મોકલો. એ અહીં આવે તે પછી કંઈક યોગ્ય ઉપાય કરીએ.' એ મંત્રીની હવેલીના બારણે પહોંચ્યો. મંત્રીની પાસે પહોંચેલા એણે મંત્રીની પરવાનગીથી કહ્યું.' મંત્રી ! આપે આ બધું શું કર્યું ? (આવા નજીવા કાર્ય માટે રજનો ગજ કરી મૂક્યો !) જેઠવાઓ ભેગા મળી ગયા

છે. રાજા પણ એનો ભાણેજ છે. તે ગુસ્સે થયેલો છે. એને શાંત પાડો (આપ શાંત થાવ) કે જેથી હું સુલેહ-શાંતિ કરાવી આપું. આથી મંત્રીએ કહ્યું, 'મરવાનો શો ડર ?'

जिते च लभ्यते लक्ष्मीर्मृते चापि सुराङ्गना ।
क्षणविध्वंसिनी काया, का चिन्ता मरणे रणे ? ॥९४, ११ प्र. को. पृ. १२७

જીત થાય તો લક્ષ્મી, સેવકો, અપ્સરાઓ મળે, આ ક્ષણભંગુર કાયાની મરણની કે રણાંગણની શી ચિંતા કરવાની ? ગુરુનો પરાજય અસહ્ય હોય છે. હવે શું થશે ?

जीवितैकफलमुद्यमार्जितम्, लुण्ठितं पुरत एव यद् यशः ।
ते शरीरकोपलालनं कुर्वते बत कथं मनस्विनः ॥

જીવનનું એક ફળ ઉદ્યમ કરીને ધન કમાવવું, તે મેળવ્યું. શરીરનું લાલન-પાલન કર્યું, યશ તો આગળ આળોટે છે. મુમુક્ષુઓ આ બધું શરીર માટે, (ભૌતુક સુખ માટે) કરે તે યોગ્ય છે ?

મંત્રીનો મરવાનો એવો નિર્ધાર જાણીને ગુરુએ રાજાને કહ્યું, રાજન્ ! આ ઝગડા (प्रघट्टके, झगटके) મંત્રી મરવાનો જ. અગાઉ પણ આ શૂરવીર યુદ્ધમાં-યુદ્ધના પ્રસંગોમાં શ્રેષ્ઠ વિજયી થયેલો છે. એ બધું કહેવાનો અત્યારે કંઈ પાર આવે તેમ નથી. તેમ છતાં વળી 'શૂરવીરનું જીવન તુચ્છ તણખલા બરાબર હોય છે.' એવી કહેવત પ્રમાણે યોદ્ધો જરાક વિપત્તિજનક કંઈક કાર્ય કરી બેસે, અથવા કંઈક વિપત્તિ આવી પડે તેને આગળ ધરીને તેનો ઘાત કરવામાં આવે. શું તે યોગ્ય થાય છે ? અગાઉ કરેલાં કાર્યો, મદદ બધું વ્યર્થ તો નથી ? બહુ રીતે તે આપનો ઉપકારી થયેલો છે (નહિ તો) અથવા તો તે શું મોટો સમર્થ સ્વામી થઈ ગયો છે કે જે જૂના સેવકોના બે-ત્રણના અભિપ્રાયો સહન ન કરી શકે ? અમારા જેવાના મનમાં પણ દેવને માટે કેવી આશા રાખી શકાય ? એવું બધું દૃઢતાપૂર્વક મૃદુ સ્વરમાં બોલીને રાજાને હાથમાં લીધો (વિશ્વાસમાં લીધો). આ સંદર્ભમાં શ્રી જિનહર્ષગણિએ અને તે પરથી ડૉ. ભો. જ. સાંડેસરાએ સોમેશ્વરની મહત્તા દર્શાવી છે.

રાજાએ મંત્રીને ધીરજ આપીને સન્માનપૂર્વક લઈ આવવાનું કહ્યું- ગુરુ સોમેશ્વરે ત્યાં જઈને રાજાનાં વચનો મંત્રીને કહ્યાં. અને તેને રાજા સમક્ષ લાવવામાં આવ્યો. (પરંતુ બંદી બનાવીને). તેને બાંધેલો જોઈને રાજાએ તેના વિવિધ ઉપકારો યાદ કરીને અશ્રુપૂર્ણ નેત્રોથી, પિતાતુલ્ય હૃદયે મંત્રીને શાંત પાડ્યા-"મંત્રી ! આપના જેવો મારા રાજ્યમાં બીજો કોઈ રાજ્યવૃદ્ધિ કરનાર નથી. પહેલાં તો આપ અધિકારી હતા. હવે તો રાજ્યના મુખ્ય અધિષ્ઠાતા છો. (મારા મત પ્રમાણે કહું તો આ રાજ્ય તમારું જ છે). મારા રાજ્યની પ્રકૃતિ (રાજ્યમંત્રીમંડલ) તમારી જ છે. નાગડે તમારી આજ્ઞા હવેથી માનવાની છે.' મામાને મંત્રીના પગે લગાડ્યો. મંત્રીને ૧૦૭ ગામો આપીને ગામગ્રાસ આપ્યા. તેણે મંત્રીએ છેદેલો સિંહનો હાથ લોકોને દર્શાવ્યો. લોકો ઉશ્કેરાયા અને મોટા અવાજે કહ્યું : ગુરુના હણનારને અમે હણીશું. ન્યાય-અન્યાય જોવાનું કામ મંત્રીનું છે એમ રાજાએ કહીને મંત્રીએ રાજ્યનું અને જૈન મતનું ગૌરવ અત્યાર સુધી વધાર્યું છે એમ જણાવ્યું. આ રીતે વીસલદેવ સાથે વસ્તુપાલને સારી પ્રીતિ થઈ.

વસ્તુપાલે સં. ૧૨૯૮માં સ્વર્ગારોહણ કર્યું. શ્રી નરચંદ્રસૂરિએ સં. ૧૨૮૭ ભાદ્રપદ વદ ૧૦ના દિવસે વસ્તુપાલ (૧૨ વર્ષ પછી) દિવંગત થવાનું જણાવેલું. તે યાદ કરીને તાવના વ્યાધિથી પીડાતા વસ્તુપાલે તેજપાલને તેના પુત્ર-પૌત્રાદિ પરિવારની હાજરીમાં પોતાનો મૃત્યુદિન જણાવી દીધો હતો.

વસ્તુપાલના મૃત્યુ બાદ સોમેશ્વરે પોતાની વ્યાસવિદ્યા છોડી દીધી હતી. વીસલદેવે સોમેશ્વરને તેનું પદ ચાલુ રાખવાનો આગ્રહ કર્યો અને વિશેષ ગ્રાસ-લાભ પણ આપવાનું જણાવ્યું, પરંતુ તેણે કહ્યું કે વસ્તુપાલ સમક્ષ વ્યાસવિદ્યા કર્યા પછી બીજાની સમક્ષ હું તે ન કરું. એ પછી એ વ્યાસપીઠ પર રાજાએ ગણપતિને નીમ્યો (પુ. પ્ર. સં. પૃ. ૮૦).

વસ્તુપાલની જેમ તેજપાલની પણ ઘટસર્પની કસોટી થયેલી. ખંભાત-સ્તંભતીર્થમાં સઇદ નામના વેપારીના ઘરમાં સુવર્ણમિશ્રિત ધૂળ હતી. તે તેજપાલ મંત્રીના ઘરમાં છે, એવો આક્ષેપ કરીને સઈદના ભાણાએ 'ઘટસર્પ'નો દિવ્ય=કસોટી કરેલી. ત્યારે તેજપાલે રાજા સમક્ષ કહ્યું : 'જો સઇદની સુવર્ણમિશ્રિત ધૂળ પણ મારે ઘેર હોય તો આ ઘડાનો સર્પ કરડે' એમ કહીને સઇદના ભાણાના ખોળામાં એ ઘટમાંથી સર્પ કાઢીને ફેંક્યો અને તે મર્યો. એ ધૂળ ૩૦ કરોડ જેટલી કિંમતની હતી (પુ. પ્ર. સં. પૃ. ૭૩). તેના પરિણામે ગુર્જર રાજ્યલક્ષ્મીના ઉદ્ધાર, સંરક્ષણ અને સંવર્ધનનાં કાર્યો થઈ શક્યાં. સોમેશ્વરે પણ ભીમદેવની સભામાં જૂના પરિચિત મિત્રો-મંત્રી યુગલ ઉપરાંત લવણપ્રસાદ-વીરધવલ વગેરેએ પણ એ કાર્યમાં સહયોગ આપ્યો ગણાય. કેમકે ભીમદેવ પાસેથી ઉછીની સેવા કરવાને સોમેશ્વરની ભલામણથી બંનેને વીરધવલે મંત્રીપદે નીમ્યા હતા.

આથી વીસલદેવના કાલમાં વસ્તુપાલની પણ કસોટી થયેલી હતી તે પણ આપણે ઉપર જોયું. આમ લગભગ ૨૦ વર્ષ (વિ. સં. ૧૨૭૬-૯૬) વસ્તુપાલ સાથે, તેથીય વધારે લગભગ ૨૮ વર્ષ (૧૨૭૬-૧૩૦૪) તેજપાલ સાથે ગાઢ પરિચય સોમેશ્વરને હતો તે નિશ્ચિત છે. વિ. સં. ૧૨૭૫ પહેલાં કેટલાંક વર્ષો અને ૧૩૦૦-૧૩૧૧ પર્યંત સોમેશ્વર અણહિલ પાટણમાં અને તેની વચ્ચેના સમયનો ગાળો તેણે ધોળકામાં વ્યતીત કર્યાનું નિશ્ચિત છે. એ સમય દરમ્યાન કુમારપાલ-જયસિંહના સમયમાં હેમચંદ્રાચાર્ય અને અન્ય કવિસાક્ષરોના વર્તુલ જેવું જ મંત્રીનું કવિમંડળ અમર થયું હતું.[૨૧]

**પાદટીપ**

૧. सुकृतकीर्तिकल्लोलिन्यादिवस्तुपाल प्रशस्तिसंग्रह (सु. की. क. व. सं.)માં વસ્તુપાલે સ્વહસ્તે લખેલી આ હસ્તપ્રતને તેના ગુરુ શ્રી ઉદયપ્રભસૂરિએ ''જૈન મુખની જેમ આ હસ્તપ્રત ચિરંજીવી રહે'' તેવા આશીર્વાદ આપ્યા હતા.

૨. पुरातनप्रबन्धसङ्ग्रह (पु. प्र. सं.) परि. १०९, नं. १६०. पृ. ७४; प्रबन्धकोश (प्र. को.) परि. ७४८, पृ. १०९; परि. नं. २६९; सु. की. क. व. सं, पृ. ९१-९८

૨અ. મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણ મહોત્સવ ગ્રંથ (म. जै. वि. सु. स्मा. ग्रं.) ભાગ ૨, પૃ. ૩૦૨-૩૦૮, મુંબઈ, ૧૯૬૮; ડૉ. વિભૂતિ વિક્રમ ભટ્ટ, સોમેશ્વરની કૃતિઓ : ઐતિહાસિક અને સાંસ્કૃતિક અધ્યયન, પૃ. ૧૦૬, ૧૨૨-૧૩૧, અમદાવાદ, ૧૯૮૯

૩. પ. પ્ર. સં., પૃ. ૬૧, ૭૪;

૪. प्रबन्धचिन्तामणि (प्र. चिं.), पृ. १०३; पु. प्र. सं. पृ. ७४; वस्तुपाल प्रशस्ति लेखांक १, श्लो-२

૬. पु. प्र. सं., प. १०९, नं. १६०, पृ. ७४; प्र. को. परि. ७४८, पृ. १०९, प. २६

૭. प्र. को. श्लो. ७, पृ. १२१, ખંભાત બંદરેથી ઘોડાની આયાત થતી હોવાની વાત સોમેશ્વરે 'કીર્તિકૌમુદી', સર્ગ ૪માં કરી છે.

૮. प्र. को. पृ. १२१.

૮અ. प्र. को. श्लो. ३०३, की. कौ., सर्ग ५

૯. प्र. चिं., पृ. १०५; पु. प्र. सं. पृ. ६२; प्र. को., पृ. ६२

૧૦. प्र. को. श्लो. ४०, पृ. ११२, पु. प्र. सं. पृ. ६७

૧૧. अर्बूदगिरि પરની 'तेजपालप्रशस्ति', श्लो. २०, जिनहर्षगणि, 'वस्तुपालचरित' १/६५, प्र. को. पृ. १०८

૧૨. અર્થાત્ મીન રાશિમાં, ગુરુની રાશિમાં શુક્ર આવે તો પણ શુક્ર ઉચ્ચ બની જાય છે.

૧૩. નૈષધકાવ્યની સૌથી પ્રાચીન ટીકાઓ ગુજરાતમાંથી ઉપલબ્ધ થાય છે. શ્રી હેમચંદ્રના શિષ્ય આચાર્ય મહેન્દ્રસૂરિએ રચેલી 'અનેકાર્થકૈરવાકરકૌમુદી' નામે જાણીતી છે. આ મહેન્દ્રસૂરિ શ્રી હર્ષ કવિના સમકાલીન હોવા સંભવે છે. આ રીતે વિવિધ અન્ય રાજ્યોમાંથી અનેક મહાન કવિઓની રચનાઓ, શાસ્ત્રાદિ, કલા-વિદ્યાના ગ્રંથો પંડિતો ગુજરાતમાં લઈ આવ્યા. એ બાબતમાં ગુજરાત જાગૃત અને સમૃદ્ધ હોવું જોઈએ. સ્વ. શ્રી પ્રો. અરુણોદય જાનીએ 'સંકેત' ટીકા પર અધ્યયન પ્રકાશિત કર્યું છે, જેઓ પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરાના ભૂતપૂર્વ અધ્યક્ષ હતા.

૧૩અ. હરીફ કવિઓની સ્પર્ધા-વૈમનસ્ય પછી મૈત્રીના પ્રસંગો ઘણા જોવા મળે છે. સિદ્ધરાજના સમયે શ્રીપાલ કવિ અને દેવબોધનો પ્રસંગ પ્ર. ચિં. (—અહીં યાદ કરી શકાય.)

૧૪. प्र.को., पृ. ५८-६१

૧૫. અન્યત્ર યશોધર કવિ કહ્યો છે.

૧૬. पु. प्र. सं. परि. १७७. पृ. ७८.

૧૭. અર્થાત્ આ બંને પુરુષરત્નોનાં કુલ અને લોકપ્રસિદ્ધિને બરાબર સમજીને ધ્યાનમાં લેવાં જ જોઈએ.

૧૮. પુ. પ્ર. સં.માં મૂળરાજના મામા અને વસ્તુપાલના ગુરુની પૌષધશાળાનો માણસ ક્ષુલ્લકનો પ્રસંગ આ સંદર્ભમાં યાદ કરી શકાય એવો છે. પરિ. ૧૭૪, પૃ. ૭૭

૧૯. સોમેશ્વર વસ્તુપાલના સમકાલીન કવિ હરિહરકૃત 'શંખપરાભવવ્યાયોગ'માં એક પાત્ર તરીકે આ સેવક-યોદ્ધાનો ઉલ્લેખ આવે છે. શંખ રાજાના સામેના યુદ્ધમાં ખપી જનાર પોતાના વીર સુભટની સ્મૃતિમાં વસ્તુપાલે भूणपालेश्वर મંદિર બંધાવ્યું હતું (પુ. પ્ર. સં. પૃ ૫૬). સોમેશ્વરે પણ આ શૂરવીર યોદ્ધાનો ઉલ્લેખ કી. કૌ. પરિશીલન, પૃ. ૬૩ અને પાદટીપ ૪૦માં કર્યો છે, પરંતુ પ્રસ્તુત પ્રસંગ વીસલદેવના સમયે બન્યો હોય તો વીસલદેવ ગુર્જરેશ્વર બનતા પહેલાં બન્યો હોવાનું ચોક્કસ થાય છે. વળી શંખ-વસ્તુપાલના યુદ્ધનો યોદ્ધો અને પ્રસ્તુત પ્રસંગનો ભૂ(ભ્રૂ)ણપાલ : ભુવનપાલ એક કે જુદા એ વિચારણીય પ્રશ્ન થાય.

૨૦. આ સંદર્ભમાં 'સહસ્રલિંગ સરોવરનો પ્રબંધ' યાદ કરી શકાય; કેમકે તેમાં સિદ્ધરાજ જયસિંહની રાજસભાના દરબારી કવિઓનો ઉલ્લેખ છે. તેમનો પરિચય શ્રી જયન્ત પ્રે. ઠાકરે વિસ્તૃત રીતે આપ્યો છે, સ્વાધ્યાય, પુ. ૨૧. અંક ૩,. અક્ષય તૃતીયા અંક, પૃ. ૨૬૦-૨૮૭

૨૧. તા. ૧-૨-૩ મે, ૨૦૦૪ના રોજ તીથલ મુકામે 'સંસ્કૃત અધ્યાપક મંડળ'ના અધિવેશનમાં વંચાયેલ નિબંધ.

□ □ □

# હેમચંદ્ર : કાવ્યહેતુચિંતન-જૈનદાર્શનિક્તા અને અલંકારશાસ્ત્રીય પરંપરા[1]

અજિત ઠાકોર

**:1:**

સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં કાવ્યહેતુ, કાવ્યતત્ત્વો, કાવ્યવ્યાપાર અને કાવ્યની ફલશ્રુતિ (કાવ્યપ્રયોજન)નો અનેક પરિપ્રેક્ષ્યોમાં સૂક્ષ્મ વિચાર થયો છે. ક્યારેક જૂદી જૂદી દાર્શનિક ભૂમિકા તો ક્યારેક જૂદી જૂદી કાવ્યશાસ્ત્રીય પરંપરા (કાશ્મીરી પરંપરા, માલવ પરંપરા) એક જ તત્ત્વના વિવિધ પરિપ્રેક્ષ્યો પ્રકટાવે છે. કેટલીકવાર કાવ્યાચાર્ય અમુક તત્ત્વને કાવ્યમાં કેન્દ્રસ્થાને પ્રતિષ્ઠિત કરે છે. પોતાના કાવ્યચિંતનમાં અમુક તત્ત્વનું Foregrounding - અગ્રપ્રસ્તુતિ-કરે છે. આને પરિણામે એના કાવ્યચિંતનમાં વિવિધ કાવ્યતત્ત્વોની, કાવ્યના કેન્દ્રથી માંડી પરિઘ સુધીની, કાવ્યાચાર્યના દર્શનને અભિવ્યક્ત કરતી એક આગવી સંરચના - ગાઠવણી - વિન્યાસ આકાર લે છે. કાવ્યતત્ત્વો વચ્ચેનો તર-તમભાવ, એમની વચ્ચેની ચઢતી-ઉતરતી ભાંજણી બદલાય છે. કાવ્યતત્ત્વોના પરસ્પર સંબંધની ભાત પણ બદલાય છે.

કવિપ્રતિભાને હેમચંદ્ર કાવ્યહેતુ માને છે. એ કાવ્યનું ઉદ્ભવ સ્થાન છે, કાવ્યનું આદિબિંદું છે. કાવ્યનો સમગ્ર વ્યાપાર એમાંથી નિસૃત થાય છે, સંચરિત-સંચાલિત થાય છે. કાવ્યના મૂળમાં રહેલો કવિસ્વભાવ એમાં સ્ફુરિત થાય છે. કાવ્યશાસ્ત્રનો આ Dark Area - તમસ પ્રદેશ છે. પ્રતિભા કંઈક રહસ્યમય, તર્કની પકડમાં ન આવે એવો ચેતનાનો અધઃપ્રદેશ છે. એ અધ્યાત્મની સીમામાં પડતો પ્રદેશ છે. આથી જ કદાચ કાવ્યશાસ્ત્રીઓ આ રહસ્યમય પ્રદેશની સમજણ માટે, સમજૂતી માટે દર્શન-ધર્મશાસ્ત્રો પાસે જાય છે.

પ્રતિભા કાવ્યકૃતિનું બીજ છે. કાવ્યકૃતિની સમગ્ર ચેતનાને સંગોપીને બેઠેલું, સમગ્ર કાવ્યવૃક્ષના ફૂલવા-ફળવાની પ્રક્રિયાનો સાંગોપાંગ નકશો સંગોપીને બેઠેલું બીજ છે. કાવ્યની બધી જ સંભાવનાત્મક શક્તિ એમાં જ નિહિત હોય છે. એ મયૂરઅંડ જેવું હોય છે. જો કે બીજને અંકુરિત થવા, પલ્લવિત થવા, પુષ્પિત થવા અને ફલિત થવા ભમિ, પ્રકાશ, જળ, હવા, ખાતર, નિંદામણ - ગોડામણ જરૂરી છે, તો જ બીજ ફળમાં પરિણમે છે.

---

૧. જૈન અકાદમી, વડોદરા દ્વારા આયોજિત પરિસંવાદમાં રજૂ કરેલ લેખ.

काव्यहेतु માટે काव्याङ्ग, काव्यकारण જેવી સંજ્ઞા પણ યોજાઈ છે. ભરત, ભામહમાં જૂદી જૂદી કળા, શાસ્ત્રાદિ કાવ્યનું અંગ બને છે, એવા નિર્દેશ પરથી વામને काव्याङ्ग શબ્દ યોજ્યો છે. વામન કાવ્યની સામગ્રી અને કાવ્યના કરણરૂપે काव्यहेतुને ઘટાવીને કાવ્યનું જ અંગ માને છે. આ બાબતે હેમચંદ્ર રુદ્રટ, રાજશેખર, મમ્મટને અનુસરી काव्यहेतु સંજ્ઞા જ પસંદ કરે છે. काव्याङ्ग અને काव्यहेतु સંજ્ઞાઓ વચ્ચે થોડો ભેદ છે. કાવ્યપદાર્થનું અને કાવ્યપ્રક્રિયાનું અવિનાભાવી અંગ काव्याङ्ग કહેવાય તો કાવ્યસર્જનની પ્રક્રિયાનું ઉદ્‌ગમબિંદુ काव्यहेतु કહેવાય.

**:2:**

હેમચંદ્રે કાવ્યહેતુની વિભાવના જૈનદર્શનના પાયા પર રચી છે. કાવ્યના એકમાત્ર હેતુરૂપે તેમણે પ્રતિભાનો પુરસ્કાર કર્યો છે. શેષ બે કાવ્યહેતુ મનાયેલા વ્યુત્પત્તિ અને અભ્યાસને હેમચંદ્ર સંસ્કારક માને છે : व्युत्पत्त्यभ्यासौ तु पतिभाया एव संस्कारकाविति वक्ष्यते । (का.शा. अ.१/५ वृत्ति. पृ.६) હેમચંદ્ર ભરતથી મમ્મટ સુધીની પરંપરામાં થયેલા કાવ્યહેતુ વિષયક ચિંતનમાંથી રાજશેખરને આધાર બનાવી સ્વકીય ચિંતન વિકસાવે છે.

હેમચંદ્ર કાવ્યનું કારણ વર્ણવે છે : प्रतिभास्य हेतुः । (का.शा. १/४ पृ.५) આમ હેમચંદ્ર શક્તિ, નિપુણતા અને અભ્યાસરૂપ ત્રિકારણવાદના પુરસ્કર્તા ભામહ-રુદ્રટાદિ આચાર્યોને કે સમન્વિત/એકીભૂત ત્રિકારણવાદના પુરસ્કર્તા દંડી-મમ્મટી જૂદા પડે છે. તેઓ વામનના અરૂઢ કાવ્યહેતુ-ચિંતનને પણ અનુસરતા નથી. સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં કાવ્યહેતુના ચિંતન પરત્વે બે દૃષ્ટિકોણ દેખાય છે : (૧) કવિલક્ષી અને (૨) કાવ્યકેન્દ્રી. વામનના અપવાદને બાદ કરતાં લભગભ બધા જ કાવ્યાચાર્યોએ કવિલક્ષી દૃષ્ટિકોણ અપનાવ્યો છે. પરિણામે પ્રતિભાને અગ્રક્રમે મૂકવાનો અથવા પ્રતિભાને અગ્રક્રમે મૂકી ત્રણે કાવ્યહેતુનો સમન્વય સાધવાનું વલણ જોવા મળે છે. ભામહ, દંડી, રુદ્રટ, રાજશેખર, મમ્મટાદિ આચાર્યોની વિચારણા એનું દૃષ્ટાંત છે. વામનના સમગ્ર ચિંતનમાં કાવ્યકૃતિ કેન્દ્રમાં છે. એટલે વામનનું કાવ્યાંગચિંતન પણ કૃતિના છેડેથી થયેલું પ્રતીત થાય છે. આથી જ વામને કાવ્યાંગોના જે ત્રણ સમૂહો નિર્ધારિત કર્યા છે તેમાં લોક અને વિદ્યા - એ બે સમૂહો વ્યુત્પત્તિને નિરૂપે છે. પ્રતિભા અને અભ્યાસ એ બે કાવ્યહેતુઓને વામન પ્રકીર્ણ નામક ત્રીજા કાવ્યાંગસમૂહમાં ભેગા મૂકી દે છે. કવિની સાથે અંતરંગપણે જોડાયેલા પ્રતિભા અને અવધાનને વામન પ્રકીર્ણ કાવ્યાંગોમાં પણ છેક છેવાડે સ્થાન આપે છે. સ્પષ્ટ છે કે વામનનો કૃતિલક્ષી અભિગમ જ વ્યુત્પત્તિરૂપ કાવ્યાંગની અગ્રપ્રસ્તુતિ અને પ્રપંચિત પ્રસ્તુતિ પાછળનું નિયામક તત્ત્વ છે. કાવ્યહેતુના સંદર્ભે કવિ અને કાવ્યકૃતિ સિવાયનો ભાવકલક્ષી અભિગમ દેખીતી રીતે જ ખાસ પ્રસ્તુત નથી. છતાં રાજશેખરે ભાવયિત્રી પ્રતિભાનો પ્રદેશ જોડી આપીને કાવ્યકૃતિના ઉત્તર છેડે રહેલા ભાવકને પણ સ્થાન આપ્યું છે. વામનના કાવ્યહેતુચિંતન પાછળ રહેલો દૃષ્ટિકોણ સ્વાભાવિક રીતે જ અનુગામી કાવ્યાચાર્યોને સ્વીકાર્ય બન્યો નથી. હેમચંદ્રાચાર્યે તો કેવળ પ્રતિભાને કાવ્યનું કારણ માની વામનનો સંપૂર્ણ અસ્વીકાર કર્યો. તેમણે મમ્મટના સમન્વિત કારણવાદનો પણ અસ્વીકાર કરી પ્રતિભાસંસ્કારવાદની પ્રતિષ્ઠા કરી. રાજશેખરે શક્તિને એકમેવ કાવ્યહેતુ માન્યો હતો. પરંતુ રાજશેખર અને હેમચંદ્ર વચ્ચે કેટલાક પાયાના મતભેદો છે. રાજશેખરની शक्ति અને હેમચંદ્રની प्रतिभा વચ્ચે મોટો

ભેદ છે. રાજશેખર આંતર પ્રયત્નરૂપ સમાધિ અને બાહ્ય પ્રયત્નરૂપ અભ્યાસને કવિત્વશક્તિના ઉદ્‌ભાસકો માને છે. આમ સમાધિ-અભ્યાસ અને શક્તિ વચ્ચે ઉદ્‌ભાસ્ય-ઉદ્‌ભાસક સંબંધ રાજશેખરને અભિપ્રેત છે. અહીં વ્યુત્પત્તિની કોઈ ભૂમિકા સ્પષ્ટ થઈ નથી. વળી રાજશેખર શક્તિને કર્તા અને પ્રતિભા-વ્યુત્પત્તિને એનાં કર્મ માને છે. આમ शक्ति અને प्रतिभा-व्युत्पत्ति વચ્ચે કર્તા-કર્મ સંબંધ છે. હેમચંદ્ર शक्ति શબ્દનો પ્રયોગ ટાળે છે. शक्ति અને प्रतिभा વચ્ચેનો કર્તાકર્મસંબંધ તેઓ સ્વીકારતા નથી. તેઓ शक्ति અને समाधि-अभ्यास વચ્ચે ઉદ્‌ભાસ્ય ઉદ્‌ભાસક સંબંધને પણ સ્વીકારતા નથી. રાજશેખર शक्ति અને समाधि-अभ्यास તથા शक्ति અને प्रतिभा-व्युत्पत्ति વચ્ચે જે દ્વિસ્તરીય વ્યાપાર કલ્પે છે એની પાછળની તાર્કિક્તા સ્પષ્ટ થતી નથી. હેમચંદ્ર રાજશેખરની આ આખી ગોઠવણીનો અસ્વીકાર કરે છે. રાજશેખર अभ्यासने શક્તિના બાહ્ય પ્રયત્નરૂપ ઉદ્‌ભાસકરૂપે કલ્પે છે પણ હેમચંદ્ર अभ्यासને प्रतिभाના સંસ્કારકરૂપ પ્રતિષ્ઠિત કરે છે. રાજશેખરના અરૂઢ અભિગમ કરતાં હેમચંદ્રે કરેલું પરંપરાનું તાર્કિક અર્થઘટન પ્રતીતિકર લાગે છે. રાજશેખરના ઉદ્‌ભાસિત એકકારણવાદ અને મમ્મટના સમન્વિત એકકારણવાદ કરતાં હેમચંદ્રનો સંસ્કૃત એકકારણવાદ વધુ તર્કસંગત છે.

હેમચંદ્ર પ્રતિભા અને કાવ્ય વચ્ચે કારણ-કાર્યસંબંધ માને છે : अस्य काव्यस्येदं प्रधानं कारणम् (का.शा. १/४ वृत्ति. पृ.६) ભામહ, દંડી,મમ્મટનો પણ એવો જ મત હતો. પરંતુ रुद्रट કાવ્યરચનાકાળે નિરસ અંશનો ત્યાગ અને સરસ અંશના ગ્રહણ સાથે શક્તિ, વ્યુત્પત્તિ અને અભ્યાસને જોડે છે :

तस्यासारनिरासात्सारग्रहणाच्च चारुणः करणे ।
त्रितयमिदं व्याप्रियते शक्तिव्युत्पत्तिरभ्यासः ॥ का.लं(रु.) १/१४

આમ રુદ્રટ કાવ્યહેતુ કાવ્યવ્યાપારમાં કઈ ભૂમિકા બજાવે છે તે સ્પષ્ટ કરે છે.

હેમચંદ્ર પ્રતિભાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે : प्रतिभा नवनवोल्लेखशालिनी प्रज्ञा । (का.शा. १/४ वृत्ति पृ.६) નવા-નવા વર્ણનોની નિર્મિતિ કરવાથી શોભતી પ્રજ્ઞા તે પ્રતિભા. હેમચંદ્ર प्रज्ञाને પ્રતિભા કહે છે. આ પ્રજ્ઞામાં નવા નવા વિષયો અને નવી નવી રચનારીતિઓથી અવિસ્મરણીય વર્ણનોના નિર્માણની શક્તિ હોય છે. હેમચંદ્રે नवनवोन्मेषને સ્થાને नवनवोल्लेख શબ્દ યોજ્યો છે, એ સૂચક છે. હેમચંદ્રના પુરોગામી રાજશેખર પ્રતિભાનું સ્વરૂપ આમ સ્પષ્ટ કરે છે : या शब्दग्राममर्थसार्थमलङ्कारतन्त्रमुक्तिमार्गमन्यदपि तथाविधमधिहृदयं प्रतिभासयति सा प्रतिभा । (का.मी.अ : ४ पृ.२६-२७) રાજશેખર હૃદયની ભીતર થતા પ્રતિભાસને મહત્ત્વ આપે છે. આ પ્રતિભાસ શબ્દગ્રામો, અર્થસમૂહો, અલંકારતંત્ર, ઉક્તિ, માર્ગ અને એવાં જ બીજા કાવ્યાંગોનો થતો હોય છે. દેખીતી રીતે જ રાજશેખર શબ્દથી શરૂ કરી કાવ્યના ક્રમશઃ વધુને વધુ અંતરંગ તત્ત્વો તરફ ગતિ કરે છે. રુદ્રટમાં નિરસ-સરસના પરિહારગ્રહણ, રાજશેખરમાં કાવ્યઘટનને અનુકૂળ શબ્દાર્થાલંકારાદિનો હૃદયગુહામાં પ્રતિભાસ અને હેમચંદ્રમાં અપૂર્વ વર્ણનનિર્માણ- એમ પ્રતિભાનુ કાર્યાત્મક સ્વરૂપ વર્ણવાયું છે. પણ એમાં કેટલોક તાત્ત્વિક ભેદ રહેલો છે. રુદ્રટમાં ઉચિતાનુચિત કે સુંદર-અસુંદર વચ્ચેનો હેયોપાદેયવિવેક કેન્દ્રમાં છે. રાજશેખરમાં શબ્દથી માંડી માર્ગાદિ પર્યતના કાવ્યઘટકોનો હૃદયભીતરે પ્રતિભાસ કેન્દ્રમાં અર્થાત્ રાજશેખરને મયૂરઅંડમાં જેવી મોરની

ઝાંખી થાય તેવું કાવ્યનું ભાવસ્વરૂપ-ભાવમયસ્વરૂપ અભિપ્રેત છે, જ્યારે હેમચંદ્ર અપૂર્વ વિષય તથા શૈલીવંતા વર્ણનના સાક્ષાત્ નિર્માણને મહત્ત્વ આપે છે. આમ હેમચંદ્ર મૂર્ત, કાવ્યકૃતિરૂપે થતાં પરિણમનને લક્ષ્ય કરે છે. વળી રાજશેખરે શબ્દથી માર્ગાદિ સુધીના ઘટકોના અવતરણને દર્શાવ્યું છે. જ્યારે હેમચંદ્ર આ બધાં જ કાવ્યતત્ત્વોને કેવળ नवनवोल्लेख શબ્દ દ્વારા જ આવરી લે છે. એટલું જ નહીં આ તત્ત્વોના પ્રતિભાસનથી જ ન અટકતા એના મૂર્ત ઉલ્લેખન સુધી વિસ્તરે છે. કાવ્યવ્યાપારના કાવ્યકૃતિરૂપે થતી પરિણતિ સુધી હેમચંદ્ર પ્રતિભાના કાર્યને વિસ્તારે છે.

**:3:**

હેમચંદ્ર પ્રતિભાના સહજા અને ઔપાધિકી એમ બે પ્રકારો માને છે. સહજ અને બાહ્યોપાધિનિમિત્તે એમ કર્મપુદ્‌ગુલના ક્ષય-ઉપશમને કેન્દ્રમાં રાખી આ વર્ગીકરણ થયું છે. રુદ્રટે પણ જન્મજાત અને વ્યુત્પત્તિજન્ય-એમ બે પ્રતિભાના સહજા અને ઉત્પાદ્યા પ્રકારો માન્યા છે. રાજશેખર પ્રતિભાના જન્મજાત, અભ્યાસજન્ય અને મંત્રાદિજન્ય એમ સહજા, આહાર્યા તથા ઔપદેશિકી એવા ત્રણ પ્રકારો માને છે. દેખીતું છે કે, હેમચંદ્ર રાજશેખરમાંથી સહજા અને ઔષાધિકી પ્રતિભા-ભેદોનું સૂચન મેળવે છે. જો કે નિમિત્તની ઔપાધિક્તા-અનૌપાધિકક્તાનો જૂદો જ માપદંડ હેમચંદ્રે પસંદ કર્યો છે. એટલું જ નહીં પ્રતિભાના આવિર્ભાવની પ્રક્રિયા તેમણે પુરોગામી આચાર્યોથી જૂદા પડી જૈનદર્શનાનુસાર કલ્પી છે. આમ હેમચંદ્રે રુદ્રટ અને રાજશેખરના પ્રતિભાવર્ગીકરણનું શોધન તથા પુનર્ઘટન કર્યું છે. એટલું જ નહીં જૈનદાર્શનિક્તા યોજી મૌલિક્તા પ્રકટાવી છે.

હેમચંદ્ર સહજા પ્રતિભા આ રીતે સમજાવે છે :

सावरणक्षयोपशममात्रात् सहजा ।

सवितुरिव प्रकाशस्वभावस्यात्मनोऽभ्रपटलमिव ज्ञानावरणीयाद्यावरणम्, तस्योदितस्य क्षयेऽनुदि-तस्योपशमे च यः प्रकाशार्विभावः सा सहजा प्रतिभा । मात्रग्रहणं मन्त्रादिकारणनिषेधार्थम् । सहजप्रतिभाबलाध्धि गणभृतः सद्यो द्वादशाङ्गीमासूत्रयन्ती स्म । (का. शा. १/५ वृत्ति पृ. ६)

આવરણીય કર્મપુદ્‌ગલ પૈકી ભૂતકાલીન કર્મોના ક્ષય અને ભાવિ કર્મોના ઉપશમન-નિરોધ-અટકાવ-માત્રથી આવિર્ભાવ પામે તે સહજા પ્રતિભા.

સૂર્યની માફક પ્રકાશરૂપ સ્વભાવવાન આત્માનું વાદળની માફક જ્ઞાનાવરણીય આદિ કર્મપુદ્‌ગલોનું આવરણ હોય છે. તે આત્માની ભૂતકાલીન કર્મવર્ગણાનો ક્ષય થાય અને ભાવિ કર્મવર્ગણાનો નિરોધ-ઉપશમ થાય ત્યારે જે પ્રકાશનો આર્વિભાવ થાય તે સહજા પ્રતિભા. સૂત્રમાં માત્ર શબ્દ મંત્રાદિ કારણોનો નિષેધ સૂચવે છે. સહજ પ્રતિભાના બળે જ ગણધરોએ સદ્ય દ્વાદશાંગ સૂત્રિત કર્યાં હતાં.

જૈનદર્શન અનુસાર આવરણ અને ક્ષય-ઉપશમની પ્રક્રિયા આ રીતે ઘટે છે : જીવનું લક્ષણ જૈનદર્શન આ પ્રમાણે આપે છે : चैत्यस्वरूपः परिणामि, कर्ता, साक्षाद् भोक्ता, स्वदेहपरिमाणः, प्रतिक्षेत्रे

विभिन्नः, पौद्गलिकादृष्टवांश्चायम् । (વાદિદેવસૂરિ : પ્રમાણનયતત્ત્વાલોક ૭.૫૬) આ જીવનો સ્વભાવ અમૂર્તપણું, રૂપરસાદિનો અભાવ અને ચેતનાશક્તિરૂપ છે, તો જીવનો વિભાવ અર્થાત્ કર્મજન્ય પર્યાય ભાષા, આકાર, સુખ, દુઃખ દ્વેષાદિરૂપ છે. જીવનો સ્વભાવ-પુદ્ગલનિરપેક્ષ હોવાથી અતીન્દ્રિય છે તો જીવનો વિભાવ- પુદ્ગલસાપેક્ષ હોવાથી ઇન્દ્રિયગ્રાહ્ય છે. એ જ સંસારી જીવ કહેવાય છે. જીવનું મૂળ રૂપ પૂર્ણતાયુક્ત છે. એમાં અનંત પ્રજ્ઞા, અનંત શાન્તિ, અનંત શ્રદ્ધા અને અનંત વીર્ય-એમ અનંત ચતુષ્ટય રહેલું છે. પરંતુ જે સમય દરમ્યાન જીવનો પુદ્ગલ સાથે સંયોગ રહે છે તે સમય એમનો સંસાર ગણાય છે. જૈનોના મતે આ વિશ્વ સૂક્ષ્માતિસૂક્ષ્મ કર્મવર્ગણા નામક કર્મદ્રવ્ય અને ચેતન સ્વભાવ જીવપદાર્થથી ભરેલું છે. સ્વભાવતઃ શુદ્ધ, મુક્ત, બુદ્ધ સ્વભાવી જીવ રાગ-દ્વેષાદિના પરિણામરૂપ ચીકાસને લીધે કર્મપુદ્ગલથી બંધાય છે / ઢંકાય છે. જૈનો કર્મના દ્રવ્યકર્મ અને ભાવકર્મ એવા બે ભેદો માને છે : (૧) ક્રોધ, મદ, માયા, લોભાદિ કષાયરૂપ આત્માના આંતરિક પરિણામે ભાવકર્મ કહેવાય (૨) ભાવકર્મથી લેપાયેલો જીવ અંગત સ્કંધરૂપ કાર્મણવર્ગને ગ્રહણ કરે ત્યારે એ કાર્મણવર્ગમાં જીવના જ્ઞાન, દર્શન, સમ્યક્તા અને સ્વાધીનતાને ઢાંકી દઈ, સુખદુઃખ જન્માવવાની આવતી શક્તિ દ્રવ્યકર્મ કહેવાય. કર્મના ઘાતી અને અઘાતી-એવા બે વિભાગો પૈકી ચાર પ્રકારનાં ઘાતી કર્મોમાં જ્ઞાનાવરણીય (જ્ઞાનશક્તિને ઢાંકનાર), દર્શનાવરણીય (દર્શનશક્તિને ઢાંકનાર), મોહનીય (સમ્યક્ત્વને ઢાંકનાર) અને અંતરાય (સ્વાધીનશક્તિને ઢાંકનાર)નો સમાવેશ થાય છે. જીવ અને કર્મ વચ્ચેના સંબંધ પરત્વે જૈનોની ત્રિદષ્ટિ માર્મિક વિશ્લેષણ કરે છે : (૧) વ્યવહારદષ્ટિએ આત્મા પુદ્ગલ-કર્મસમૂહનો કર્તા છે. (૨) અશુદ્ધ નિશ્ચયનયદષ્ટિએ આત્મા રાગદ્વેષાદિ ચેતન કર્મસમૂહનો કર્તા છે. (૩) શુદ્ધ નિશ્ચયનયદષ્ટિએ આત્મા સ્વકીય, શુદ્ધ ભાવસમૂહનો કર્તા છે. આત્માનો અને કર્મનો સંબંધ અનાદિ છે. જેમ મલિન દર્પણને સાફ કરો તેમ આત્માનો મેલ દૂર કરો એટલે આત્માની સ્વાભાવિક ઉજ્જવલતા પ્રકટે છે. પ્રતિભામાં આવી જ ઉજ્જવલતાનો આવિર્ભાવ અભિપ્રેત છે.

જીવની બંધનથી મુક્તિ સુધીની પ્રક્રિયામાં સૌ પ્રથમ કર્મ આત્મા તરફ વહેવા લાગે, કર્મનો આત્મા સાથે સંબંધ થાય છે. એને આસ્રવ કહેવાય. એમાં સંસારના વિષયો ઇન્દ્રિયાદિ દ્વારોમાં થઈ આત્મામાં પેસે છે. આવાં કર્મો જીવમાં રહેલા રાગદ્વેષાદિ ચીકાસને કારણે આત્માને વળગે છે. એને બંધ કહેવાય. કર્મોના આસ્રવને મનોયોગ, વચનયોગ અને શરીરયોગથી અટકાવવામાં આવે તે સંવર કહેવાય. આ સંવર ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહનો જય, ચારિત્ર અને તપથી સાધી શકાય. નવું કર્મ અટકાવવું અને જૂનુ કર્મ દૂર કરવું તે સંવર. આ પ્રક્રિયા પછી બંધાયેલા કર્મો ભોગવ્યા પછી ખરી પડે તે નિર્જરા કહેવાય. એમાં તપ આદિ સાધનો દ્વારા કર્મનો ક્ષય થાય છે. અંતે જીવનાં બધાં જ કર્મો નષ્ટ થતાં જીવ જે સ્વાભાવિક અવસ્થા પામે તે મોક્ષ કહેવાય.

હેમચંદ્ર પ્રતિભાની વ્યાખ્યામાં નિર્જરા-સંવરની પ્રક્રિયાને કેન્દ્રમાં રાખતા લાગે છે. ભૂતકાલીન કર્મોનાં ક્ષય અને ભાવિકર્મોના ઉપશમન-નિરોધની દ્વિમુખી પ્રક્રિયા રેખાયિત થઈ છે. આ પ્રક્રિયાની પરિણતિરૂપે પારમાર્થિક અપરોક્ષ જ્ઞાનનો ઉદય થાય છે. ક્યારેક મન-ઇન્દ્રિયની સહાય વિના, ઘાતીય-અઘાતીય કર્મોનો પ્રભાવ દૂર થતાં પ્રકટતા સ્વતઃ જ્ઞાનરૂપ **કેવલજ્ઞાન** તો ક્યારેક સીમિત વિષયો પૂરતું

જ થતું **વિકલજ્ઞાન** એવા પ્રકારો સંભવે છે. વિકલજ્ઞાનમાં પણ કર્મોનો આંશિક નાશ થતાં અત્યંત દૂરનાં સૂક્ષ્મ અસ્પષ્ટ દ્રવ્યોને જાણવારૂપ અતીન્દ્રિય એવું **અવધિજ્ઞાન** સંભવે છે. શ્રેષ્ઠ પ્રકારનાં અવધિજ્ઞાનવાળી વ્યક્તિ રૂપ ધરાવતી કોઈપણ વસ્તુની સ્વયં સ્ફુરણા મેળવી શકે છે. એ સ્થળ અને સમયના અગણિત પ્રદેશો અને ચક્રો ભેદી શકે છે. વિકલજ્ઞાનનો બીજો પ્રભેદ મનઃપર્યાયજ્ઞાન છે. સમ્યક્ ચરિત્ર દ્વારા જ્ઞાન પરનાં આવરણો દૂર થતાં આ જ્ઞાન ઉદય પામે છે. પોતાના અને બીજાના મન સાથેના સંયોગથી આ જ્ઞાન સંભવે છે. એમાં ક્યારેક ત્રિકાળના વિચાર-લાગણીઓનું જ્ઞાન તો ક્યારેક કેવળ પોતાના અને બીજાના વિચારો-લાગણીઓનું જ્ઞાન એમ વિપુલમતિ અને ઋજુમતિ થાય છે. હેમચંદ્રની પ્રતિભાની વિભાવના અનેકસ્તરીય પારમાર્થિક અપરોક્ષજ્ઞાનને જ લક્ષ્ય કરતી પ્રતીત થાય છે. આથી જ હેમચંદ્રની પ્રતિભા ભામહ, દંડી, વામન, રુદ્રટ, આનંદવર્ધન, રાજશેખર, કુંતક અને મમ્મટાદિની પ્રતિભાથી મૂળભૂત સ્વરૂપગત ભેદ ધરાવતી પ્રતીત થાય છે.

હેમચંદ્ર સહજા પ્રતિભામાં સંવર-નિર્જરારૂપ આંતર નિમિત્તો જ કારણભૂત માને છે. આ તથ્ય સૂચવવા જ વ્યાખ્યામાં તેમણે मात्रात् શબ્દ યોજ્યો છે. વૃત્તિમાં તેમણે 'મંત્રાદિ-દષ્ટ ઉપાધિઓનો નિષેધ' પોતાને અભિપ્રેત છે, એ સ્પષ્ટપણે કહ્યું છે. તેમણે સહજા પ્રતિભાના ઉદાહરણરૂપે ગણધરો દ્વારા સદ્ય રચાયેલા દ્વાદશાંગ સૂત્રોની રચના ટાંકી છે. આ ઉદાહરણ પણ જૈનાદાર્શનિકતામાંથી નિષ્પન્ન થયેલી પ્રતિભા જ હેમચંદ્રને અભિમત છે, એ તથ્ય પુરવાર કરે છે.

હેમચંદ્ર સહજા પ્રતિભાનો આવિર્ભાવ વર્ણવતા ભાવ અને દ્રવ્યરૂપ કર્મપુદ્ગલના આવરણનો ક્ષય અને ઉપશમની પ્રક્રિયાથી નાશ સૂચવે છે. જ્ઞાનાવરણીય આદિ કર્મો નષ્ટ થતાં ચતુર્વિધ શક્તિ પ્રકટ થાય છે : (૧) જ્ઞાનશક્તિ : જ્ઞાનશક્તિ પૂર્વાપર વિચાર કરવાની, સત્યાસત્યનો નિર્ણય કરનારી શક્તિ છે. એમાં પદાર્થનો વિશેષ પ્રકારે બોધ થાય છે. (૨) દર્શનશક્તિઃ દર્શનશક્તિથી જીવનું ગુણદર્શન થાય છે. એમાં પદાર્થના સામાન્ય સ્વરૂપનો બોધ થાય છે. (૩) સમ્યકશક્તિઃ સમ્યકશક્તિ આત્માના સમ્યક્ત્વ અને ચારિત્રને પ્રગટ કરી મોહનો નાશ કરે છે. (૪) સ્વાધીનશક્તિ : સ્વાધીનશક્તિ કાર્યને અંતરાય વિના પૂર્ણ કરે છે. આમ આ ચતુર્વિધ શક્તિ પ્રકટ થતાં પારમાર્થિક અપરોક્ષજ્ઞાનો ઉદય થાય છે. ઉચ્ચાવચ એવા વિવિધ સ્તરોવાળું આ પારમાર્થિક અપરોક્ષજ્ઞાન હેમચંદ્રના મતે જ્યારે પ્રજ્ઞા વડે नवनवोल्लेखशाली અર્થાત્ અપૂર્વ વર્ણનનું નિર્માણ કરે ત્યારે પ્રતિભારૂપે આવિષ્કૃત થાય છે.

હેમચંદ્ર ઔપાધિકી પ્રતિભાનું લક્ષણ આપે છે :

मन्त्रादेरौपाधिकी ।

मन्द्रदेवतानुग्रहादिप्रभवौपाधिकी प्रतिभा ।
इयमप्यावरणक्षयोपशमनिमित्ता, एवं दृष्टोपाधिनिबन्धनत्वात्वौपाधिकीत्युच्यते ।
(का.शा. १/६ सूत्र-वृत्ति पृ.६)

હેમચંદ્રના મતે સહજા પ્રતિભા અને ઔપાધિકી પ્રતિભા વચ્ચે કશો સ્વરૂપગત ભેદ હોતો નથી.

ભેદ એટલો છે કે સહજા પ્રતિભાને કશી ઉપાધિની જરૂર પડતી નથી જ્યારે ઔપાધિકી પ્રતિભાને કર્મપુદ્ગલના નાશ માટે મંત્ર, દેવતાનો અનુગ્રહ આદિ બાહ્ય ઉપાયોની જરૂર પડે છે.

હેમચંદ્ર આ બન્ને પ્રકારની પ્રતિભાને વ્યુત્પત્તિ અને અભ્યાસથી સંસ્કારવી જરૂરી માને છે. આમ પ્રતિભા કાવ્યનો એકમેવ હેતુ છે. પણ એ વ્યુત્પત્તિ અને અભ્યાસથી સંસ્કારાય ત્યારે જ ઉત્તમ કાવ્યનું નિર્માણ કરી શકે છે. આમ વ્યુત્પત્તિ અને અભ્યાસનું કાર્ય કાવ્યનિર્મિતિનું નથી. પરંતુ કાવ્યનિર્માણક્ષમા પ્રતિભાને માંજવાનું, પરિપક્વ કરવાનું છે. આમ વ્યુત્પતિ-અભ્યાસ કાવ્યનું સાક્ષાત્ કારણ નથી પરંતુ તેઓ પ્રતિભાના ઉપકારક છે, પ્રતિભાને નિખારે છે. પ્રતિભા જ ન હોય તો એમનું કશું મૂલ્ય રહેતું નથી : ताभ्यां संस्करणीया । अत एव न तौ काव्यस्य साक्षात्कारणं प्रतिभोपकारिणौ तु भवतः । दृश्यते हि प्रतिभाहीनस्य विफलौ व्युत्पत्त्यभ्यासौ । (का.शा. १/७ सूत्र-वृत्ति पृ.६)

:४:

હેમચંદ્ર પ્રતિભાના સંસ્કારક વ્યુત્પત્તિ અને અભ્યાસની વામન-રાજશેખરના ચિંતનને સામે રાખીને માંડણી કરે છે. તેઓ વ્યુત્પત્તિની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે :

लोकशास्त्रकाव्येषु निपुणता व्युत्पत्तिः ॥१।८॥

લોક,શાસ્ત્રો અને કાવ્યોમાં મેળવેલી નિપુણતા તે વ્યુત્પત્તિ. હેમચંદ્ર સ્થાવર અને જંગમ-એમ ઉભયપ્રકારના લોકવ્યવહારનો લોકમાં સમાવેશ કરે છે. તેઓ વિવેક ટીકામાં લોકનિપુણતાના અભાવમાં પ્રકૃતિવ્યત્યય નામના રસદોષની સંભાવના જુએ છે :

स च देशकालादिभेदादनेकप्रकारः प्रकृतिव्यत्ययाख्ये रसदोषे प्रपञ्चयिष्यते ।

(का० शा० १-८ वृत्ति-विवेक टीका, पृ० ७)

શાસ્ત્રોમાં શબ્દાનુશાસન (વ્યાકરણ), છંદોનુશાસન, અભિધાનકોશ, શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ, આગમ, તર્ક, નાટ્ય, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, યોગશાસ્ત્ર આદિને ગણાવે છે. તેઓ વિવેકમાં आदि પદથી આયુર્વેદ, જ્યોતિઃ શાસ્ત્ર, ગજલક્ષણ, તુરગશાસ્ત્ર, રત્નપરીક્ષા, ધાતુવાદ, દ્યૂત, ઈન્દ્રજાલ, ચિત્ર અને ધનુર્વેદ-એમ વિવિધ શાસ્ત્રોનાં નૈપુણ્ય સદૃષ્ટાંત સમજાવે છે. હેમચંદ્રે શાસ્ત્રનિપુણતાનું નિરૂપણ વામનના વિદ્યા નામક કાવ્યાંગમાંથી (દા.ત. અભિધાનકોશ) અને શ્રુતિ આદિ શાસ્ત્રોમાં નિપુણતાનો વિષય રાજશેખરમાંથી (કાવ્યમીમાંસાના કાવ્યાર્થયોનિ નામક આઠમા અધ્યાયમાંથી) લીધો છે. વિવેક ટીકામાં હેમચંદ્ર રાજશેખરને આખેઆખા ઉદ્ધૃત કરે છે. એમાં ક્યાંક ક્રમમાં અને વિગતમાં નાનકડા ફેરફારો જોવા મળે છે. સાથે સાથે કેટલીક સ્પષ્ટતાઓ પણ હેમચંદ્ર ઉમેરે છે. જેમ કે આગમની વ્યાખ્યા હેમચંદ્ર ઉમેરે છે : आप्तवचनम् आगमः । (का.शा. विवेकटीका पृ.९) જો કે વિવેકમાં શબ્દાનુશાસન અને છન્દોનુશાસનનું થયેલું નિરૂપણ काव्यालङ्कारसूत्रवृत्तिથી શબ્દ, વિગત અને દૃષ્ટાંતની બાબતે પણ અલગ છે. હેમચંદ્ર રાજશેખરની કાવ્યાર્થયોનિની વિભાવનાને શાસ્ત્રમૂલ વ્યુત્પત્તિ રૂપે પરિવર્તિત કરે છે. તેઓ એને કવિના શાસ્ત્રનૈપુણ્યરૂપે ઘટાવે છે. હેમચંદ્ર રાજશેખરનું અર્થઘટન કરી સરળ સમજૂતી આપે છે. દા.ત. अपौरुषेयं

वचः श्रुतिः । यथा-उर्वशी हाप्सरा... तन्नैपुण्यं यथा---चन्द्राद् बुधः-----(का.शा. १/८ विवेक पृ.७) હેમચંદ્ર વિવિધ શાસ્ત્રોનાં લક્ષણ પ્રસંગે કેટલીક વખત પોતે જ લક્ષણ આપે છે. કેટલીક વખત રાજશેખરમાંથી ઉદ્ધૃત કરે છે તો ક્યારેક કાવ્યમીમાંસામાં ભિન્ન ભિન્ન સ્થળોએ રહેલા અંશોને જોડીને રાજશેખરને પુનર્ગઠિત કરી વ્યુત્પત્તિચિંતનને આકાર આપે છે. પુરાણનૈપુણ્યનું નિરૂપણ કરતાં રાજશેખર પ્રથમ તો કાવ્યમીમાંસાના શાસ્ત્રનિર્દેશ નામક બીજા અધ્યાયમાંથી પુરાણનું લક્ષણ ઉદ્ધૃત કરે છે. અને પછી કાવ્યમીમાંસાના કાવ્યાર્થયોનિ નામક આઠમા અધ્યાયમાંથી ઉદાહરણ લઈ બંને અંશોને સંયોજે છે : वेदाख्यानोपनिबन्धप्रायं पुराणम् । यथा-हिरण्यकशिपु......तन्नैपुणं यथा-स संचरिष्णु......(का.शा.वि. १/८ पृ.८) આ સંદર્ભ કાવ્યમીમાંસામાં બે જૂદા જૂદા અધ્યાયોમાં આ પ્રમાણે વિકીર્ણ પડ્યો છે : (૧) तत्र वेदास्यानोपनिबन्धनप्रायं पुराणमष्टदशधा । (का.मी.अ.२ पृ.८) (२) पौराणिक :- हिरण्यकशिपु..... अत्र-स सञ्चरिष्णु..... (का.मी.अ.८ पृ.८८) હેમચંદ્રની આ સંયોજનકળા કાવ્યાનુશાસનને વૈવિધ્યભર્યા સંદર્ભોથી સમૃદ્ધ અને છતાં बालानामुपयोगी અંલકારશાસ્ત્રીય ગ્રંથની સ્પૃહણીય મુદ્રા અર્પે છે. કાવ્યાનુશાસનને ઉડતી નજરે જોનારા શ્રી પી.વી.કાણે અને ડે-દાસગુપ્તા જેવા વિદ્વાનોને હેમચંદ્ર મૌલિક્તા વિનાના, જૂદા જૂદા ગ્રંથોમાંથી ઉતારા કરી સાંધી દેનારા લાગ્યા છે. પણ કાવ્યાનુશાસનની સમગ્ર સંરચનાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરતાં હેમચંદ્ર ઉચિત અંશોને ગ્રહણ કરનારા, અપ્રસ્તુત અંશોનો પરિહાર કરનારા, સવર્ણ અંશોનું સંયોજન કરનારા, નૂતન અંશોનું સર્જન કરનારા, ઉચિત દૃષ્ટાંતોથી પુષ્ટિ કરનારા અને વિષયવસ્તુને વિકસાવનારા સ્પૃહણીય કાવ્યાચાર્ય પ્રતીત થાય છે. હેમચંદ્ર સંસ્કૃત કાવ્યચિંતનની સુદીર્ઘ પરંપરામાંથી ઉચિત અંશોનું ચયન, સંયોજન, વિકસન કરી સ્વકીય મૌલિક્તાનો પુટ આપી પોતાની કાવ્યવિચારણાનો આવિષ્કાર કરે છે. હેમચંદ્રનું કાવ્યહેતુચિંતન એનું તાદૃશ ઉદાહરણ છે.

હેમચંદ્ર કાવ્યાનુશાસન-વિવેક ટીકાંમા રાજશેખરમાં નથી મળતા તેવા યોગશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષશાસ્ત્ર, તુરગશાસ્ત્ર, ધાતુવાદ, દ્યુત, ઇન્દ્રજાલ, ચિત્ર જેવા શાસ્ત્રનૈપુણ્યોની સદૃષ્ટાંત ચર્ચા કરે છે, એ વાત પણ ઉપરોક્ત મતનું સમર્થન કરે છે. રાજશેખર પ્રથમ તો વ્યુત્પત્તિનો વિસ્તાર દર્શાવે છે. એ પછી તેઓ વ્યુત્પત્તિનો મર્મ પ્રગટ કરે છે : काव्येषु महाकविप्रणीतेषु निपुणत्वं तत्त्ववेदित्वं व्युत्पत्तिः । (का.शा. १/८ पृ.१३) અહીં રાજશેખરે પૂર્વાચાર્યોના નામે પ્રસ્તુત કરેલો 'બહુજ્ઞતા તે વ્યુત્પત્તિ' — 'बहुज्ञता व्युत्पत्तिः' इत्याचार्याः । (का.मी.अ.५ पृ.३७) એવો મત અને રુદ્રટને અનુસરીને રજૂ કરેલો પોતાનો મત- 'उचितानुचितविवेको व्युत्पत्तिः इति यायावरीयः । (का.मी.अ.५. पृ. ३७ : જુઓ રુદ્રટ : छन्दोव्याकरणकलालोकस्थितिपदपदार्थविज्ञानात् । युक्तायुक्तविवेको व्युत्पत्तिरियं समासेन ॥ (का.लं. १/१८ पृ.१२) હેમચંદ્ર પરિષ્કૃત કરતા હોય એમ પ્રતીત થાય છે. કેમ કે વ્યુત્પત્તિનું ખરેખરું અને સૂક્ષ્મ સ્વરૂપ તો મહાકવિઓ રચિત કાવ્યોમાં કાવ્યના અંગ બની જઈ, કાવ્યમાં સમરસ થઈ જઈ કાવ્યચેતનારૂપે પ્રવાહિત થનારા શાસ્ત્રજ્ઞાનમાં પ્રકટે છે. કાવ્યચેતનામાં શાસ્ત્રજ્ઞાનના રૂપાંતરણ જેવા અત્યંત સૂક્ષ્મ રહસ્યને હેમચંદ્રે અહીં અદ્ભુત રીતે પકડી પાડ્યું છે. આમ શાસ્ત્રોનું શાસ્ત્રો તરીકે જ અધ્યયન કરવું કે જ્ઞાન મેળવવું કવિ માટે પૂરતું નથી. ખરેખર તો કવિપ્રતિભાથી કાવ્યની ચેતનારૂપે રૂપાંતરિત થઈ ગયું

હોય એવું શાસ્ત્રજ્ઞાન જ કવિને સાચી વ્યુત્પત્તિ સંપડાવે છે. કાવ્યરૂપે રૂપાંતરિત ન થયેલું શાસ્ત્રજ્ઞાન તો ઘણીવાર કવિ માટે કાવ્યસર્જનમાં અવરોધરૂપ થઈ જાય છે. એવું શાસ્ત્રજ્ઞાન કવિચેતનામાં ઓગળ્યા વિના જ કાવ્યમાં ધૂસી જાય છે અને કાવ્યમાં ગાંઠ બની જઈ રસભંગનું કારણ બને છે. આથી કવિ માટે તો કાવ્યના ભાવનવ્યાપાર દ્વારા જ, કાવ્યકૃતિની ફ્રેમમાં જ, કાવ્યરસરૂપે રૂપાંતરિત થયેલું શાસ્ત્રજ્ઞાન જ, રસમુદ્રાને પામવાની પ્રક્રિયા જ વ્યુત્પત્તિ કહેવાય છે. સ્પષ્ટ છે કે હેમચંદ્રે વ્યુત્પત્તિચિંતનમાં અપૂર્વ મૌલિક આરોહણ રચ્યું છે.

હેમચંદ્રે કાવ્યસર્જનમાં વ્યુત્પત્તિની ભૂમિકા ય સ્પષ્ટ કરી છે : लोकादिनिपुणता संस्कृतप्रतिभो हि तदनतिक्रमेण काव्यमुपनिबघ्नाति । (का. शा.१/८ पृ.१३) લોકવ્યવહાર અને શાસ્ત્રોમાં નિપુણતારૂપ વ્યુત્પત્તિથી સંસ્કાર પામેલી પ્રતિભાવવાળો કવિ લોકવ્યવહાર અને શાસ્ત્રોની લક્ષ્મણ રેખામાં રહીને, એના અનુલ્લંઘન થકી કાવ્યનું ઉપનિબંધન કરે છે. હેમચંદ્ર વ્યુત્પત્તિને કાવ્યવ્યાપારમાં અસંભવ અને અનૌચિત્યરૂપ કાવ્યદોષોનો પરિહાર કરતા નિયામક તત્ત્વરૂપે પ્રમાણે છે. આમ કાવ્યવ્યાપારમાં ઔચિત્ય અને પ્રતીતિકરતાને પ્રકટાવતા વિધેયાત્મક તત્ત્વરૂપે હેમચંદ્રે વ્યુત્પત્તિની પ્રતિષ્ઠા કરી છે. એનાથી હેમચંદ્રનું વ્યુત્પત્તિચિંતન અન્યત્ર દુર્લભ એવી અખિલાઈ અને માર્મિકતા ધારણ કરે છે.

:૫:

હેમચંદ્ર અભ્યાસનું સ્વરૂપ વામન, રુદ્રટ, રાજશેખર અને મમ્મટના પરામર્શથી નિશ્ચિત કરે છે. ભામહ कृत्वा तद्विदुपासनम् । विलोक्यान्यनिबन्धांश्च... (का.ल. १/१०), દંડી अमन्दश्चाभियोग...(का.द. १/१०३), વામન तत्र काव्यपरिचयो लक्ष्यज्ञत्वम् । काव्यबन्धोद्यमोऽभियोगः । काव्योपदेशगुरुशूश्रूषणं वृद्धसेवा। पदाधानोद्धरणमवेक्षणम् । (का.सू.वृ. १/३/१२-१५), રુદ્રટ अधिगतसकलज्ञेयः सुकवेः सुजनस्य संनिधौ नियतम् । नक्तंदिनमभ्यासेदभियुक्तः शक्तिमान्काव्यम् ॥ का.लं.रु १/२०), આનંદવર્ધન संवादो ह्यन्यसादृश्यं तत्पुनः प्रतिबिम्बवत् । आलेख्याकारवत्तुल्यदेहिवच्च शरीरिणाम् ॥ (ध्व. ४/१२), રાજશેખર अविच्छेदेन शीलनमभ्यासः । (का.मी.अ. ४ पृ. ) અને મમ્મટ काव्यज्ञशिक्षयाभ्यास...... (का.प्र. १/३) काव्य कर्तुं विचारयितुं च ये जानन्ति तदुपदेशेन करणे योजने च पौनः पुन्येन प्रवृत्तिरिति... (का.प्र. १/३ वृत्ति पृ.१७) -એમ હેમચંદ્રના પુરોગામી આચાર્યો કાવ્યરચનાના અભ્યાસનો વિમર્શ કરે છે.

હેમચંદ્ર અભ્યાસનું સ્વરૂપ આ પ્રમાણે નિરૂપે છે :

काव्यविच्छिक्षया पुनः पुनः प्रवृत्तिरभ्यासः ॥१९॥

काव्यं कर्तुं जानन्ति विचारयन्ति वा ये ते काव्यविदः कविसहृदयाः । वेत्तेर्विन्तेश्चावृत्त्या रूपम् । तेषां शिक्षया वक्ष्यमालक्षणया काव्य एव पौनः पुन्येन प्रवृत्तिरभ्यासः । अभ्याससंस्कृता हि प्रतिभा काव्यामृतकामधेनुर्भवति। (का.शा. १/९ पृ. १३-१४) હેમચંદ્ર મમ્મટની શબ્દાવલિને આંશિક પરિવર્તન સાથે યોજે છે. તેમણે મમ્મટના જ સૂત્રને પકડીને પ્રથમ તો काव्यविदः ની कविसहृदयाः રૂપે સમજૂતી આપી કારયિત્રી અને ભાવયિત્રી પ્રતિભાની અન્વતિ અનિવાર્ય માની છે. ત્યારબાદ હેમચંદ્ર કાવ્યવિદે આપેલી કવિશિક્ષાના માર્ગે કાવ્યરચવાની પુનઃ પુનઃ પ્રવૃત્તિરૂપ અભ્યાસને જ કાવ્ય કહે છે. તેઓ

કાવ્યસર્જનમાં અભ્યાસની ભૂમિકા સ્પષ્ટ કરે છે. તેમના મતે કાવ્યરચનાના નિરંતર અભ્યાસથી સંસ્કાર પામેલી પ્રતિભા કાવ્યામૃત વર્ષાવતી કામેધેનુ બની જાય છે. હેમચંદ્ર પ્રતિભાના સંસ્કારની સમગ્ર પ્રક્રિયાને બે તબક્કામાં વિભાગે છે : પ્રથમ તબક્કો વ્યુત્પત્તિથી પ્રતિભાના સંસ્કરણનો ઘટિત થાય છે. એમાં પ્રતિભામાં એવી પ્રૌઢી પ્રકટે છે કે જેનાથી અનૌચિત્ય અને અસંભવિતતા કે અપ્રતીતિકરતારૂપ દોષોનો સ્વતઃ પરિહાર થઈ જાય છે. પ્રતિભાના સંસ્કરણનો બીજો તબક્કો અભ્યાસથી સંપન્ન થાય છે. વ્યુત્પત્તિથી સંસ્કારાયા પછી જ્યારે અભ્યાસથી પ્રતિભા સંસ્કારાય છે ત્યારે પ્રતિભા કવિ અને સહૃદયનું મનોવાંચ્છિત કાવ્યફળ આપનારી કામધેનુ બની જાય છે. અર્થાત્ પ્રતિભાના સંસ્કરણના આ બીજા તબક્કામાં પ્રતિભામાં અતિશય પ્રકટ થાય છે. એનાથી કાવ્યામૃત અર્થાત્ રસધ્વનિ = કાવ્યસૌંદર્ય સ્રવે છે. પ્રતિભા અને વ્યુત્પત્તિ—અભ્યાસ વચ્ચેના સંસ્કાર્ય-સંસ્કારક સંબંધની ઉપરોક્ત ભાવ- pattern-ની પ્રેરણા હેમચંદ્રને શબ્દાર્થ અને દોષ-ગુણ-અલંકાર વચ્ચેના સંબંધની વામને શોધી કાઢેલી ભાતમાંથી મળી હોય એવું પ્રતીત થાય છે. કાવ્યમાં દોષોના પરિહારથી અનૌચિત્યનું નિવારણ, ગુણના ન્યાસથી કાવ્યસૌંદર્યની નિષ્પત્તિ અને અલંકારના વિન્યાસથી કાવ્યસૌંદર્યમાં અતિશયતા થાય છે. એવી વામનની કલ્પના પરથી હેમચંદ્ર વ્યુત્પત્તિને કાવ્યમાં પ્રક્ષિપ્ત અનૌચિત્યનો પરિહાર કરનાર પ્રતિભાસંસ્કારક તત્ત્વ અને અભ્યાસને કાવ્યામૃતને નિષ્પન્ન કરનાર પ્રતિભાસંસ્કારક તત્ત્વરૂપે વ્યાખ્યાયિત કરે છે. પ્રતિભા સાથેના વ્યુત્પત્તિ અને અભ્યાસના ઉપરોક્ત દ્વિસ્તરીય સંબંધની કલ્પના હેમચંદ્રનું કાવ્યહેતુચિંતનમાં મૌલિક પ્રદાન છે.

:૬:

હેમચંદ્ર અભ્યાસનું લક્ષણ આપતાં काव्यविच्छिक्षया પદ યોજે છે. આ પદના સંદર્ભે જ કાવ્યશિક્ષાનું લક્ષણ પ્રસ્તુત થયું છે : सतोऽप्यनिबन्धोऽसतोऽपि निबन्धो नियमश्छायाद्युपजीवनादयश्च शिक्षा: ॥ (का.शा. १/१० पृ.१४) હેમચંદ્રનું કાવ્યશિક્ષાચિંતન રાજશેખર પર આધૃત છે. હેમચંદ્ર કાવ્યશિક્ષાનાં વિવિધ અંગો પૈકી असतोऽपि निबन्धः, सतोऽपि अनिबन्धः અને नियम રૂપ કવિસમય કાવ્યમીમાંસાના ૧૪,૧૫ અને ૧૬ અધ્યાયોમાં સંક્ષેપીકરણ દ્વારા ઘડી કાઢે છે. તેઓ રાજશેખરના કવિસમયના વર્ગીકરણ પૈકી સ્વર્ગ્ય, પાતાલીય અને ભૌમ કવિસમયરૂપ પ્રકારો સંભવતઃ ચમત્કાર પર આધૃત ન હોવાથી, એમનો પરિહાર કરે છે. જો કે હેમચંદ્ર જાતિદ્રવ્યાદિ વર્ગીકરણનો સ્વીકાર કરે છે.

હેમચંદ્રે કરેલું કવિશિક્ષાના છાયા નામક અંગનું નિરૂપણ કાવ્યમીમાંસાના શબ્દાર્થહરણનું નિબંધન કરતાં ૧૧, ૧૨ અને ૧૩ અધ્યાયોના સંક્ષેપરૂપ છે. જો કે હેમચંદ્ર विवेकમાં એનું લક્ષણ પોતાના તરફથી આપે છે : छाया अर्थादर्थस्य । (का.शा. १/१०-विवेक टीका पृ.१४) તેમણે છાયાને અર્થમાંથી કે અર્થની છાયારૂપે સમજાવી તેને પ્રતિબિંબતુલ્ય આદિ રચનાપદ્ધતિથી કાવ્યના उपजीवन રૂપે ઘટાવી છે. તેમણે અર્થહરણના પ્રતિબિંબતુલ્ય, તુલ્યદેહિતુલ્ય, આલેખ્યપ્રખ્ય અને પરપુરપ્રવેશપ્રતિમ - એ ચારે પ્રકારો ઉદાહરણ સહિત કાવ્યમીમાંસામાંથી ઉદ્ધૃત કર્યા છે. એ જ રીતે શબ્દહરણના પદોપજીવન, પાદોપજીવન, પાદદ્વયોપજીવન, પાદત્રયોપજીવન, પદૈકદેશોજીવન, ઉક્ત્યુપજીવન જેવા પ્રકારો પણ કાવ્યમીમાંસામાંથી ઉદ્ધૃત કર્યા છે. આ ઉપરાંત સમસ્યાપૂરણના પ્રકારોમાં પાદસમસ્યા, પાદદ્વયસમસ્યા,

પાદત્રયસમસ્યા જેવા પ્રકારો પણ નિરૂપાયા છે. એ સિવાય વાક્યાર્થશૂન્યવૃત્તાભ્યાસ, પુરાતનવૃત્તોમાં પદપરાવૃત્તિનો અભ્યાસ, મહાકાવ્યાર્થચર્વણ, પરકૃતકાવ્યનો પાઠ આદિ પણ કાવ્યશિક્ષારૂપે કલ્પાયા છે. આ પ્રકારો હેમચંદ્રે ક્ષેમેન્દ્રના કવિકંઠાભરણમાંથી લીધા છે. આ ઉપરાંત પણ હેમચંદ્રે કાવ્યમીમાંસાના દસમા અધ્યાયમાંથી સ્વાસ્થ્ય, પ્રતિભા, અભ્યાસ, ભક્તિ, વિદ્વત્કથા, બહુશ્રુતતા, સ્મૃતિદઢતા અને અનિર્વેદ - એમ કવિત્વની અષ્ટ માતર ઉદ્ધૃત કરી છે.

હેમચંદ્રે કાવ્યશિક્ષાની આ વિસ્તૃત ચર્ચામાં કાવ્યહરણનાં ઔચિત્યો અવન્તિસુંદરીનો મત આપી દર્શાવ્યાં છે. કાવ્યમીમાંસાના ૧૧મા અધ્યાયમાં રાજશેખરે શબ્દહરણ અને અર્થહરણ કયા સંજોગોમાં સ્વીકાર્ય ઠરે એ વિશે અવન્તિસુંદરીનો મત ઉદ્ધૃત કર્યો છે : अयमप्रसिद्धः प्रसिद्धिमानमहम्, अयमप्रतिष्ठः प्रतिष्ठवानहम्, अप्रक्रान्तमिदमस्य संविधानकं प्रक्रान्तं मम, गुडूचीवचनोऽयं मृद्वीकावचनोऽहम्, अनादृतभाषाविशेषोऽयमादृतभाषाविशेषोऽहम्, प्रशान्तज्ञातृकमिदं देशान्तरकर्तृकमिदं, उत्सन्ननिबन्धनमूलमिदं म्लेच्छितकोपनिबध्धमिदमित्येवमादिभिः कारणैः शब्दहरणेऽर्थहरणे चाभिरमेत्त इति अवन्तिसुन्दरी । (का.शा. १/१० विवेक पृ. १८) હેમચંદ્રે શબ્દાર્થહરણના સંદર્ભે ઉપજીવન-મૌલિકતાને માનદંડ બનાવી રાજશેખરની કાવ્યમીમાંસાના ૧૧મા અધ્યાયમાંથી ઉત્પાદકકવિ, પરિવર્તકકવિ, આચ્છાદકકવિ અને સંવર્ધકકવિ-એવું સર્જકકેન્દ્રી વર્ગીકરણ પણ ઉદ્ધૃત કર્યું છે.

હેમચંદ્રે અભ્યાસની વિવિધ પ્રવિધિઓ રૂપે કાવ્યશિક્ષાને નિહાળી છે. તેમણે લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ હોવા છતાં કવિપરંપરાથી પ્રમાણિત થયેલા કવિસમય, શબ્દાર્થહરણથી થતી છાયા-કાવ્યરચનાઓ, પ્રખર બૌદ્ધિકતામાંથી નિપજતી બુદ્ધિવિલાસરૂપ સમસ્યાપૂરણ કાવ્યરચનાઓ, વાક્યાર્થશૂન્યવૃત્ત્યાભ્યાસ અને પુરાતનવૃત્તોમાં પદપરાવૃત્તિના અભ્યાસરૂપ વૃત્ત્યાભ્યાસમૂલ છંદોરચનાઓ, મહાકાવ્યાર્થચર્વણ, પરકૃતકાવ્યનો પાઠ, અષ્ટ કાવ્યમાતર અને કાવ્યહરણના કારણભૂત કવિઓની મનોવૃત્તિઓ એમ વિવિધ દિશાઓમાં પોતાનું કાવ્યશિક્ષાચિંતન વિસ્તાર્યું છે. હેમચંદ્રે રાજશેખરના કાવ્યશિક્ષાચિંતનને પીઠિકા બનાવી, ક્ષેમેન્દ્રના કાવ્યશિક્ષાચિંતનથી એમાં પરિપૂર્તિ કરી છે. તેમણે રાજશેખરના ચિંતનમાં રહેલા ઓછા મહત્ત્વના અંશોનો પરિહાર કરી પોતાના કાવ્યશિક્ષાચિંતનમાં સૌષ્ઠવ પ્રકટાવ્યું છે. તેમણે કાવ્યના ચમત્કાર સાથે પ્રત્યક્ષપણે ન સંકળાયેલા રાજશેખરના કાવ્યશિક્ષા વિષયક અંશોનો અસ્વીકાર કરી પોતાના ચિંતનને કાવ્યના હાર્દ સાથે જોડ્યું છે. રાજશેખરપ્રણિત ભૌમાદિ કવિસમય વર્ગીકરણ એનું દૃષ્ટાંત છે. તેમણે રાજશેખરમાં વેરવિખેર પડેલા અંશોને સંયોજિત કરી કાવ્યશિક્ષાચિંતનને નિશ્ચિત આકાર આપ્યો છે. તેમણે કાવ્યમીમાંસાના ૧૦મા અધ્યાયમાંથી કાવ્યમાતર, ૧૧-૧૨-૧૩મા અધ્યાયોમાંથી શબ્દાર્થહરણ અને ૧૪-૧૫-૧૬મા અધ્યાયોમાંથી કવિસયમ તથા કવિકંઠાભરણમાંથી વૃત્તાભ્યાસાદિને સંયોજિત કરી કાવ્યશિક્ષાચિંતનમાં અખિલાઈ, સૌષ્ઠવ અને માર્મિકતા પ્રકટાવી છે.

હેમચંદ્રના કાવ્યહેતુચિંતનનું વિશ્લેષણ કરતાં કેટલાક નિષ્કર્ષો પર પહોંચી શકાય :

(૧) જૈનદાર્શનિક દૃષ્ટિએ હેમચંદ્રે સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં સૌ પ્રથમવાર પ્રતિભાનું સ્વરૂપ ઉદ્ઘાટિત કર્યું છે. પ્રતિભાચિંતનમાં હેમચંદ્રનું આ અપૂર્વ મૌલિક પ્રદાન છે.

(૨) હેમચંદ્રે સૌ પ્રથમવાર કેવળ પ્રતિભારૂપ એકમેવ કારણવાદની સ્થાપના કરી. હેમચંદ્ર પૂર્વે રાજશેખરે કેવળ શક્તિરૂપ એકમેવ કારણવાદની સ્થાપના કરી હતી. પરંતુ રાજશેખરની શક્તિવિભાવના તથા હેમચંદ્રની પ્રતિભાવિભાવનામાં ઘણો ભેદ છે.

(૩) હેમચંદ્રે સૌ પ્રથમવાર કર્મપુદ્ગલના ક્ષય અને નિરોધ માટે દૃષ્ટ ઉપાધિની અનાવશ્યક્તા-આવશ્યક્તાને માનદંડ રૂપે યોજી પ્રતિભાનું સહજા અને ઔપાધિકીરૂપ વર્ગીકરણ પ્રસ્તુત કર્યું છે.

(૪) હેમચંદ્ર સહજા પ્રતિભા કે ઔપાધિકી પ્રતિભા વચ્ચે કોઈ સ્વરૂપગત ભેદ કે તરતમભાવ માનતા નથી. એથી વિપરીત રાજશેખર સહજા, આહાર્યા અને ઔપદેશિકી-એ ત્રિવિધા પ્રતિભા વચ્ચે સ્વરૂપગત ભેદ અને તરતમભાવ માને છે.

(૫) હેમચંદ્ર પ્રતિભા અને વ્યુત્પત્તિ-અભ્યાસ વચ્ચે સંસ્કાર્ય-સંસ્કારકભાવ સંબંધ માને છે. એથી વિપરીત રાજશેખર સમાધિ અને અભ્યાસને શક્તિના ઉદ્ભાસકો માની બંને વચ્ચે ઉદ્ભાસ્ય-ઉદ્ભાસક સંબંધ માને છે. વળી તેઓ પ્રતિભા અને વ્યુત્પત્તિને શક્તિનું કર્મ માની શક્તિ અને પ્રતિભા-વ્યુત્પત્તિ વચ્ચે કર્તા-કર્મભાવસંબંધ માને છે. આમ રાજશેખર દ્વિસ્તરીય સંબંધની કલ્પના કરે છે. હેમચંદ્રે પ્રતિભાસંસ્કારવાદની સ્થાપના કરી છે.

(૬) રાજશેખર પ્રતિભાનું સ્વરૂપ શબ્દાદિના હૃદયની અંદર થતાં પ્રતિભાસ સુધી જ મર્યાદિત કરે છે, જ્યારે હેમચંદ્ર નવનવોલ્લેખરૂપે પ્રતિભાને પ્રમાણી કાવ્યવ્યાપારની કાવ્યકૃતિરૂપે થતી પરિણતિ સુધી, અમૂર્તતાથી મૂર્તતા સુધી, પ્રતિભાના કાર્યને વિસ્તારે છે. જગન્નાથે હેમચંદ્રને અનુસરી - सा च काव्यघटनानुकूलशब्दार्थोपस्थितिः । (ર.ગં.પ્ર.આ.પૃ.૯) એમ પ્રતિભાની વ્યાખ્યા આપે છે.

(૭) હેમચંદ્ર પ્રતિભાના સંસ્કરણને કાવ્યકૃતિમાં બે રીતે ફલિત થતું માને છે :

(૧) વ્યુત્પત્તિથી સંસ્કૃતા પ્રતિભા કાવ્યમાં વર્ણથી માંડી રસધ્વનિ સુધીનાં બધાં જ અનૌચિત્યોનો પરિહાર કરે છે. (૨) અભ્યાસથી સંસ્કૃત થયેલી પ્રતિભા કાવ્યામૃત-રસધ્વનિની નિષ્પત્તિ કરી કાવ્યસૌંદર્યમાં અતિશયતાનો ન્યાસ કરે છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્રની સમગ્ર પરંપરામાં વ્યુત્પત્તિ અને અભ્યાસથી સંસ્કૃત થયેલ પ્રતિભાનાં બે સ્વરૂપો અને તેમના વ્યાપાર-ફલશ્રુતિનું આવું વિશ્લેષણ થયું નથી. હેમચંદ્રનું આ અનન્ય મૌલિક પ્રદાન છે.

(૮) હેમચંદ્ર વ્યુત્પતિનું સ્વરૂપ રાજશેખરના ઉદ્ધરણ, અર્થઘટન, વિકીર્ણ અંશોના સંયોજન અને પરિપૂર્તિથી ઘડે છે. આથી એ વ્યાપક, પ્રમાણભૂત, વિશદ અને बालानामुपयोगी બની શક્યું છે.

(૯) હેમચંદ્ર વ્યુત્પત્તિ કેવળ મહાકવિઓના કાવ્યોમાંથી જ અર્જિત કરવા પર ભાર મૂકે છે. લોકવ્યવહાર અને વિવિધ શાસ્ત્રોના પરિશ્રમપૂર્વકના અધ્યયનથી થતી વ્યુત્પત્તિનુ હેમચંદ્ર ઝાઝું મૂલ્ય આંકતા નથી. મહાકવિઓની સર્જક ચેતનામાં રસરૂપે રૂપાંતરિત થયેલું લોકશાસ્ત્રજ્ઞાન જ પ્રતિભાને સંસ્કારવા સમર્થ બને છે. કાવ્યરૂપે રૂપાંતરિત ન થયેલું લોક-શાસ્ત્ર જ્ઞાન કાવ્યમાં ગંઠાઈ જઈને રસભંગનું કારણ બને છે. કાવ્યબંધમાં જ, કાવ્યરસરૂપે રૂપાંતરિત થયેલું લોક-શાસ્ત્ર જ્ઞાન જ, કાવ્યના ભાવનવ્યાપાર

દ્વારા જ અને રસમુદ્રાને પામવાની પ્રક્રિયા જ વ્યુત્પત્તિ છે, એવું સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં પ્રથમવાર પ્રતિપાદિત કરી હેમચંદ્રે સ્પૃહણીય મૌલિક્તા પ્રકટ કરી છે.

(૧૦) હેમચંદ્ર કાવ્યશિક્ષાનો તંતુ લઈ અભ્યાસને પ્રપંચિત કરે છે. આવો અભિગમ લેનારા હેમચંદ્ર પ્રથમ આચાર્ય છે. કાવ્યશિક્ષાને પ્રથમવાર હેમચંદ્ર કવિસમય, શબ્દાર્થહરણ, સમસ્યાપૂરણ, વૃત્તાભ્યાસ, મહાકાવ્યાર્થચર્વણ અને પરકૃતકાવ્યપાઠ-એમ વિવિધ અંગોપાંગોમાં વિકસાવે છે. તેમણે રાજશેખરના કાવ્યશિક્ષાચિંતનને પરખી, વિભિન્ન અંશો વચ્ચે હેયોપાદેય વિવેક કરી, પ્રકીર્ણ અંશોને સંયોજિત કરી તથા ક્ષેમેન્દ્રના કાવ્યચિંતનથી એમાં પરિપૂર્તિ કરી પોતાની વિચારણા ઘડી છે.

આમ હેમચંદ્રે મૌલિકતા અને વામન-રાજશેખર-ક્ષેમેન્દ્રની પરંપરાનું સંયોજન કરી કાવ્યહેતુચિંતનનું વિધાન કર્યું છે.

**સંદર્ભસૂચિ:**


१. आनंदवर्धने : सं. रामसागर त्रिपाठी: ध्वन्यालोल (अभिनवगुप्तरचितलोचनसहित) मोतीलाल बनारसीदास, वाराणसी, १९६३ सं.सं.ध्व.

२. उद्भट : सं. शमर्मूर्ति त्रिपाठी: काव्यालङ्कारसारसंग्रह (लधुवृत्तिसहित) हिन्दि साहित्य संमेलन, प्रयाग-१९६६ सं.सं.का.सा.सं.

३. कुंतक : सं.डॉ.नगेन्द्र: वक्रोक्तिजीवित: आत्माराम एन्ड सन्स, दिल्ली-१९५५.

४. जगन्नाथ : सं. भट्ट मथुरानाथ शास्त्री: रसगंगाधर (नागेशभट्टकृतटीकयासहितौ), मोतीलाल बनासरदास, दिल्ली-१९८३ सं.सं.र.गं.

५. दण्डी : सं. धमेन्द्रकुमार गुप्तः काव्यादर्शः मेहरचंद लछूमनदास, दिल्ली-१९७३ सं.सं.का.द.

६. भरत : सं. रविशंकर नागरः नाट्यशास्त्र (अभिनवगुप्ताचार्यविरचितअभिनवभारतीसहित) परिमल पब्लिकेशन-दिल्ली-१९८२

७. भामह : सं. देवेन्द्रनाथ शर्मा: काव्यालङ्कार, बिहार राष्ट्रभाषा परिषद, पटना-१९६२, सं.सं.का.लं.

८ मम्मट : सं.डॉ.नगेन्द्र: काव्यप्रकाश, ज्ञानमण्डल लिमिटेड, वाराणसी-१९६० सं.सं.का.प्र.

९. रुद्रट : सं. रामदेव शुक्लः काव्यालङ्कार (नमिसाधुकृतटिप्पणसमेत), चौरवम्बा विद्याभवन, वाराणसी १९६० सं.सं.का.लं. (रु.)

१०. वामन : सं.बेचेन झाः काव्यालङ्कारसूत्राणि (कामधेनुटीकासहित), चौखम्बा संस्कृत सीरीज आफीस, वाराणसी-२ १९७१ सं.सं.का.सू.वृ.

११. विश्वनाथ : सं. शालिग्राम शास्त्री : साहित्यदर्पण, मोतीलाल बनारसीदास, वाराणसी-१९६५

१२. हेमचन्द्र : सं.आर.बी.परीख-आर.बी.आठवले: काव्यानुशासन, श्री महावीर जैन विद्यालय, मुंबई-१९३७ सं.सं.का.शा.

१३. क्षेमेन्द्र : सं. वामन केशव लेले: कविकण्ठाभरण, मोतीलाल बनारसीदास, दिल्ली-१९३७.

१४. राजशेखर : सं.केदारनाथ शर्मा : काव्यमीमांसा, बिहार राष्ट्रभाषा परिषद, पटना १९५४ सं.सं.का.मी.


□□□

# દ્વાદશાનુપ્રેક્ષા

**કોકિલા હેમચંદ શાહ**

"સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ આ સંસારને વિષે માત્ર વૈરાગ્ય જ અભય છે."

'ભીષણ નરકગતિમાં, તિર્યંચગતિમાં, કુદેવનરગતિમાં
પામ્યો તું તીવ્ર દુઃખ, ભાવ રે જિન ભાવના જીવ !'

જૈન તત્ત્વજ્ઞાનીઓએ અદ્ભુત વાત કરી છે. સંસારની સર્વ વસ્તુઓ ભયવાળી છે. માત્ર એક વૈરાગ્ય જ અભય છે. જૈનપરંપરામાં વૈરાગ્યબોધિની બાર અનુપ્રેક્ષાની પ્રતિષ્ઠા છે. 'અનુપ્રેક્ષા' એ જૈનસાહિત્યનો પારિભાષિક શબ્દ છે. 'અનુ' એટલે અનુસરો અને પ્રેક્ષા એટલે જુઓ, અર્થાત્ 'અનુપ્રેક્ષા એટલે જુઓ અને અનુસરો' - 'to reflect upon the facts of life'. અનુપ્રેક્ષાનો અર્થ ભાવના પણ થાય છે, અર્થાત્ શુભચિત્તવૃત્તિ. - વિશ્વ વિષેનું ચિંતન જે તેના વાસ્તવિક સ્વરૂપની ઝાંખી કરાવે અને જે દ્વારા કષાયમુક્તિ શક્ય બને. વૈરાગ્યને દૃઢ કરનારી બાર ભાવનાઓનું ચિંતન ઉત્તમગતિ અર્પે છે.

જૈનદર્શન અતિ સૂક્ષ્મ છે. તેમાં જ્ઞાનથી પ્રાપ્ત થયેલ સમ્યક્દૃષ્ટિ-વીતરાગતા- non-attachment - નું મહત્ત્વ છે. જૈન ધર્મ નિર્ગ્રંથધર્મ છે. જૈન ધર્મનું પ્રવર્તન કોઈ વ્યક્તિને નામે નથી. તે જિનનો ધર્મ છે. 'જિન' એટલે આંતર્શત્રુ - રાગદ્વેષ પર વિજય મેળવનાર. જિનના અનુયાયીઓ જૈન કહેવાય છે. જિન એ કોઈ વ્યક્તિવિશેષનું નામ નથી પણ પૂર્ણ દૃષ્ટા વીતરાગ જ્ઞાનીનું નામ છે. તેથી જ જૈનપરંપરામાં વીતરાગ વિજ્ઞાનને મંગલમય ગણી નમસ્કાર કરવામાં આવે છે. - 'મંગલમય મંગલકરણ વીતરાગ વિજ્ઞાન. નમો તાહિ જાતે ભએ અરિહંતાદિ મહાન." ચાર કર્મોનો ક્ષય કરી, સર્વજ્ઞતા પ્રાપ્ત કરનાર આત્મશક્તિસંપન્ન અરિહંતાદિ લોકોમાં ઉત્તમ કહેવાય છે.

સંસારમાં આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ અનંત ભરપૂર તાપ છે. તત્ત્વજ્ઞાનીઓ તેથી મુક્તિ માટે કહેતા આવ્યા છે. જૈનદર્શનમાં બધા પુરુષાર્થમાં સારભૂત મોક્ષતત્ત્વનું બુદ્ધિગમ્ય ચિંતન દ્વારા પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સૂત્રકૃતાંગમાં મોક્ષને બધાય ધર્મમાં શ્રેષ્ઠ કહ્યો છે : 'निव्वाणसेदा जह सव्वधम्मा' (સૂત્રકૃતાંગ-૨-૧-૬-૨૪). વીતરાગના વચનમાં અનુરક્ત થવું એ જ મુક્તિનું સાધન છે : 'વચનામૃત વીતરાગનાં પરમ શાંત રસ મૂળ' - (શ્રીમદરાજચંદ્ર). જૈનદર્શનનો વિશિષ્ટ

મોક્ષમાર્ગ આગમો અને અન્ય શાસ્ત્રોમાં દર્શાવ્યો છે. જ્ઞાની પુરુષોએ પણ આ જ માર્ગનું સ્પષ્ટીકરણ કર્યું છે. આ માટે જૈન તત્ત્વજ્ઞાનમાં વૈરાગ્યબોધિની બાર ભાવનાઓનું બહુ જ મહત્ત્વ છે, જે 'દ્વાદશાનુપ્રેક્ષા' નામે પ્રખ્યાત છે. જૈન દાર્શનિકોએ જીવન અને જગતને જોવાનો જે દૃષ્ટિકોણ બતાવ્યો છે, તે વિશિષ્ટ છે. જૈનદર્શનની ઈશ્વરના સ્વરૂપ વિષેની અને પરમાત્મપદ વિષેની પોતાની આગવી વિચારધારા છે. ઈશ્વર કોઈ જગત્કર્તા નથી. વિશ્વ અનાદિ અને અનંત છે. તે વ્યવસ્થિત રીતે નિયમને આધીન ચાલે છે. આત્મામાં અનંત શક્તિ છે, જે આત્મસાધના દ્વારા વિકસિત થઈ શકે અને આત્મા પરમાત્મા બની શકે. આત્મવિકાસ સાધવાનું પ્રશસ્ત સાધન એ અનુપ્રેક્ષાચિંતન છે. સર્વજીવ સુખને ઇચ્છે છે પણ સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ જાણવાની ઇચ્છા કોઈને થતી નથી. ધર્મનો રાહ - સાક્ષીભાવ - અલિપ્તભાવમાં રહેવું - એ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશથી અજ્ઞાન ટળે છે અને મોહના ત્યાગથી એકાંત નિર્બાધ સુખ પ્રાપ્ત થાય છે. વીતરાગ ઉપાસક પ્રવૃત્તિપરાયણ હોવા છતાં રાગદ્વેષ રહિત પ્રવૃત્તિ કરે છે, જે કર્મબંધ નથી કરતી. આચારાંગસૂત્રમાં કહ્યું છે તેમ અહીં જે આસ્રવનાં સ્થાનો છે તે નિર્જરાનાં સ્થાનો બની જાય છે. જીવો સુખની શોધમાં બધી સાંસારિક પ્રવૃત્તિઓ કરે છે પંરતુ તે સુખ ક્ષણભંગુર છે. ભગવાન મહાવીરે સાંસારિક જીવનનું રહસ્ય જાણીને જ કહ્યું : 'અહો દુખ્ખો હી સંસારો'. અઢળક લક્ષ્મી, વૈભવ, સ્વજન–પરિવાર, *તેમજ સંસારના પ્રત્યેક સુખ વડે બિરાજમાન હોવા છતાં વર્ધમાન સર્વસ્વનો ત્યાગ કરી યોગમાં* પરમાનંદ માની મહાવીર બન્યા. યોગ નિર્વાણસાધક છે. આચાર્ય હરિભદ્રસૂરિ અધ્યાત્મ, ભાવના, કષાયમુક્તિને યોગના પ્રકાર ગણે છે. ધર્મ એટલે આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે થતી ક્રિયા. જીવને આવી અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાએ લઈ જવામાં અનુપ્રેક્ષાચિંતન સહાયક બને છે. આ ચિંતન દ્વારા ક્રમે ક્રમે સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. કેટલાક આચાર્યો અનુપ્રેક્ષાને સ્વાધ્યાયનો એક પ્રકાર માને છે. અનુપ્રેક્ષા વિષે પ્રાચીન તેમ જ અર્વાચીન જૈન સાહિત્ય ઉપલબ્ધ છે. ભગવતીસૂત્રમાં અનુપ્રેક્ષાનો સ્વાધ્યાયના એક પ્રકાર તરીકે ઉલ્લેખ છે. કેટલાક ધર્મધ્યાનના એક અંગ તરીકે પણ અનુપ્રેક્ષા-ચિંતન ગણવામાં આવે છે, જે પ્રશસ્ત છે. તત્ત્વાર્થસૂત્રમાં અનુપ્રેક્ષાને સંવરનો એક પ્રકાર કહ્યો છે (તત્ત્વાર્થસૂત્ર-ઉમાસ્વાતિ-૯-૨). બાર ભાવનાનો ઉલ્લેખ મૂળ ગ્રંથોમાં હોવા ઉપરાંત કુંદકુંદાચાર્મ, સ્વામિકાર્તિકેય, શુભચંદ્ર, દેવચંદ્રની રચનાઓમાં જોવા મળે છે. શ્રીમદ્ રાજચંદ્રના 'ભાવનાબોધ' ગ્રંથમાં પણ વૈરાગ્યપ્રેરક બાર ભાવનાઓનું સરસ વર્ણન છે. મુનિ કાર્તિકેયપ્રણીત 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા' તત્કાલીન પ્રચલિત પ્રાકૃત ભાષામાં રચાયેલ ઉચ્ચ કોટિનો પ્રસિદ્ધ અનુપ્રેક્ષાગ્રંથ છે. બધી મળીને ચારસો એકાણું ગાથાપ્રમાણ એમાં છે. કદાચ અનુપ્રેક્ષા વિષયક આ સૌથી મોટી કૃતિ કહી શકાય. આચાર્ય કુંદકુદની બારસ્સઅણુવેક્ખા' નામની અધ્યાત્મરસસભર કૃતિ પ્રસિદ્ધ છે. ઉમાસ્વાતિ પ્રશમરતિપ્રકરણમાં તેનો ઉલ્લેખ કરતાં કહે છે - "भावना द्वादशाः विशुद्धाः" (પ્રશમરતિપ્રકરણ -૧૫૦) પ્રશમસુખ, પ્રત્યક્ષ મોક્ષસુખ અહીં જ છે, જે સાચા મુનિઓ ભોગવી રહ્યા છે. તે માટેનો માર્ગ આપણને-પોતાને જ આધીન છે. અનુપ્રેક્ષા ચિંતનની ફળશ્રુતિ છે સમતા. ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મ એટલે વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજવું. નિશ્ચયનયથી આત્મોપયોગ એ જ ધર્મ છે. જ્યારે વ્યવહારનયથી આત્મરક્ષણ-રૂપ લક્ષ રાખી શાંત ચિત્ત, સમતા તે જ ધર્મ છે.

આર્ત્ત અને રૌદ્ર ધ્યાન ત્યજી ધર્મધ્યાનમાં જે સ્થિર થવાનું છે તેનો સાર આ બાર ભાવનાઓમાં આવી જાય છે - આચાર્ય કુંદકુંદના શબ્દોમાં -

अद्रुवमअशरणमेगत्तमण्णसंसार लोगमसुचितं ।
आसव संवरण णिज्झराधमं बाहिं च चतेज्झो ॥ (કુંદકુંદાચાર્ય, બારસઅણુવેક્કખા-૨)

અર્થાત્

"અનિત્ય, અશરણ એકત્વ, અન્યત્વ, સંસાર, લોક, અશુચિ, આસ્રવ, સંવર. નિર્જરા, ધર્મ અને બોધિ દુર્લભ-આ ભાવનાઓનું ચિંતન કરવું જોઈએ."

તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે-

'अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुच्यास्त्रवसंवरनिर्जरा ।
लोकबोधिदुर्लभ धर्मस्वाख्या तत्त्वानुचिंतनमनुप्रेक्षा' ॥ (તત્ત્વાર્થસૂત્ર ૯-૭)

અર્થાત્

અનિત્ય, અશરણ સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિ દુર્લભ અને ધર્મસ્વાખ્યાતત્ત્વનું અનુચિંતન તે અનુપ્રેક્ષા.

સ્વામિ કાર્તિકેય કહે છે. "सुतत्रा चिंता अणुपेहा" (કાર્તિકેયાનુપ્રેક્ષા-૯૭)

આ બાર ભાવનાઓ સાથે બીજી ચાર ભાવનાઓ મનઃ શુદ્ધિ માટે ઉપયોગી છે : (૧) જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રી, (૨) પ્રમોદ - ગુણોના ગુણની અનુમોદના કરવી, (૩) કરુણા- જગતના દુઃખી જીવો પ્રત્યે કરુણા દર્શાવવી, (૪) માધ્યસ્થ - અપાત્ર પ્રત્યે સમભાવ રાખવો. કર્મવશાત્ પ્રાણીઓની સ્થિતિ આ પ્રમાણે છે એમ સમજી સમતા ધારણ કરવી. ટૂંકમાં અનુપ્રેક્ષા એટલે 'reflection on right princliples". જૈનાચાર્યોએ બાર ભાવનાઓને ઘણું જ મહત્ત્વ આપ્યું છે. અલબત્ત વૈરાગ્યબોધિની હોવા છતાં આ બાર ભાવનાઓ નકારાત્મક નથી. તેમાં જીવનનો સમગ્ર સ્વીકાર છે. તેથી આ ગહન ચિંતન નિરાશાજનક નહીં, પરંતુ આશા અને ઉત્સાહમૂલક છે, કારણ કે તે મુક્તિનું કારણ છે. સ્વામિ કાર્તિકેયે અનુપ્રેક્ષાને ભવ્ય જીવોને આનંદ ઉપજાવનારી કહી છે. જૈન તત્ત્વજ્ઞાનના હાર્દરૂપ 'બાર અનુપ્રેક્ષા' નીચે પ્રમાણે છે.

(૧) **અનિત્યભાવના**-બધું - જ ક્ષણિક છે. સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે. જે કંઈ પણ ઉત્પન્ન થયું છે તેનો નિયમથી નાશ થાય છે. પરિણામ સ્વરૂપથી આત્મા સિવાય કોઈ પણ વસ્તુ શાશ્વત નથી. શરીર, વૈભવ, સત્તા આદિ સર્વ અનિત્ય છે એમ ચિંતન કરવું તે અનિત્ય ભાવના. બધું જ ક્ષણભંગુર છે એમ સમજાઈ જાય તો દુન્યવી ભોગોનું નિરર્થકપણું સિદ્ધ થાય અને એમાં આસક્તિ ન રહે. અધ્યવસાય શુભ રાખવા આ ભાવના સહાયક બને છે. શ્રીમદ્રાજચંદ્રના શબ્દોમાં-

'વિદ્યુત્ લક્ષ્મી પ્રભુતા પતંગ આયુષ્ય તે તો જલના તરંગ
પુંરદરી ચાંપ અનંગ રંગ શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ !'

(૨) **અશરણભાવના** - અધ્રુવ અને અશાશ્વત આ સંસારમાં મરણ સમયે જીવને શરણ આપનાર કોઈ નથી. ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ કહ્યું છે - 'ધર્મ ઉત્તમ શરણ છે.' મૃત્યુની અનિવાર્યતા આગળ 'હું રાજા છું', 'ધનિક છું' એવો અહંકાર વ્યર્થ છે. બધી જ વસ્તુઓ - સંપત્તિ, વૈભવ, કુટુંબ જેના આધારે સહાયસુખ મળશે, તે બધાં વખત આવ્યે નિઃસહાય બને છે ત્યારે વાસ્તવિક્તા સમજાય છે. પોતાનો આત્મા જ પોતાને શરણ છે. એમ ચિંતન કરી ધર્મની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો. ઇન્દ્ર, ફણીન્દ્ર, નરેન્દ્ર પણ જીવનને શરણભૂત થઈ શકતા નથી - એ રીતે ચિંતન કરી શ્રેણિક રાજા સમકિત પામ્યા. જ્યારે તેમને અશરણતાનું સ્પષ્ટ દર્શન થયું.

(૩) **સંસારનુપ્રેક્ષા** - સંસારભાવના એટલે સંસાર સંબંધી ચિંતન. એક ગતિમાંથી બીજી ગતિમાં, એક શરીરમાંથી બીજા શરીરમાં, એક પ્રકારના સંયોગને છોડીને બીજા સંયોગમાં જવું તે સંસાર. યોગસાર (ગાથા-૪)માં કહ્યું છે - "જીવ, કાળ સંસાર આ કહ્યા અનાદિ અનંત, મિથ્યામતિ, મોહે દુઃખી, કદી ન સુખ લહત." ત્યારે - જીવ ચાર ગતિમાં ભમતો કેમ અટકે ? કારણે કે ભવસાગર તો અનંત છે. તેમાં મિથ્યાદષ્ટિથી મોહિત જીવ સુખ તો પામ્યો જ નથી. કેવળ ધર્મ જ સુખમય છે. નિશ્ચયનયથી સર્વે પ્રકારે અસાર એવા આ ભયાનક સંસારમાં કિંચિત્ પણ સુખ નથી એમ સમજી આત્મસ્વભાવનું ધ્યાન કરવું, જેથી સંસારપરિભ્રમણનો નાશ થાય.

(૪) **એકત્વ અનુપ્રેક્ષા** - જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે - એકલો જ સુખ દુઃખને ભોગવે છે. નરકમાં પણ એકલો જ જાય છે અને નિર્વાણ પણ એકલો જ પામે છે. રાજચંદ્ર કહે છે તેમ 'શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય. એ ભોગવે એકત્વ આત્મ પોતે, એકત્વ એથી નય સુજ્ઞ ગોતે". આમ એકત્વના સ્વરૂપને જાણી પરદ્રવ્યોને હેયરૂપ માની જ્ઞાનમય આત્માનું ધ્યાન ધરવું એ આ ભાવના જાણવાનું પ્રયોજન છે. આ સંસારમાં જીવ એકલો પરિભ્રમણ કરે છે. માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથને આશ્રય માને છે અને અન્ય વસ્તુઓ મારી મારી છે, એમ કહે છે. પણ કહ્યું છે કે - "તું નહીં કિસકા કોઈ નહીં તેરા, ક્યા કહે મેરા મેરા, તેરા હૈ સો તેરી પાસ, અવર સબ હી અનેરા" -

એકત્વમાં જ આત્માની સિદ્ધિ છે. આથી મિથ્યા મમત્વની ભાવના ટાળી પરભાવ છોડવાનો ઉપદેશ છે. આમ પોતાના આત્મા એકલો છે એમ ચિંતવવું તે અકેત્વ ભાવના.

(૫) **અન્યત્વ ભાવના** - અન્યત્વ ભાવના એટલે આત્મ અને અનાત્મ વસ્તુઓ ભિન્ન છે તેનું ચિંતન. દેહાદિરૂપ 'હુ' નથી એ જ્ઞાન મોક્ષનું બીજ છે. ધન, વૈભવ, સ્વજન ઇત્યાદિ અન્ય છે. અંતે તો દેહ પણ પોતાનો રહેવાનો નથી - તો અન્ય પદાર્થો ક્યાંથી પોતાના હોઈ શકે ? સૂત્રકૃતાંગમાં કહ્યું છે - 'જીવ અન્ય છે, શરીર અન્ય છે. પરને પોતાનું માનવું એ મિથ્યાત્વ ભાવ છે, એ જ સંસાર છે. એ જ અજ્ઞાન છે, ભ્રાંતિ છે. આ પ્રકારના બોધથી આસક્તિ ટળી જાય છે

અને આત્મસ્વરૂપનું ધ્યાન સુલભ બને છે. રાજરાજેશ્વર ભરત અન્યત્વના સ્વરૂપને સમજી કેવળજ્ઞાન પામ્યા.

"ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,

ના મારા ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાતના,

ના મારા ધનધામ યૌવનધરા, એ મોહ અજ્ઞાત્વના,

રે ! રે ! જીવ વિચાર એમ જ સદા અન્યત્વદા ભાવના." (રાજચંદ્ર-મોક્ષમાળા)

આ સમજાઈ જાય તો નિર્મોહી થઈ ભેદવિજ્ઞાનનો બોધ થાય. અન્યત્વનો બોધ દેનારી આ ભાવના વૃથા મમત્વ ભાવ જે દુઃખપ્રદ છે તે દૂર કરે છે.

(૬) **અશુચિ ભાવના** - આ દેહ અશુચિમય છે; તેથી કાયાનો મોહ મંગલદાયક નથી એમ ચિંતન કરવું તે અશુચિ ભાવના. મળમૂત્ર, રોગ અને વૃદ્ધતાને રહેવાના ધામના જેવી કાયા ગણીને તેનું મિથ્યામાન ત્યાગ કરીને તેને સફળ કરવાની છે; કારણ કે મોક્ષમાર્ગમાં આ માનવદેહથી જ પ્રવેશ થાય છે. તે તેની ઉત્તમતા હોવા છતાં તે અશુચિમય છે.

આ દેહ સઘળી કુત્સિત-નિંદનીય વસ્તુઓનો સમુદાય છે, દુર્ગંધમય છે, સદા મલિન છે. તેથી કાયાનો મોહ યથોચિત નથી એવું ચિંતન-મનન કરવું અને એમ વિચારવું કે આત્મા દેહથી ભિન્ન અનંત સુખનું ધામ છે, શુદ્ધ છે. જૈનસાહિત્યમાં આ ભાવના દૃઢ કરવા સનત ચક્રવર્તીનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. એને અશુચિમય કાયાનો પ્રપંચ જોઈ વૈરાગ્ય ઉત્પન્ન થયો

"ખાણ મૂત્રને મળની રોગ જરાનું નિવાસનું ધામ,
કાયા એવી ગણીને માન ત્યજીને કર સાર્થક આમ."

મોક્ષમાળા-(રાજચંદ્ર)

માનવ શરીરનો ઉપયોગ મોક્ષમાર્ગ માટે કરવાનો છે, તેના પર આસક્તિ કે મોહ રાખ્યા વિના. એ આ ભાવનાનો ઉદેશ છે.

(૭) **આસ્રવ ભાવના** - કર્મના આગમનના દ્વારને આસ્રવ કહે છે. મનવચન-કાયારૂપ યોગ જે મિથ્યાત્વ કષાયકર્મસહિત છે તે જ આસ્રવ છે. આ ભાવનાનું ચિંતન એટલે કર્મબંધનાં કારણો ઉપર વિચાર કરવો. આ ચિંતનદ્વારા તીવ્ર કષાય છોડવાનો ઉપદેશ છે. 'રાગદ્વેષ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ'- જે થકી સંસારપારભ્રમણ અને દુઃખદશા ઉપજે છે - રાગ, મોહ દુઃખદાયક છે. ભગવાન મહાવીરના મુખ્ય ગણધર ગૌતમસ્વામી ભગવાન પરના મોહને લીધે કેવળજ્ઞાન પામતા ન હતા. ગૌતમમુનિનો રાગ આપણને બહુ સૂક્ષ્મ બોધ આપે છે. રાગદ્વેષના ક્ષયથી સિદ્ધિ નિશ્ચિત છે - આસ્રવ દુઃખકાર છે તેથી બુદ્ધિમાનો તેના નિવારણ અર્થે પ્રયત્ન કરે છે. આમ રાગદ્વેષ આદિ કર્મબંધનાં કારણો જે છે, એ વિષેનું ચિંતન કરવું તે આસ્રવ ભાવના.

(૮) **સંવર ભાવના** - આસ્રવનાં દ્વાર બંધ કરવાં, તે સંવર. મિથ્યાત્વ આદિ પાંચ બંધનાં કારણોને રોકવાં તે જ સંવર છે અને તે સંબંધી ચિંતન કરવું તે સંવરભાવના. વૃત્તિઓને સંયમિત રાખવી એ જ સંવર. અર્થાત્ વીતરાગતા એ જ સંવર છે. પરિષહજય, ગુપ્તિ, સમિતિ વગેરે સંવરનાં કારણો છે, જે જાણી તે પ્રમાણે આચરણ કરવું-એ આનું પ્રયોજન છે. શુદ્ધ ઉપયોગ એ જ સંવર પ્રગટ કરવાનો ઉપાય છે. સંવર ઉપાદેય છે. નવાં કર્મો કેમ ન બંધાય એ વિષેનું ચિંતન કરવું તે સંવરભાવના.

(૯) **નિર્જરા ભાવના** - પૂર્વકૃત કર્મોને ખપાવવાં તે નિર્જરા. કર્મની નિર્જરાના ઉપાયોનું ચિંતન એટલે નિર્જરા ભાવના. જૈનશાસ્ત્રકારોએ નિર્જરા માટે તપનું આચરણ કરવા કહ્યું છે. અને તપ નિર્જરાનું કારણ છે, પણ જ્ઞાનસાહિતનું તપ-બાહ્ય-અભ્યંતર-તપ સુખદુ:ખ સમભાવે સહન કરવાથી નિર્જરા થાય છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે - 'ઇચ્છા નિરોધઃ તપઃ' તથા 'તપસા નિર્જરા ચ'. સવિપાક નિર્જરા સ્વકાળ પ્રાપ્ત છે જે કર્મ સ્થિતિ પૂરી થતાં ઉદય પામી ખરી જાય. તથા - બીજી નિર્જરા તપ વડે થાય છે તે અવિપાક નિર્જરા. તપ વડે કર્મો અપૂર્ણ સ્થિતિએ પણ પરિપક્વ થઈ ખરી જાય છે. જે નિર્જરાનાં કારણો જાણી એ પ્રમાણે આચરણ કરે છે તેનો જન્મ સફળ છે અને છેવટે તેને ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે. દુઃખ કર્મબંધનથી છે અને કર્મોના પૂર્ણ અભાવથી જ પૂર્ણ સુખી થવાશે એમ ચિંતન કરવું તે નિર્જરાભાવના.

(૧૦) **લોકસ્વરૂપ ભાવના** - કહ્યું છે કે 'લોક સ્વરૂપ વિચાર કે આતમ રૂપ નિહાર'. લોક સ્વરૂપની વિચારણા નવી દૃષ્ટિ પ્રેરે છે; જીવાદિ છ દ્રવ્યોનો સમૂહ તે લોક. છ દ્રવ્યો નિત્ય છે તેથી લોક પણ નિત્ય છે. 'લોક' શબ્દનો અર્થ જોવું-દેખાવું એવો થાય છે - જ્યાં બધા દ્રવ્યો જોવામાં આવે છે તે લોક. વિશ્વનું અને દ્રવ્યોનું સ્વરૂપ જે સર્વજ્ઞોએ કહેલ છે તે જાણવું અને તેનું ચિંતન કરવું. દ્રવ્ય-ગુણ પર્યાયના તત્ત્વજ્ઞાનમાં સમગ્ર જૈન આગમોનો સાર આવી જાય છે. પ્રત્યેક દ્રવ્યનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે - એ જાણી 'હું કોણ છું ? - વિશ્વમાં મારુ અસ્તિત્વ ક્યાં છે ? હું શરીર નથી-પુદ્‌ગલથી ભિન્ન છું' - એવો બોધ આ ચિંતન દ્વારા પ્રાપ્ત થાય છે. લોકના પ્રકાર અને વિવિધગતિનું ચિંતન - જીવોમાં પર્યાયની અપેક્ષાએ મનુષ્યપર્યાય, નારકી પર્યાર્ય, તિર્યંચપર્યાર્ય, દેવપર્યાય ઇત્યાદિ ઉત્પાદ-વ્યય ચાલુ રહે છે. પર્યાયનો નાશ એ દ્રવ્યનો નાશ નથી, દ્રવ્ય તો કાયમ જ છે તેવો બોધ થતાં જ મૃત્યુનું દુઃખ, ભય આદિનો નાશ થાય છે તેમ જ ઈહલોક સંબંધી ભય, પરલોકસંબંધી ભય, અરક્ષાભય આદિ નાશ પામે છે. પ્રત્યેક દ્રવ્ય પોતાનું કાર્ય કરે છે પરંતુ અજ્ઞાનવશાત્ જીવ માને છે કે હું મારી ઇચ્છા મુજબ પરદ્રવ્યનું પરિણમન કરું છું. પરંતુ, પરદ્રવ્યનું પરિણમન તે દ્રવ્યના પોતાના કારણે જ થાય છે - આ જાણવાથી કર્તૃત્વભાવ દૂર થાય છે. જીવ જ્ઞાપક છે - જ્ઞાતા-દૃષ્ટા ભાવ કેળવાય છે. આ ભાવનાનું પ્રયોજન આ જ છે. સમગ્ર લોકનું સ્વરૂપ જાણી ચૈતન્યસ્વરૂપનું અવલોકન કરતાં સહજ આત્મસ્વરૂપમાં સ્થિત થવું-સ્વયંની અંદર ગહેરાઈમાં ઉતરીં 'સ્વ'નું અપરિમિત ઐશ્વર્ય માણવું.

(૧૧) **ધર્મસ્વાખ્યાત ભાવના-** ધર્મના સ્વરૂપનું ચિંતન કરવું તે ધર્મસ્વાખ્યાત ભાવના.

વીતરાગ ભગવંતોએ ધર્મનું સ્વરૂપ જીવોના હિતાર્થે કહ્યું છે. તેમણે અહિંસા, સંયમ, દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મ ઉપદેશ્યો છે. જે કોઈ પણ સુખ આ જગતમાં છે તે ધર્મનું ફળ છે તેમ સમજવું. શાસ્ત્રોમાં ચાર પ્રકારના ધર્મનું વર્ણન છે : (૧) વસ્તુસ્વભાવરૂપ : આત્મસ્વભાવમાં રમણતા એ જ ધર્મ, (૨) ઉત્તમક્ષમાદિરૂપ ધર્મ, (૩) રત્નત્રયરૂપ ધર્મ, (૪) દયારૂપ ધર્મ - 'ધર્મ ન બીજો દયા સમાન.'

ધર્મભાવનાનું ચિંતન સાધકના ચિત્તને નિર્મળ બનાવે છે. સર્વજ્ઞ ભગવંતોએ સર્વનું કલ્યાણ થાય એવો ધર્મ ઉપદેશ્યો છે. નિશ્ચય અને વ્યવહાર નયથી એવું ચિંતન કરી ધર્મનો મર્મ સમજવો એ જ આ ભાવનાનો ઉદેશ છે. શુદ્ધ ધર્મ સમજ્યા વિના ભવરોગ ટળતો નથી એમ કહ્યું છે.

(૧૨) **બોધિદુર્લભ ભાવના** - બોધિ એટલે જ્ઞાન. આ લોકમાં ભવભ્રમણમાં અટવાતા જીવોને સમ્યક્દર્શન દુર્લભ છે. સમ્યક્દર્શનમાં મહિમાનું ચિંતન એ બોધિદુર્લભ ભાવના ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે - જે આત્મા અધિક કર્મોથી લિપ્ત છે તેને માટે બોધિ દુર્લભ છે. તે માટે આવશ્યક્તા છે પુરુષાર્થની. તેથી જ ગણધર ભગવંતોએ ઠેર ઠેર સમક્તિની માગણી સૂત્રોમાં રજૂ કરી છે : 'આરુગ્ગ બોહિલાભં સમાહિવરમુત્તમંદિતુ'- સમક્તિનો મહિમા છે. જ્ઞાન વિનાની ધર્મક્રિયાઓ નિષ્ફળ છે. તેથી બોધિનું મહત્ત્વ છે. કહે છે કે મનુષ્યજન્મ, કર્મભૂમિ, આર્યદેશ, ઉચ્ચકુળ, નીરોગીપણું, સદ્‌ગુરુનો યોગ, શ્રદ્ધા અને શાસ્ત્રનું શ્રવણ કરવા છતાં પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ પરમ દુર્લભ છે. સમ્યક્દર્શન એટલે જિનેશ્વર ભગવંતે જણાવેલ તત્ત્વ પર શ્રદ્ધા : 'तत्त्वार्थश्रद्धानां सम्यक्दर्शनम्' (તત્ત્વાર્થસૂત્ર-૧-૨). સ્વામિ કાર્તિકેય આ ભાવનાનું સુંદર વર્ણન કરતાં કહે છે કે જીવ અનંત કાળ સુધી નિગોદમાં, પૃથ્વીકાય આદિ એકેન્દ્રિય યોનિમાં, બેઇંદ્રિય, ત્રેઇંદ્રિય, ચોઇંદ્રિય, પંચેન્દ્રિયમાં, નરકયોનિમાં, તિર્યંચ આદિમાં ભ્રમણ કરી અત્યંત દુર્લભ મનુષ્યભવ પ્રાપ્ત કરે છે. એમાં શુભ સાધનોની પ્રાપ્તિ થવા છતાં, પણ સમ્યક્ત્વ મળવું દુર્લભ છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ એમ જ કહ્યું છે - અને તેથી જ શાસ્ત્રકારો કહે છે 'બોધિ પ્રાપ્ત કરો'. મનુષ્ય અવતાર વીતી ગયા પછી બીજા અવતારમાં સંબોધિ નિશ્ચય જ દુર્લભ છે. વીતેલી રાતો પાછી આવતી નથી કે નથી મનુષ્ય અવતાર ફરીથી પ્રાપ્ત થતો. બોધિ પ્રાપ્ત કરી નથી તેણે કશું જ મેળવ્યું નથી. 'સંબોધિ' એ સ્વસંપત્તિ છે, જે મૃત્ય પછી પણ સાથે રહે છે. અને આ જીવનમાં મુક્તાનંદનો તે સ્પર્શ કરાવે છે. મિથ્યાદષ્ટિઓનો બધો પુરુષાર્થ અશુદ્ધ છે અને તેને કર્મબંધન જ થાય છે. તેથી બોધિનું મહત્ત્વ છે. ચારિત્રપ્રાપ્તિ જે દુર્લભ છે તે બોધિપ્રાપ્તિમાં સફળ છે, નહિતર નિષ્ફળ સમજવી. બોધિરત્ન ન પ્રાપ્ત કરનાર ચક્રવર્તી પણ રંક જેવો છે અને બોધિરત્ન પ્રાપ્ત કરનાર રંક પણ ચક્રવર્તીથી અધિક છે. 'જ્ઞાનનું ફળ વિરતિ છે.'

મોક્ષમાર્ગનું દિશાસૂચન કરનારી, ભવ્યજીવોને ઉપયોગી દ્વાદશ અનુપ્રેક્ષા ભવદુઃખશામક, જ્ઞાનવૈરાગ્યમય માનવામાં આવે છે. તેથી જ જૈનાચાર્યોએ વારંવાર અનુપ્રેક્ષાનું ચિંતન, મનન, પરિશીલન સંવેગ અર્થે કરવા કહ્યું છે. આ પંચમકાળમાં જ્યારે મોક્ષની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે ત્યારે જ્ઞાની પુરુષો આપણને સાદિ, અનંત, અવ્યાબાધ સુખનાં દ્વાર ખોલી આપે છે. વારંવાર આ

ચિંતન કરવાથી જ્ઞાનનો બોધ થાય, ચંચળ મન સ્થિર થાય, રાગદ્વેષરહિત બની શકાય. વૈરાગ્યજનની દ્વાદશઅનુપ્રેક્ષા મુમુક્ષુ માટે સાધનાપથમાં મદદરૂપ, આત્મોન્નતિમાં સહાયક છે. જૈનાચાર્યોએ કહ્યું છે કે આ દ્વાદશ અનુપ્રેક્ષા જિનાગમ અનુસાર છે. જે ભવ્ય જીવો તેનું ચિંતન કરશે તે ઉત્તમ સુખને પ્રાપ્ત કરશે. કુંદકુંદાચાર્યે પણ આ જ વાત કરી છે - "ભૂતકાળમાં જે મહાત્મા સિદ્ધ થયા છે અને ભવિષ્યમાં થશે તે આ ભાવનાના માહત્મ્યથી જ. તેથી જે શુદ્ધમનથી તેનું ચિંતન કરશે તે પરમ નિર્વાણ પ્રાપ્ત કરશે." વળી એમ પણ કહ્યું છે કે આ દ્વાદશ અનુપ્રેક્ષા જ પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના, સામાયિક સ્વરૂપ છે; તેથી નિરંતર તેનું ધ્યાન કરવું જોઈએ. જીવનને સાચા અર્થમાં સુખમય બનાવવું આ ચિંતનનું ધ્યેય છે. જૈન તત્ત્વજ્ઞાનીઓ કહે છે : 'હે ભવ્ય જીવ ! તું ભાવોની શુદ્ધિ માટે બાર ભાવનાઓનું યોગ્ય રીતે ચિંતન કરે કે જેની સિદ્ધાંતગ્રંથોમાં શ્રી જિનેશ્વરદેવોએ ઘણી પ્રશંસા કરી છે. આ ભાવનાઓનું ચિંતન કરતાં એ પ્રકારની વૈચારિક ભૂમિકા તૈયાર થતાં સાધકને સમભાવ-પ્રાપ્તિનો અપૂર્વ અવસર પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે.

"જયાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન
જે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ." (આત્મસિદ્ધિ, ૪૧)

મહાવીરે કર્મની જટિલ સમસ્યા સમજાવી, કર્મબંધનાં કારણો વગેરેનું વિશદ વર્ણન કર્યું, પણ જયારે કેવળજ્ઞાનની વાત કરી ત્યારે તેમણે મોહને જ ઘાત કરવાની વાતને મહત્ત્વ આપ્યું. ચૌદ ગુણસ્થાન-ક્રમારોહમાં પણ ઉત્તરોત્તર મોહને તોડવાની જ વાત છે. આ ભાવનાઓનું ચિંતન આસક્તિરહિત થવા માટે છે. જીવનક્રમ તો ચાલ્યા જ કરવાનો છે પરંતુ તે ક્રમમાં ક્ષણે ક્ષણે પ્રમાદરહિત થઈ જાગૃત રહીએ. આચારાંગસૂત્રમાં કહ્યું છે -

'પ્રમાદીને સર્વત્ર ભય છે, અપ્રમાદીને ક્યાંય પણ ભય નથી (૩-૪-૧૨૩)

આપણી અનિચ્છા છતાં જિંદગી પોતાની વાસ્તવિક્તાનું પ્રગટીકરણ કરે છે. આ સંદર્ભમાં રાજા અને સાધુની બોધકથા વિચારવા યોગ્ય છે. રાજાના આગ્રહથી સાધુ તેની પાસે ચાર વસ્તુ માગે છે-

(૧) એ જીવન કે જેમાં મૃત્ય ન હોય.

(૨) એ ખુશી કે જે સ્થાયી હોય

(૩) એ યુવાની જેમાં બુઢાપો ન હોય.

(૪) એ સુખ કે જેની સાથે દુઃખ ન હોય.

રાજા વિચારમાં પડી જાય છે અને તેના અહંકારનું વિસર્જન થાય છે. તે સમજી જાય છે કે આમાંથી કોઈ પણ વસ્તુ આપવા તે સમર્થ નથી. સત્તાનો મદ વ્યર્થ છે. વૈરાગ્ય એ જ મોટી સંપદા છે. અનુપ્રેક્ષા-ચિંતન દ્વારા સંસારની વાસ્તવિક્તા સમજાય છે. અનુપ્રેક્ષા-ચિંતન મનને શુભ અધ્યવસાયોમાં રોકી રાખવા માટે છે. જીવનને અર્થપૂર્ણ અને સમૃદ્ધ બનાવવા માટે છે, શુષ્ક

બનાવવા માટે નહીં. અંતમાં, એક નાની વાત. મહાભારતનો એક પ્રસંગ-યક્ષ પ્રશ્ન, વિચારવા યોગ્ય છે. યક્ષ ધર્મરાજા યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછે છે - "આ પૃથ્વી પર સૌથી મોટું આશ્ચર્ય કયું ?' યુધિષ્ઠિર તેનો ઉત્તર આપતાં કહે છે કે મનુષ્ય પોતાના નિકટતમ સ્વજનને સ્મશાનમાં લઈ જઈ અગ્નિદાહ આપે છે અને તેના શરીરને બે મુઠ્ઠી રાખમાં જુએ છે અને ફરી પાછો સમાજમાં આવી પૃથ્વી પરની એ જ વસ્તુઓ એ જ રીતે શરૂ કરે છે, એ જ મોટુ આશ્ચર્ય છે. વાસ્તવમાં મૃત્યુ નિશ્ચિત છે તો પણ મિથ્યાચાર માનવી ટાળતો નથી. જો આપણે જીવનને તેના વાસ્તવિક સ્વરૂપમાં નિહાળી શકીએ તો વસ્તુ પ્રત્યેની મિથ્યા પકડ છૂટી જાય. અધ્યાત્મસારમાં યશોવિજયજી કહે છે : 'મનુષ્યજન્મ પામીને જેણે યોગ ધારણ કર્યો નહીં, મમતા છોડી નહીં અને સમતા પ્રાપ્ત કરી નહીં, તત્ત્વ માટે જેને કોઈ જિજ્ઞાસા થઈ નહીં, તેનો જન્મ ખરેખર નિરર્થક છે.' તત્ત્વચિંતકો, સર્જકો, જ્ઞાની મહાત્માઓ જીવન વિષેનું ચિંતન આપણને આપી દે છે. દરેક સુખમાં અને દુઃખમાં યાદ રાખવા જેવા શબ્દો છે -'This too shall pass" — "આ પણ વીત જશે." સ્મરણપૂર્વક આ તથ્યને ખ્યાલમાં રાખવું જરૂરી છે. વસ્તુ છોડવાની નથી, તેના પ્રત્યેની આસક્તિ છોડવાની છે. એ માટે પોતે જ સાધના કરવાની છે. ક્ષણમાત્રનો પણ પ્રમાદ કર્યા વિના દુર્લભ મનુષ્યભવમાં સમ્યક્દર્શનરૂપી લક્ષ ચૂકી જઈશું તો તે વ્યર્થ જશે. આ સંબંધી ભગવાન મહાવીરે માર્મિક વાણીમાં કહ્યું છે - "રાતો નિરંતર વીતતી જાય છે. ગયેલી રાતો પાછી આવતી નથી. પંખીઓ તો સાંજે ય માળામાં પાછા આવી જાય છે, પણ ગયેલો કાળ ક્યારેય પાછો આવતો નથી." જે પોતાનો સમય સાર્થક કરે છે તે જ ધર્મ કરે છે. અંતમા,

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય ઉત્તમ જહાં વિચાર
જે ભાવે શુભ ભાવના તે ઉતરે ભવપાર " (રાજચંદ્ર-મોક્ષમાળા)

**સંદર્ભસૂચિ**


૧. દશવૈકાલિકસૂત્ર
૨. ભગવતીસૂત્ર
૩. ઉમાસ્વાતિ તત્ત્વાર્થસૂત્ર
૪. આચારાંગસૂત્ર
૫. ઉત્તરાધ્યયનસૂત્ર.
૭. હરિભદ્રસૂરિ-યોગબિંદુ.
૮. કુંદકુંદાચાર્ય-બારસ્સઅણુવેકખા.
૯. સ્વામિકેર્તિકાયાનુપ્રેક્ષા-મુનિ કાર્તિકેય.
૧૦. ઉમાસ્વાતિ પ્રશમરતિપ્રકરણ.
૧૧. રાજચંદ્ર-ભાવનાબોધ. (મોક્ષમાળા)
૧૨. યોગીન્દુદેવ-યોગસાર.
૧૩. રાજચંદ્ર-આત્મસિદ્ધિ.
૧૪. અધ્યાત્મસાર-યશોવિજયજી.

# આબુકલ્પ

**ડી.જી.વેદિયા**

પ્રાસ્તાવિક

વિભિન્ન પ્રદેશો, વનસ્પતિ, પશુ-પક્ષી વગેરે વિશે અનેક કલ્પ લખાયા છે. ઉ.ત. ઉલૂકકલ્પ, કાકકલ્પ, આસુરિકલ્પ વગેરે.

અથર્વવેદની માફક અન્ય વેદ કે તેના જેવા સાહિત્યના વિશેષ ઉપયોગોને અનુલક્ષી કલ્પ ગ્રંથો લખાયા છે. આ કલ્પોના. અનુસંધાનમાં પ્રક્રિયાના ગ્રંથો પણ લખાયા છે. આસુરિકલ્પ અને આસુરિ પ્રક્રિયા પણ સાથે મળે છે.

પ્રાચીનકાળથી માનવીઓ સુવર્ણનું મહત્ત્વ સમજ્યા છે. કનકધારા, શ્રીઉપાસના, સુવર્ણસિદ્ધિતંત્ર વગેરે ગ્રંથો યંત્ર-અને મંત્રવિજ્ઞાનમાં મળે છે.

સુવર્ણ માનવીને મેધાવી બનાવે છે. આથી જ જાતકર્મ સંસ્કારમાં સુવર્ણ, મધ અને ઘીનું ચાટણ ગળથૂથી રૂપે અપાતું હતું. ઉપનયન સંસ્કારમાં વેદના અધ્યયન પૂર્વે પણ આવી જ ક્રિયા ગુરુ કરતા હતા. આયુર્વેદમાં સુવર્ણપ્રાશન પ્રયોગ પણ મળે છે.

વેદકાળથી સુવર્ણસિદ્ધિના પ્રયોગો થતા રહ્યા છે. આ સંદર્ભે દાક્ષાયણ, પિપિલક, પારીક્ષિત, કાશ્યપીય વગેરે સુવર્ણના પ્રકારો મળે છે. શુક્લ યજુર્વેદના આયુષ્યમંત્રો (૩૫/૫૦-૫૨)માં સુવર્ણનો મહિમા બતાવાયો છે. દાક્ષાયણો એ શતાનિક રાજાને સુવર્ણકંકણ બાંધ્યું હતું. તે વિજયી બન્યો હતો. સુવર્ણપ્રાશનથી લોહીને દૂષિત કરનારા જંતુઓ (પિશાચ) કે માંસને દૂષિત કરનારા જંતુઓ (રાક્ષસ)નો ઉપદ્રવ નડતો નથી. માનવી દીર્ઘ આયુષ્ય ભોગવી શકે છે.

નાગાર્જુનની રસાયણ વિદ્યા દ્વારા શતવેધી કે સહસ્રવેધી રસાયણ પ્રાપ્ત થાય છે. આ રસાયણ તાંબુ, રૂપુ કે કલાઈ કે સીસાને પણ તેના પરમાણુઓમાં પરિવર્તન કરી રૂપું કે સોનું (હેમ) બનાવે છે. આવું જ રસાયણ માનવીને પણ જરાવલિત દોષથી મુક્ત કરી નવયુવાન બનાવે છે. આ સંદર્ભે વનસ્પતિના પ્રયોગો પણ મળે છે. પારીક્ષિત સોનું કે કાશ્યપીય સોનું આવા પ્રયોગોનું પરિણામ હતું.

આબુકલ્પમાં આબુની આજુબાજુના પ્રદેશો-ખાસ કરીને વસિષ્ઠ આશ્રમની આજુબાજુ મળતી માટી, વનસ્પતિ, વગેરેની પ્રક્રિયાથી સુવર્ણસિદ્ધિ કેવી રીતે થતી તે બતાવાયું છે. આબુકલ્પની અન્ય પ્રતો મળી શકી નથી.

આ હસ્તપ્રતની મૂળ પ્રત (આધારરૂપ) પ્રત હારીજ તાલુકાના મુજપુર ગામની પૌષધશાળાના ગોડજીના પુસ્તકભંડારમાં છે. તે ઉપરથી મુજપુરના જોષી વિઠ્ઠલ મોતીરામે સંવત ૧૮૦૬ની સાલમાંથી ઉતારેલી છે. આ પ્રત સં.૧૮૯૧ ચૈત્ર સુદ ૬ને સોમવાર મિતિ આ પ્રત ઉપર નોંધાયેલી છે.

મૂળ પ્રતમાં જે તે મુજબ જ આ પાઠ આપેલો છે, મૂળપ્રતના લહિયાના દોષ યથાતથ છે. સુવર્ણસિદ્ધિતંત્ર કે અન્ય વૈજ્ઞાનિક આધાર ધરાવતા ગ્રંથોના વધુ સંશોધન માટે સંયુક્ત વિદ્યાશાખા દ્વારા અધ્યયન અને પ્રયોગોને અવકાશ રહે છે.

સંસ્કૃત-પ્રાકૃત-પાલિ કે જૂની ગુજરાતી ભાષામાં લખાયેલા ગ્રંથોમાં તજજ્ઞો પાસેથી આવા ગ્રંથોને મેળવી તેના રહસ્યને ઉકેલવા રસયાણવિજ્ઞાન કે વનસ્પતિવિજ્ઞાનના વિદ્વાનોના સાથ સહકારની જરૂર રહેશે. અન્યથા આ વિદ્યાને કપોલકલ્પિત માનીના ઉપેક્ષા થવાની.

આબુકલ્પમાં નિર્દિષ્ટ વનસ્પતિયો અને રસાયણો આવા વૈજ્ઞાનિક પ્રયોગોના દ્વાર ખોલે તેમ છે.

## અથ આબુકલ્પ લિખતે

શ્રીગણેસાએ નમાં

આબુ ઉપર પસમ દીશાએ સનુંરકા નામે નદી છે ઉત્તર તરફ વહે છે. તાંહાં ઝાડ છે. ઉમરાના જેવાં ફૂલ છે. ભાગેથી થોરના સરીખું દૂધ નીકરે છે ને દૂધ સરવે ધાતુના પત્રે ચોપડી પચાવીએ તો હે. થાય-૧

આબુ ઉપર સરીકા નામે નદી છે. તેનો પ્રવાહ સીદુર સરીખો છે. તાહાં રાતાં ઝાડ છે પંચાંગ રાંતાં છે. પંચાંગ રસ કાઢવો. બીજોરાનો રસ-કુવેરનો રસ કાઢવા સરખા ભાગે કાઢવા ૧ થી ૨ કાલીને તેમાં રસ સીંચીએ તો રૂપુ થાય. તાંબાનાં પત્રાં ત્રણવાર ઠારે તો ૧૦ં હે. થાય.

આબુ ઉપર પસમ દીશાએ હસનલા ગામ છે ત્યાંથી ઉત્તર દીશા બોર સરીખાં ઝાડ છે. ભાગેથી દૂધ નવસરે છે. તે દૂધને, બીજું ભેસનું દૂધ ને ગાયનુ મુતર ૧ થી ૨ ગાલીને સીચીએ તો રૂ.

આબુ ઉપર વસીસટનુ આસરામ છે. તાં નજામા નામે ઝાડ છે. તેની છાલ આંગળ ૪ લીજે ગાયના દુધમાં નાખી ખીર કરી પીએ તો મોર છે આવો. ઘડી ૮ પછી સાવદન થાય. કાયા વજાર સરીખી થાય. મહાબણી સ થાય સહી.

ઉપરના ઝાડની સાલનું ચુરણ કરી સેધાણને આકડાના દુધમાં વાટવું. ત્રણવાર પલાડીને વાટવું. તાંબાના પત્રે ચોપડીને તપાવીએ તો હે ॥૬॥

આબુ ઉપર વસીસ્ટતું આસરામ છે. તેથી પુરવ દીસામાં જમંદગ નામે તીરથ છે. તીરથથી પસમ દીસાએ સતમંદ નામે તીરત છે. માથે સુરજનું દેહેરુ છે. ત્યાં સલહેલ ખાતર ખોદીએ. એક જાકાર માતર પાસણ નીસરે છે. તે વાટીએ ભેંસના દૂધમાં કશ્માવીએ. રૂપાના પત્રે ચોપડી તપાવીએ તો હે. ॥૭॥

એ તીરથથી વાયવા કોણે નારી નામે નદી છે. તેને કાંઠે શ્રી ગણેશજીનું દેરું છે. તેથી ૧૦ હાથ કોહીલા સરકો પાસણ છે. કોહીલા સરસું મરદીએ અગનીસું પચાવીએ ખાય તો દેવરૂપ થાય જરા ન આવે ॥૯॥

તાં નાવી નામે નદી છે તે નીરસી છે સાથળ સુધી ખોદીએ તો બીલીનાં આ ફૂલ જેવડાં પાસાણ નીસરે છે. અળસેરમાં કરવાવીએ ને પીડ કરીએ. ખેરના અંગારામાં ધમીએ તો ગા હે થાય. આઠ આના થાય છે ૧૦.

તે જ પાસાણ વાલીએ રસસુ થીજીએ. ધીમહ લઈ પીએ તો નીધા(નિધિ ?) ને દેખે. ૧૧

એ જ પાસાણ લખો છે તે પાસે રાખે તો શત્રુજીતે નહીં છે.[૧૨] આબુ ઉપર ત્રાંબાવતી નામે નદી છે. નીચે ગોળ વરણ ઝાડ છે. પાન રાતો છે. તેનો રસ સવ ધાતુ ને ચોપડીને ભઠી કરીને અગનીમાં ધમીએ તો હેમ-મ-૧૩.

આબુ ઉપર અમરીપ નામે લ્કાન (સ્થાન) છે. તેથી ઓતર દીસાએ ભવનેસરીનું તીરથ છે. તે પાસે પાખણ છે સખતધાતું અગની જોગે વધે છે. તહાં અમરકા નામે સતાન (સ્થાન ?) છે તાંહાં અમરેશ્વરીનું દેરું છે તાં કુંડ છે તેમાં પેસીને પીલી માટી લેવી એ માટી પાસે રાખીએ તો સવ લોક વસ થાય. એ માટીની ખેડ કરીને અગનીમાં ધમીએ તો-હે-મ ૧૪

આબુ ઉપર ઉસરી માતાનું દેરું છે. તે થકી પસમ દીશાએ ત્રણ કોસ નીચો વસીસ્ટ મુનીનો આસરામ છે. તે મધે આવલીનાં ત્રણ ઝાડ છે તેના પાસે એક ઝાડ છે તેનો રસ તૈયાર કરીને તાંબું ગાલીએ તાંબાથી બમણો રસ સેચીએ તો-હે-મ-૧૫

એક ટૂંકા ઈસાન કોણા સામો છે. તાં સરોવર છે તાં ઈસવરીનો પ્રસાદ છે તો પુરવ સનમુખ આકાશ લગી તે આગળ ત્રણ કંડ છે તે ઉપર નાગસલા છે. તાં એક હાથ ખોદીએ તો સરસવ જેવડા પાસાણ નીસરે છે તે લોઢા થકી વાટીએ મુખ મધે રાખીએ તો સરવલોક વસીકરણ થાય. તે જ સીખર વસ વાનર નામે તીરથ છે નાં માથા સુધી ખાડ ખોદે તો હેઠે પાકા ભોરંગડા જેવડા પાસણ નીસરે છે. તે અગનીમાં ધમીએ તો આસપાસ અડધ હેમ થાય. ૧૬

તે જ સખર પાવનમાખે (નામે :) તિરથ છે ઓરત (ઓત્તર-ઉત્તર) તરફ વહે છે. તેમાં મણસીલ સરીખા પાખાણ છે તે મટી (માટી ?) લેવી તાંબુ રૂ-૧) ગાલીને રૂ ૧ ભાર નાખે તો હેમ

થા. ૧૭

આબુ ઉપર કદંબક નામે તીરથ છે તથા વ નામે તીરથ છે એ હેઠે કંચન જેવી માટી છે. તે સસ્ર છે : તેને તાંબે ઘસીએ તો હે.-મ. ૧૮

તાં બે વીર છે ધનુસ એક ખાડ ખોદે તાં રસ કુથીકા છે. ઈસાન મંત્ર જંપીએ. વીઘન ટળે તેનો મંત્ર. ૐ નમો હેમજલા વારણી સોહાં રસ બાંધીએને લીજીએ ૫ તે રસ લોટાને તથા તાંબાને ચોપડીને અગનીમાં તપાવીએ તો હે.મ.૧૯. એ મંત્ર એક સો ને આઠ બાર જપીએ તો કડબીનું બડીતાં

આબુ ઉપર નાગેદર નામે તીરથ છે તેથી પુરવ દીશાએ મહેસ કાલીકા સ્વાંતી ઝાડ છે મેટા આકારે છે તે લઈ ચુરણ કરીએ ૬ થી ૨૫ ગાલીને ચુરણ નાખે તો રૂપું (૨૦)

આબુ ઉપર લખાવતી નદી છે તેથી પુરવ દીસા કંચન નામે ઝાડ છે. તાં પર વાળા સરખી માટી છે. તે રાતી છે તે માટી લઈને તાંથી દુઃખડા નામે નદી છે તેના પાણીથી તે માટીની મેડ કરીને અગનીમાં ધમીએ તો હે-મ-થા. (૨૧)

આબુ ઉપર બહુદમાંહ નામે એક તીરથ છે. તેથી પુરવ દીસા વઈકુઠી નામે ઝાડ છે. તેનું મૂળ સાલકાદવ સહીત હયક ને અગનીમાં ધમીએ હે.મ. (૨૨)

આબુ ઉપર નાગેદર નામે કંડ છે. તેથી પુરવ દીસા ૧૦ ધનુસ જઈએ તો મણસણ સરખો ઝાડ છે, તેનાં ફુલ ફલ મુલ તેનો રસ કાઢીને તાંબાને લેપ કરીએ તો હે-મ. (૨૩)

એ જગાએ બેઉભ્મસ નામે તીરથ છે. તેથી પસમ દીશાએ વેવર છે તેમાં પેસીને રાતી માટી લેવી. કુટી અગનીમાં ધમીએ તો હે-મ. (૨૪)

આબુ ઉપર પુરવ દીસા દુરવી આ નામે નદી છે. તાં ખોદીએ તો ખજુર સરીયા પાસાણ નીસરે છે તે લઈ અગનીમાં ધમીએ તો હે-મ (૨૫)

આબુ ઉપર વાસર પદમ નામે કંડ છે તેમાં પેસીને માટી લેવી મેથીના પચાંગ રસથી પેડ કરી અગનીમાં ધમીએ તાં હે-મ. (૨૬)

આબુ ઉપર પુરવ દીસાએ ગુફા છે. દેવીના દેરા પાસે એક ભરામણને દીન સાત સુધી જમાડીએ પછી સાત દીવસ ઉપવાસ કીજે. તે વારે દેરા થકી ઓતરમાં વેવર છે પણકટ થાય છે. વલવા કરા ફોફલ ફૂલનુંની વેદ કરી ઈસાન મંત્ર પેલો લખો છે તેથી પુજા કરવી. કડવી તુંબડીમાં રસ લીજે તે રસ લોઢે ચોપડીને અગનીમાં ધમીએ તો હે.મ. (૨૭)

આબુ ઉપર વસીષ્ટનું આસરામ છે. તેની પસમને આંતર વચે રસકુપીકા છે તાં જઈએ વલવા કરા લઈ નીવેદ લઈ ધુપ કરીને પુજા કરીએ. દો ગંધક પૂજા કીજે. મંત્ર જપીને પુજા કરીએ તેનો મંત્ર ૐ અંઃ અંગ છે એં એ અંગ છે. નમસ્તુતઃ ભરપૂર બઃ નાં ના નાંમા નળ ઠંઠંઠ સ્વાહા'

એ મંત્રથી પૂજા કરી નીવેદ ધરીને પુરવ દીસાએ નમસ્કાર કરીને પરસાદી લીજે પછે કડવી તુંબડીમાં રસ બીજે તે રસ લોઢે તાંબે ચોપડીએ તો હે-મ. (૨૮)

સરસવ ખાઆણ આગળ કંચર ઝાડ છે. તેનાં પાન લઈએ અલસેલ તેલ ચોપડીએ. અડાયા છાણાંની ૫ આવીએ તો માંસ થાય તે ખઈએ. તો બહુ મન આવે બધા તે દેખે. બુધીવંત થાય એની શ્રી આબુકલપ સંપુરણ થયો છે.

સંવત ૧૮૦૬ની સાલમાં ઉતારેલ તે ગોરજીના ચોપડાનો સંત ૧૯૮૧ (૯૧ ?)ના ચઈતર સુદ ૬ને સોમવાર વીઠલ મોતી.

□ □ □

# અભ્યાસ અને અનુસંધાન ક્ષેત્રે આગવું અર્પણ

**મુનિ ભુવનચંદ્ર**

'સંબોધિ'-૨૦૦૨ એલ.ડી.ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડોલોજી, અમદાવાદની શોધપત્રિકા છે. આ વર્ષનો અંક સળંગ ક્રમે તેનો પચીસમો અંક છે. ભારતીય શોધ-સંશોધનની ઉચ્ચસ્તરીય સામગ્રી આ અંકમાં અપાઈ છે. સંસ્કૃત, શિલ્પ, દર્શનશાસ્ત્ર, ઇતિહાસ, ભાષા, કાવ્ય ઇત્યાદિ વિષયો પર અભ્યાસપૂર્ણ અને અભ્યાસયોગ્ય લેખો દ્વારા 'સંબોધિ' ભારતીય વિદ્યાના ક્ષેત્રે આગવું અર્પણ કરી જાય છે. કુલ પંદર લેખોમાં ત્રણ ગુજરાતી અને બે હિંદી લેખો છે, બાકીના અંગ્રેજી છે. ગ્રંથમાં કેટલીક છાપભૂલો રહી ગઈ છે, અન્યથા સ્વચ્છ અને સૌમ્ય મુદ્રણથી અંક પઠનસૌકર્ય ધરાવે છે.

'રસસિદ્ધાંત પર દાર્શનિક પ્રભાવ' એ વિષય પર પી.આર.વોરાનો લેખ સંસ્કૃત નાટ્યસાહિત્યના રસો અંગે નવા જ દૃષ્ટિકોણથી વિચારણા રજૂ કરે છે. શ્રી તપસ્વી નાંદીનો લેખ સંસ્કૃત નાટ્યના એક પ્રકાર 'ઉપરૂપક' અંગે પ્રૌઢ શૈલીની છણાવટ કરે છે. પારુલ કે.માંકડે 'અલંકારકારિકા' અંતર્ગત અલંકારોનું તુલનાત્મક અધ્યયન તેમના લેખમાં આપ્યું છે. વિપર્યાસ અને અન્યથાખ્યાતિનું દાર્શનિક દૃષ્ટિએ તુલનાત્મક, સૂક્ષ્મગ્રાહી અને વૈદૂષ્યપૂર્ણ અધ્યયન કરતો ડો. યજ્ઞેશ્વર શાસ્ત્રીનો લેખ ખરે જ પ્રભાવક છે. માધ્યમિકોનું 'શૂન્ય' એ 'અસત્' નથી, શૂન્યવાદ એ ઉચ્છેદવાદ નથી, માધ્યમિકોના અસત્ખ્યાતિવાદનું ખંડન કરવામાં અન્ય દાર્શનિકોએ થાપ ખાધી છે - વગેરે નિષ્કર્ષો ધ્યાનાર્હ છે. પૌરાણિક વેનની કથાનો સંબંધ આકાશીય પિંડોના સર્જન-વિસર્જન સાથે હોવાની ધારણા પ્રો.ડી.જી.વેદિયાએ રજૂ કરી છે તે રસપ્રદ છે. બાબાનગર (કર્ણાટક)માંના શિલાલેખોની ચર્ચા કરતો ડો.હંપા નાગરાજૈયાહનો લેખ કર્ણાટકના જૈન રાજાઓ વિષે તથા તત્કાલીન જિન અભિષેકવિધિ વિષે ઘણી બધી ઐતિહાસિક વિગતો આપે છે.

'સ્વભાવવાદ' સંબંધિત ઉલ્લેખો અને શ્લોકો ઘણા બધા શાસ્ત્રોમાં ઉદ્ધૃત થયેલા જોવા મળે છે. શ્રી રામકૃષ્ણ ભટ્ટાચાર્યે આ વિષય પર સંશોધન હાથ ધર્યું છે, જેના વિષે એક લેખ આ અંકમાં છે. સ્વભાવવાદના પ્રવર્તક પુરુષનું નામ ક્યાંય મળતું નથી, વિવિધ દર્શનોના પ્રમુખ શાસ્ત્રકારો દ્વારા તેનું ખંડન જ મળે છે. એ દર્શાવે છે કે આ વાદ ઘણો પુરાણો છે. એ કદાચ એક માન્યતાના રૂપે લોકોમાં પ્રચલિત હશે. ઉપલબ્ધ શ્લોકોમાંથી તો તેનું આવું પ્રાથમિક સ્વરૂપ જ ફલિત થાય છે. વર્ષો અગાઉ શ્રી વી.એમ.કુલકર્ણીનો આ વિષય પરનો "Swabhavvada-Naturalism-A study' નામક એક લેખ મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણમહોત્સવ ગ્રંથમાં પ્રકાશતિ થયો હતો. આ શોધ શ્રી ભટ્ટાચાર્ય આગળ

ચલાવે છે તે જાણી આનંદ થાય છે.

શ્રી નારાયણ પ્રસાદનો 'સરસ્વતીકંઠાભરણ' વ્યાકરણ વિષયક અભ્યાસલેખ કદાચ આ અંકનો Magnum Opus-શ્રેષ્ઠ લેખ ગણી શકાય. માત્ર સંસ્કૃત વ્યાકરણોનો અભ્યાસ કરીને જ નહિ, પરંતુ આ વિષય પર ભારતીય અને વિદેશી વિદ્વાનો દ્વારા થયેલા કાર્યનો સઘન અભ્યાસ કર્યા પછી જ આવો લેખ લખી શકાય. લેખની પાદનોંધોમાં પાણિનિ અને સંસ્કૃત ભાષા વિશેના અનેક વિદેશી વિદ્વાન્ પંડિતોનાં નિરીક્ષણો/ઉદ્ગારો વાંચવા મળે છે. ડૉ.રજ્જનકુમારનો જૈન સંસ્કૃતિ વિષયક લેખ ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં તુલનાત્મક અને તટસ્થ રીતે જૈન પરંપરાની મૌલિકતાનું દર્શન કરાવે છે. લેખક નોંધે છે કે 'આર્હત' શબ્દ ઋગ્વેદમાં મળે છે, મોંએં-જો-ડેરો અને બીજી હરપ્પન કાળની વસાહતોમાંથી નીકળેલી કાયોત્સર્ગમુદ્રાવાળી આકૃતિઓ તીર્થંકરોની હોઈ શકે એમ લેખકનું મંતવ્ય છે. 'જૈન' શબ્દનો સર્વ પ્રથમ ઉપયોગ 'વિશેષાવશ્યકભાષ્ય' (રચનાકાળ વિ.સં.૮૪૫)માં મળે છે. ત્યાં પણ તેનો અર્થ 'જિનોનો (દર્શાવેલ) માર્ગ' એવો જ છે. ('જૈન લોકોનો ધર્મ' એવો નહિ.) મત્સ્યપુરાણ (૪.૧૩.૫૪) માં 'જિનધર્મ' શબ્દ મળે છે, તે પછીના 'દેવી ભાગવત' (૪.૧૩.૫૮)માં 'જૈનધર્મ' શબ્દ જોવા મળે છે. પ્રાચીન ગ્રંથોમાં શ્રમણધર્મ, નિર્ગ્રન્થ પ્રવચન, સ્યાદ્વાદમત જેવા શબ્દો જ જૈન પરંપરા માટે વપરાતા હતા.

શ્રી મુકુલરાજ મહેતાનો 'जैन दर्शन में निर्जरातत्त्व' શીર્ષકવાળો લેખ તપ અને નિર્જરાની જૈન-શાસ્ત્રમાન્ય જાણકારી અનેક શાસ્ત્રપાઠો સાથે આપી છે. શ્રી નંદન શાસ્ત્રીનો લેખ, સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમની કેટલીક વિશિષ્ટ પ્રતિમાઓનો રસપ્રદ પરિચય આપે છે. ડો. રસેશ જમીનદારના વિસ્તૃત લેખમાં પુરાતત્ત્વ-ઇતિહાસ-સંસ્કૃતિ-સમાજ જેવા વિશાળ ફલક પરથી ઇતિહાસની પ્રાચીન-અર્વાચીન ઘટનાઓ પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. એમાંની થોડી રસપ્રદ વાતો જર્મન પુરાતત્ત્વશાસ્ત્રીઓને ઈ.સ.પૂ.પાંચ હજાર વર્ષ જૂની માનવખોપરી મળી આવી છે, જેમાં કાણું પાડીને શસ્ત્રક્રિયા કરાઈ હોય એવું જણાય છે. જાપાનના બે શોધકોને જાપાનના એક મંદિરમાંથી ભારતની ઉડિયા ભાષામાં લખાયેલી મહાભારતની ચૌદમી સદીની પ્રત હાથ લાગી છે.

ડૉ. સુદર્શન કુમારનો લેખ સમીક્ષાપૂર્ણ અને પરિશ્રમનો દ્યોતક છે. 'ચામુન્ડી'નગરનો ઉલ્લેખ બાણના 'હર્ષચરિત'માં થયો છે. તેનું પ્રાચીન નામ 'ચંડમુંડી' હોઈ શકે એવું તારણ લેખકે આપ્યું છે. પટણા જિલ્લાનું 'ચંડિમાઉ' એ પ્રાચીન 'ચંડમુંડી' હોય એવી સંભાવના પણ લેખકે દર્શાવી છે.

સંસ્કૃત નાટકોના અધ્યયનથી 'અનુક્રોશ'નું સ્પષ્ટીકરણ પ્રા. વસંતકુમાર ભટ્ટના લેખમાં મળે છે. ('અનુક્રોશ'ને આજની ભાષામાં સહાનુભૂતિ કે અનુકંપા કહી શકાય) વિવિધ વાદ્યોના ધ્વનિઓના અનુકરણાત્મક શબ્દોથી ગૂંથાયેલી એક જૂની ભક્તિસંગીતની રચના શ્રી શીલચંદ્રસૂરિ દ્વારા રજૂ થઈ છે.

'સંબોધિ'-૨૦૦૨નો પ્રત્યેક લેખ તેના લેખકની શ્રમપૂર્ણ વિદ્યોપાસનાની નીપજ છે. 'સંબોધિ'નો આ અંક તેના સંપાદકોની વિદ્યાકીય ક્ષેત્રે પ્રતિષ્ઠા તથા નિષ્ઠાની છબી પણ અંકિત કરી જાય છે.

'सम्बोधि'-XXV(૨૦૦૨), પૃ.૨૨૮, મૂ.રૂ.૧૫૦, સંપાદકો: જે.બી.શાહ; કે.એમ.પટેલ, પ્રકાશક એલ.ડી. ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઇ ન્ડોલોજી, ગુજરાત યુનિ. પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

જૈન દેરાસર, નાની ખાખર, કચ્છ-૩૭૦૪૩૫.

# NATIONAL WORKSHOPS ON MANUSCRIPTOLOGY AND ANCIENT SCRIPTS

**K. M. PATEL**

L. D. Institute of Indology, Ahmedabad, a premier institution in the field of Ancient Indian knowledge and culture has been designated as one of the Manuscripts Resource and Restoration Centre by the National Mission for Manuscripts, Department of Culture, Ministry of Tourism, Govt. of India.

The Institute organized two workshops on Manuscriptology and Paleography including the teaching of ancient scripts such as Brahmi, Sharda and Prachin Nagri from 24-27 December, 2003 and 9-21 August, 2004 for participants from Manuscripts Resource Centres and Universities of the States of Gujarat, Rajasthan and Maharashtra.

The Workshops surely gave a fillip to the study to these disciplines.

**Workshop for surveys of MSS Collections, Listing, Conducting and Awarness Compaingns**

L. D. Institute of Indology arranged the workshop for surveys of MSS collections, listing and conducting awatness campaigns from 24$^{th}$ to 27$^{th}$ December 2003. The College teachers, M.Phil and Ph.D. students from different Universities of Gujarat participated in the Workshop. They were taught essentials of the changes taking place in the writing of manuscripts. The purpose was to take help of some of these teachers and students in the search of the manuscripts and cataloguing of the same and also teaching them old manuscripts. The workshop on the surveys of MSS collections, listing and conducting awarness campaigns was inaugurated by noted Rastrapati award winner Prof. Dr. Tapasvi Nandi on 24$^{th}$ December 2003 in L. D. Institute of Indology Hall. The services of 12 scholars was utilized as resource persons for the purpose. 53 Participants (teachers, Ph.D., M.Phil and Post graduate students) participated in the Workshop.

The valedictory session was addressed by 99 year old Padmashri Dr. K. K.

Shastri who is com osing 4 language dictionary at this age.

The workshop participants learnt a lot and were satisfied. Our purpose was to make aware of our cultural heritage contained in the manuscripts. The teachers and post graduate students in Culture, History, Philosophy, Sanskrit, Prakrit, Gujarati, Hindi and related disciplines were invited for the purpose. All of them at the end of workshop carried the message of awareness and achievement of something new. We want to educate most of the teachers and researchers of these disciplines in Gujarat to have the awarness about the Manuscripts, our old heritage.

## The Workshop on Manuscriptology & Paleography Sponsored by National Mission for Manuscripts, New Delhi, 9th August 2004 to 21st August 2004. L. D. Institute of Indology, Ahmedabad-380 009.

The Workshop on Manuscriptology and Paleography, sponsored by National Mission for Manuscript, New Delhi was organized by L.D.Institute of Indology at Ahmedabad from 9th to 21st August 2004.

A major portion of knowledge about the ancient Indian cultural heritage still lies unexplored in the pages of hundreds of thousands of handwritten manuscripts lying within the confines of a large number of public and private collections. It goes without saying that if this knowledge is to be gained, we have to revert to a systematic survey, cataloguing, reading, editing and publication of the material contained therein.

L.D.Institute of Indology, Ahmedabad a forty seven years old premier Institute in the field of ancient Indian knowledge and culture has been designated as one of the Manuscript Resource Centre (MRC) and Manuscript Conservation Centre (MCC) by National Mission for Manuscripts, Dept. of Culture, Ministry of Tourism, Govt. of India for surveys listing, documenting and cataloguing the manuscripts. The Institute itself has a rich collection of 75000 manuscripts. L.D.I.I. has started the work of searching the manuscripts, cataloguing the available and searched manuscripts and also preservation of manuscripts in last one year. L.D.I.I. has made reasonable progress in its efforts. As a part of the project this workshop on "Manuscriptology and Paleography" was organized.

The basic purpose for organizing the workshop was to create awareness about the role of manuscripts in our cultural heritage, to teach Devnagari, Brahmi and Sharda scripts to the participants, to provide information about manuscripts

and to make aware the teaching community and others about the importance of the manuscripts lying in known and unknown places and sources.

To create the awareness for collection, cataloguing and preservation of Manuscripts the press conferences were arranged before and during the National Workshop.The day to day programmes on workshop and its details were covered and published by the local dailies with vide coverage in Gujarat. The scholars' interviews about the need to preserve manuscripts were also published. The major Gujarati dailies like Gujarat Samachar, Divya Bhaskar, Jansatta, Sandesh, Sambhav etc. published the press conference deliberations in details in their editions which are circulated in Gujarat. English Dailies like the Times of India and Asian Age also took a note of the Press conferences. The dailies published the notes of our workshop. T.V. coverage of the activities of Manuscript Section and of the National Workshop on Manuscriptology and Paleography was done and it was telecast in the regional round up of Doordarshan several times. The coverage also contained the interviews of the following persons.

(1) Dr. Jitendra B. Shah - Director

(2) Prof. K. M. Patel, Hon. Professor and Advisor R & D

(3) Laxmanbhai Bhojak - Manuscript Expert

(4) Dr. Preeti Pancholi - Manuscript Expert

(5) Col. D. S. Baya, Research Officer

(6) Prof. Kanubhai Shah - Co-ordinator

This workshop, of two week's duration, was attended by some 45 participants from twenty four Manuscripts Resource Centres, universities and colleges from the state of Gujarat, Maharashtra and Rajasthan. The participants were imparted instruction in the disciplines such as -

- Survey & cataloguing of manuscripts
- Careful handling of old and fragile manuscripts.
- Reading of manuscripts written in such ancient scripts as Brahmi, Sharda and Old Nagari
- Editing of manuscripts.
- Restoration and Preservation of Mss, etc.
- Reading of rock-inscriptions.

The workshop was a great success.

The workshop was inaugurated by Shri A.U.Patel, Vice-chancellor of Gujarat University at 9.00 A.M. Shri Dhirubhai Shah, the chairperson of state finance committee and ex-speaker gujarat Legislature was the chief-guest. Shri Shrenikbhai Sheth the Hon. Secretary of L.D.I.I. and Dr. J.B.Shah, Director L.D.I.I. joined the lamp lighting caremony on the occasion of inauguration. Due to unavoidable circumstances some of our distingtnished guests could not join this function - Dr. L. M. Singhvi and Shri Jaykumar due to sudden important meeting and Dr. Sudha Gopalkrishnan due to her sister's sudden and serious illness.

In the beginning Dr. J.B.Shah, Director of L.D.I.I., explained in details the importance of the manuscripts for nation. All the guest dwelt upon in details, the need for strengthening the search of manuscripts, its reading and cataloguing.

The workshop functioned for six hours everyday with a lunch break at noon and also tea breaks. Each day resource persons engaged them for six periods each of one hour.

Dr. Ganjoo from Kashmir who is considered a well read scholar of Sharda script revealed that there are nearly 50000 sharda manuscript in India and abroad, but they are not properly maintained. He established a close connection between the cultural history of Kashmir and Sharda script. He prepared the premier of Sharda and taught it for eleven periods (Total 11 hours)

Prof. K. K. Thapliyal from Lucknow an expert in Brahmi script was requested to join us as resource person. He covered the available forms of Brahmi script with particular reference to the script of Ashokan inscriptions and revealed the connections with various other scripts. He also traced the history and development of Brahmi script. He engaged the participants for eleven periods (Total 11 hours)

Dr. J.B.Shah, Director, L.D.I.I., Dr. Vijay Pandya, Dept. of Sanskrit, Gujarat University, Dr. S.K.Andhare, Ex. Director of L.D.Museum and other experts engaged the participants on the subjects related to manuscripts and paleography.

Dr. Priti Pancholi of L.D.I.I. taught Nagri script and old Gujarati script and provided the participant with the required cyclostyled material showing the changes that has occurred in course of time in Nagri script. She also engaged participant for eleven hours (11 periods).

Dr. Vasant M. Bhatt, Head of Sanskrit Dept., Gujarat University and Dr. M. L. Vadekar, Offg. Director, Oriental Institute, Baroda engaged in critical methods of editing of manuscripts. Dr. Vadekar, pointed out that since the knowledge is

relevant even to-day we should research for the genuine text from MSS. He also showed several basic principles of editing to the participants.

Prof. M. K. Prajapati from Hemchandracharya North Gujarat University, Patan dealt with various aspects of cataloguing of manuscripts and dealt upon its importance.

Prof. K. M. Patel looked after the administration and arrangements of the workshop. Col. Baya took care of the workshop day to day academic engagements and Prof. Kanubhai A. Shah looked after the publicity and propenganda of the workshop and the importance of the manuscripts.

Valedictory function of the National Workshop on Manuscriptology and Paleography was held at 4.00 p.m. at the Institute - Auditorium. Wellknown scholar, critic and poet, former professor and Head of Dept. of Gujarati, Gujarat University and editor of renowned magazine Kumar, Dr. Dhirubhai Parikh chaired the function. Dr. T. N. Ganjoo, scholar of Sharda script was the guest of honour.

The Valedictory session was addressed by Dr. Sudha Gopalkrishnan, well-known signature on the sands of manuscriptology. She has been the Director of National Mission for Manuscripts eversince its inception in Feb.2003 and has successfully seen the organisation through its feething troubles. The Dept. continues to flourish under her able guidance. She explained to the participant the objectives of Mission Manuscript and need to strengthen the base of collection and cataloguing of the Manuscripts in Gujarat and country as a whole.

□ □ □

## Trade terms for L. D. Series Publications :

| | | |
|---|---|---|
| (1) | Gross purchase exceeding Rs. 5000/- or on purchase of 20 copies of any title or 25 copies of assorted title at a time. | 30% |
| (2) | Book-Sellers and the Institutions on any purchase | 30% |
| (3) | Gross purchase exceeding Rs. 10,000/- or on the purchase of one copy of all available titles. | 40% |
| (4) | Packing and forwarding free by rail for order at a time exceeding Rs. 10,000/- | |
| (5) | Research Journal–"Sambodhi" | |

(a) Price (Excluding Postage) per vol. Rs. 150/-
(b) Price (Excluding Postage) per back vol. up to XXI Rs. 100/-

On Purchase of 5 copies or more of the same volume 20%
On Purchase of 10 copies or more of the same volume 25%

Our gerneral practice is to send the proforma invoice on inquiry for our publications and dispatch the books on receiving the payment by D. D. in favour of the Institution.

## • Distributors •

1 **Ahmedabad**
**Saraswati Putstak Bhandar,**
Hathi Khana, Ratan Pole,
Ahmedabad - 380 001.
Phone : 25356692

2. **Delhi**
**Motilal Banarasi Dass**
41/U-S, Banglow Road,
Jawahar Nagar,
Delhi-110 007,
Phone : (011) 23858335
23854826

3. **Chennai**
**Motilal Banarasi Dass**
120, Royapetth High Road,
Mylapore, Chennai-600 004.
Phone : (044) 24982315

4. **Mumbai**
**Hindi Granth Karyalay**
Hira Baug, C. P. Tank,
Mumbai-400 004.
Phone : (022) 23516583
23513526

5. **Varanasi**
**Motilal Banarasi Dass**
Chowk, Varanasi-221 001
Phone : 352331
Phone : (0542) 2412131
3095108

## L. D. Series : Latest Publications

| | | |
|---|---|---|
| 126 | **Acārya Ramcandra and Gunacandra's Dravyālaṅkār** with auto commentary, Ed. Muni Shri Jambuvijayaji P.P. 29 + 251 (2001) | 290 |
| 127 | **Pracina Madhyakāiina Sāhitya Sangraha (Mohanlal Dalichanda Desai-Laghukruti)** Ed. Prof. Jayanta Kothari P.P. 14 + 746 (2001) | 650 |
| 128 | **Śāstravārtā Samuccaya of Acārya Haribhadra Suri with Hindi translation** Notes & Introduction by Dr. K.K.Dixit P.P. 272 (2001) | 185 |
| 129 | **Temple of Mahāvira Osiyāji -** Monograph by Dr. R.J.Vasavada P.P. 30 + Plates 61 (2001) | 360 |
| 130 | **Bhagwaticurni** Ed. Pt. Rupendra kumar Pagariya P.P. 120 (2002) | 135 |
| 131 | **Abhidhā** Dr. Tapasvi Nandi P.P. 84 (2002) | 120 |
| 132 | **A Lover of Light amoung Luminaries : Dilip Kumar Roy** Dr. Amrita Paresh Patel P.P. 256 (2002) | 220 |
| 133 | **Sudansaṇā-cariyaṁ** Dr. Saloni Joshi P.P. 8 + 110 (2002) | 180 |
| 134 | **Śivāditya's Saptapadārthī with a commentary by** Jinavardhana Sūri Ed. Dr. J. S. Jetly P.P. 24 + 96 (2003) | 110 |
| 135 | **Pāṇiniya Vyākaraṇa - Tantra, Artha aura Sambhāṣana Sandarbha** Dr. V. M. Bhatt P.P. 88 (2003) | 65 |
| 136 | **Kurmaśatakadvayam,** Translation with select Glossary - Dr. V. M. Kulkarni Introduction by Dr. Devangana Desai P.P. 85 (2003) | |
| 137 | **Catalogue of Sanskrit and Prakrit Manuscripts Vol. V** | 900 |
| 138 | **Catalogue of Sanskrit and Prakrit Manuscripts Vol. VI** | 700 |
| 139 | **Mahavira's Words** Translation from the German with much added material by W.Boll'ee and J. Soni | 600 |
| 140 | **Vyākarṇa Mahābhāṣya Of Bāgavad Patanjali** Gujarāti Translation with Critical Notes by Dr. P.R.Vora P.P. 6 + 58 + 652 (2004) | 600 |

### Our Fourthcoming Publications

Sambodhi Vo. XXVIII

Haribhadra Sūri's Yogaśaṭaka

Sahṛdayaloka Vol. 1.2.3 by Dr. T. S. Nandi